અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૬ જુલાઈ ૨૦૨૫, શનિવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, શ્રાવણ સુદ ૨ | અંક : ૨૭ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ન્યૂઝ બ્રિફ

### સુપ્રીમ કોર્ટે 'ઉદયપુર ફાઇલ્સ'ની રિલીઝ પર રોક લગાવવાનો ઇનકાર કર્યો

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ |

રાજસ્થાનના ઉદયપુરના કન્હૈયાલાલ સાહુની હત્યા પર આધારિત ફિલ્મ 'ઉદયપુર ફાઈલ્સ' થોડાક સમય પહેલા વિવાદમાં આવી હતી. સુપ્રીમ કોર્ટે શુક્રવારે મોટો નિર્ણય લીધો અને કહ્યું કે તેના તરફથી ઉદયપુર ફાઈલ્સની રિલીઝ પર કોઈ પ્રતિબંધ નથી. સુપ્રીમ કોર્ટે કહ્યું, આ કોર્ટે યોગ્યતાઓ પર કોઈ ટિપ્પણી કરી નથી. યોગ્ય આદેશ પસાર કરવો તે દિલ્હી હાઈકોર્ટ પર નિર્ભર છે. ઉદયપુર ફાઈલ્સ ફિલ્મનો વિરોધ એ દાવો કરીને કરવામાં આવી રહ્યો છે કે તે રાજસ્થાનના દરજી કન્હૈયાલાલની હત્યા પર આધારિત છે. સુપ્રીમ કોર્ટે આ કેસ દિલ્હી હાઈકોર્ટમાં મોકલી દીધો છે અને અરજદારોને હાઈકોર્ટમાં પોતાની દલીલો રજૂ કરવા કહ્યું છે. હાઈકોર્ટને સોમવારે જ આ કેસની સુનાવણી કરવાનું કહેવામાં આવ્યું છે. ફિલ્મ નિર્માતાએ સુપ્રીમ કોર્ટમાંથી પોતાની અરજી પાછી ખેંચી લીધી છે.

### થાઈલેન્ડ અને કંબોડિયા વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિ

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ |

થાઈલેન્ડ અને કંબોડિયા વચ્ચે ઘણાં વર્ષોથી બોર્ડરને લઈને વિવાદ તો ચાલી રહ્યો જ રહ્યો હતો, એવામાં હવે ૨૪ જુલાઈ-થી બંને દેશો વચ્ચે ભારેલા અગ્નિ જેવો તણાવ અને હિંસા ચાલી રહી છે. આ તમામ ઘટના ક્રમ વચ્ચે ભારતીય દૂતાવાસે બંને દેશોમાં રહેલા ભારતીય અને ત્યાં પ્રવાસ કરવાનું આયોજન બનાવી રહેલા લોકો માટે એલર્ટ જાહેર કર્યું છે. દૂતાવાસે શુક્રવારે (૨૫ જુલાઈ) એ એક એડવાઈ જાહેર કરીને નાગરિકોને કેટલાક હિંસાગ્રસ્ત વિસ્તારોની યાત્રા ન કરવા અને સત્તાવાર સ્ત્રોતો પાસેથી સતત માહિતી મેળવવાની સલાહ આપી છે. ભારતીય દૂતાવાસે કહ્યું છે કે, 'ભારતના નાગરિકોએ થાઈલેન્ડના સાત પ્રદેશો ઉબોન રાચથાની, સુરિન, સિસાકેત, બુરીરામ, સા કૈઓ, ચાન્તાબુરી અને ત્રાટમાં પ્રવાસ કરવાનો ટાળવો જોઈએ. થાઈલેન્ડ-કંબોડિયા સરહદ પરની સ્થિતિને ધ્યાને રાખીને તમામ ભારતીયોને સલાહ આપવામાં આવે છે કે, તેઓ પ્રવાસ કરતા પહેલા થાઈલેન્ડની TAT જેવા સત્તાવાર સ્ત્રોત પાસેથી માહિતી મેળવે.' થાઈલેન્ડની ટુરિઝમ ઓથોરિટી તે પ્રતિબંધિત વિસ્તારોની યાદી શેર કરી છે, જ્યાં હાલ પ્રવાસ કરવો સુરક્ષિત નથી.

# ઈન્ડિયા આઉટનો નારો લગાવનારા માલદિવ્સમાં મોદીનું ભવ્ય સ્વાગત

## માલદીવના પ્રમુખ મોહમ્મદ મુઈજ્જુ ઉપરાંત વિદેશ મંત્રી, સંરક્ષણ મંત્રી, નાણાં મંત્રી એરપોર્ટ પર ઉપસ્થિત રહ્યા

| (એજન્સી) માલે, તા.૨૫ |

વડાપ્રધાન નરેન્દ્ર મોદી માલદીવની મુલાકાત પર છે. શુક્રવારે માલદીવની રાજધાની માલેમાં વડાપ્રધાન મોદીનું ભવ્ય સ્વાગત થયુ હતું. તેમના સ્વાગત માટે માલદીવના પ્રમુખ મોહમ્મદ મુઈજ્જુ ઉપરાંત વિદેશ મંત્રી, સંરક્ષણ મંત્રી, નાણાં મંત્રી અને ગૃહ મંત્રી એરપોર્ટ પર ઉપસ્થિત રહ્યા હતાં. એક વર્ષ પહેલાં જે મુઈજ્જુ સરકારના મંત્રીઓ વડાપ્રધાન મોદી અને ભારત વિરૂદ્ધ ઝેર ઓંકી રહ્યા હતાં. ૧૯-૨૦ મહિના પહેલાં ઈન્ડિયા આઉટનો સુત્રોચ્ચાર કરી રહેલાં માલદીવ્સની મુઈજ્જુ સરકારની આ આદર-સત્કાર જોઈને સૌ કોઈ આશ્ચર્યચકિત બન્યા છે. સૌને સવાલ થઈ



રહ્યો છે કે, મુઈજ્જુ સરકારની ભારત પ્રત્યેની વિદેશ નીતિ કેવી રીતે ૩૬૦ ડિગ્રી બદલાઈ ગઈ. ચીનના દબાણમાં મુઈજ્જુ સરકારે ભારત વિરૂદ્ધ મોરચો છેડ્યો હતો. પરંતુ ખૂબ ઓછા સમયમાં તેને પોતાની ભૂલનો અનુભવ થઈ ગયો હોવાનું લાગી રહ્યું છે. સાડા પાંચ લાખ લોકોની વસ્તી ધરાવતા માલદીવ્સની અર્થવ્યવસ્થા પ્રવાસન પર નિર્ભર છે. કોરોના મહામારીથી દેશની અર્થવ્યવસ્થા કથળી હતી. ૨૦૨૪માં માલદીવ્સની ફોરેક્સ રિઝર્વમાં મોટો ઘટાડો નોંધાતા ભારતે મદદ કરી હતી. ભારતે તેને ૭૫ કરોડ ડોલરની કરન્સી સ્વેપની સુવિધા આપી હતી. તેમજ ૧૦ કરોડ ડોલર ટ્રેઝરી બિલ ચૂકવવા પણ સહાયતા કરી હતી. ૨૦૨૪માં માલદીવ્સના અડ્ડુ શહેરમાં ભારતે એક લિંક બ્રિજ પ્રોજેક્ટ પણ શરૂ કર્યો હતો. જ્યાં ૨.૯ કરોડ ડોલરના ખર્ચે એરપોર્ટ વિકસિત કરવામાં આવી રહ્યું છે. ભારત માલદીવ્સના અર્થતંત્રને ઉગારવા નાણાકીય અને આર્થિક સહાય કરી રહ્યું હતું. પરંતુ મોઈજ્જુની સરકાર બનતાં તેણે ચીનની તરફેણમાં નિર્ણયો લેવાનું શરૂ કર્યું. ભારત વિરોધી કાર્યવાહી હાથ ધરી ઈન્ડિયા આઉટનો નારો આપ્યો. જેથી ભારતના માલદીવ્સ સાથે સંબંધો બગડ્યા હતાં. તે સમયે ૨૦૨૪માં વડાપ્રધાન મોદીના લક્ષદ્વીપ પ્રવાસે માલદીવ્સને પોતાની ભૂલનો અહેસાસ કરાવ્યો હતો.

### CDS જનરલ અનિલ ચૌહાણનું સૂચક નિવેદન

## ઓપરેશન સિંદૂર હજુ પણ યથાવત્ છે, સેના ૨૪ કલાક તૈયારીમાં રહે

### યુદ્ધની બદલાતી રીતોના કારણે સૈનિકોએ હવે વોરિયરની જેમ સૂચના, ટેકનોલોજીની અને યુદ્ધના કૌશલથી સજ્જ થવું જોઈએ : CDS અનિલ ચૌહાણ

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ |

ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ (ઝઢજી) જનરલ અનિલ ચૌહાણે દિલ્હીમાં સંરક્ષણ સેમિનારમાં ઑપરેશન સિંદૂર મામલે મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, ઓપરેશન સિંદૂર હજુ યથાવત્ છે, સેના ૨૪ કલાક તૈયાર રહે. આપણી તૈયારીનું સ્તર ખૂબ જ ઊંચુ રહેવું જોઈએ અને આપણે ૨૪ કલાક અને ૩૬૫ દિવસ તૈયાર હોવા જોઈએ. યુદ્ધની બદલાતી રીતોના કારણે સૈનિકોએ વૉરિયરની જેમ સૂચના, ટેકનોલોજીની અને યુદ્ધના કૌશલથી સજ્જ થવું જોઈએ. સેના માટે શસ્ત્ર અને શાસ્ત્ર (જ્ઞાન) બંને શીખવાની જરૂર છે. સીડીએસએ અત્યાધુનિક યુદ્ધની બદલાતી રણનીતિ પર અંગે પણ મહત્ત્વની



વાતો કહી છે. તેમણે કહ્યું કે, આજે જે લડાઈ થઈ રહી છે, તે માત્ર સરહદ પર પૂરી થતી નથી અને બંદૂક-ટેંક સુધી પણ સીમિત રહી નથી, પરંતુ તે હવે પારદર્શી, તીવ્ર અને ટેકનોલોજીની દ્રષ્ટિએ ખૂબ જ જટિલ થઈ ગઈ છે, જે ત્રીજી સૈન્ય ક્રાંતિ સમાન છે. આજના યોદ્ધાઓએ વ્યૂહાત્મક, કાર્યકારી અને રણનીતિક ત્રણેય સ્તરે સજ્જ થવાની જરૂર છે. એટલું જ નહીં તેઓએ જમીન, પાણી, હવાની સાથે સાથે સાયબર અને કૉગ્નિટિવ વૉરફેર જેવા નવા યુદ્ધમાં લડવા માટે સક્ષમ બનવું પડશે. આજના યુગમાં ડ્રોન હુમલા, સાયબર એટેક, હથિયાર વગરનું યુદ્ધ અને અવકાશમાં અચડણોનો એક સાથે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જનરલ ચૌહાણે કન્વર્જન્સ વોરફેયર શબ્દનો ઉલ્લેખ કરી કહ્યું કે, 'આજે કાઈનેટિક અને નૉન-કાઈનેટિક (પારંપરિક અને ડિજિટલ) યુદ્ધ એકબીજામાં ભળી ગયા છે. પહેલી અને બીજી પેઢીના યુદ્ધ આજે ત્રીજી પેઢીના સાઈબર અને એઆઈ આધારિત યુદ્ધ સાથે ભળી ગયા છે. ભવિષ્યમાં આપણને એવા 'હાઈબ્રિડ વૉરિયર'ની જરૂર પડશે, જે બોર્ડર લડી શકે, રણમાં રણનીતિ બનાવી શકે, શહેરોમાં કાઉન્ટર-ઈમરજન્સી ઓપરએશન ચલાવી શકે, ડ્રોનને નિષ્ક્રિય કરી શકે.

### રાજસ્થાનના ઝાલાવાડમાં મોટી દુર્ઘટના

## સરકારી શાળાની છત ધરાશાયી થતાં ૪ બાળકોના મોત અનેક કાટમાળ નીચે દટાયા

### મળતી માહિતી મુજબ, વર્ગખંડમાં લગભગ ૬૦ બાળકો હાજર હતા, જેમાંથી પચીસ બાળકો દટાયા હોવાની આશંકા છે

| (એજન્સી) ઝાલાવાડ, તા.૨૫ |

રાજસ્થાનના ઝાલાવાડમાં શાળાના બાળકો સાથે એક મોટી દુર્ઘટના બની છે. આ વિસ્તારમાં એક શાળાની છત તૂટી પડવાના સમાચાર સામે આવ્યા છે, જેમાં ઘણા બાળકો દટાયા હોવાની આશંકા છે. ઝાલાવાડ જિલ્લાના મનોહર પોલીસ સ્ટેશન વિસ્તારના પીપલોદીમાં સરકારી ઉચ્ચ પ્રાથમિક શાળાની છત અચાનક તૂટી પડી હતી. જેના કારણે વર્ગમાં હાજર વિદ્યાર્થીઓ તેની નીચે દટાયા છે. મળતી માહિતી મુજબ, વર્ગખંડમાં લગભગ ૬૦ બાળકો



હાજર હતા, જેમાંથી પચીસ બાળકો દટાયા હોવાની આશંકા છે. આ સિવાય ૪ બાળકોનું મોત નિપજ્યું છે. જોકે, હજુ સુધી મોતની સત્તાવાર માહિતી સામે આવી નથી. ઘટનાની ગંભીરતા જોતા આંકડો હજુ વધી શકે છે.શાળાની છત ધરાશાયી થવાની ઘટના બાદ, સ્થાનિક લોકો મદદ માટે દોડી આવ્યા હતા. ઘટનાસ્થળે લોકોની ભીડ એકઠી થઈ ગઈ હતી. લોકોએ કાટમાળ નીચે દટાયેલા બાળકોને બચાવવાનો પ્રયાસ શરૂ કર્યો છે. છત ધરાશાયી થયા પછીના કાટમાળને જોતા એવું લાગે છે કે શાળા ખંડેરમાં ફેરવાઈ ગઈ છે.રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોતે આ મામલે ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે, 'ઝાલાવાડમાં સરકારી શાળાની ઈમારત ધરાશાયી થવાથી ઘણા બાળકો અને શિક્ષકો ઈજાગ્રસ્ત થયાના અહેવાલો છે. હું ભગવાનને ઓછામાં ઓછી જાનહાનિ અને ઈજાગ્રસ્તોની ઝડપી સ્વસ્થ થવાની પ્રાર્થના કરું છું.'રાજસ્થાન સરકારમાં શિક્ષણ મંત્રી મદન દિલાવરે આ ઘટના પર પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે, 'ઝાલાવાડની એક શાળામાં એક દુઃખદ ઘટના બની છે. તે દુઃખદ છે.

### એક જવાન શહિદ, બે ઘાયલ

## જમ્મુ-કાશ્મીર : પૂંછમાં નિયંત્રણ રેખા પાસે સુરંગ વિસ્ફોટ થયો

| (એજન્સી) જમ્મુ, તા.૨૫ |

જમ્મુ અને કાશ્મીરના પૂંછ જિલ્લામાં નિયંત્રણ રેખા પાસે શુક્રવારે (૨૫ જુલાઈ) થયેલા લેન્ડમાઈન વિસ્ફોટ થયો છે, જેમાં ભારતીય સેનાના જાટ રેજિમેન્ટના એક જવાન (અગ્નિવીર) શહીદ તેમજ એક જેસીઓ અને એક જવાન ઘાયલ થયા છે. ઘટનાની જાણ થતા સેનાની ટીમ તુરંત સ્થળ પર આવી ગઈ છે. ઘાયલોને તુરંત એરલિફ્ટ કરીને ઉધમપુરની લશ્કરી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, સલોત્રીગામના વિક્ટર પોસ્ટ પાસે બપોરે લગભગ ૧૨.૦૦ કલાકે ધડાકો થયો હતો. વાસ્તવમાં ઘૂસણખોરી અટકાવવા માટે જમીનની અંદર લેન્ડમાઈન બિછાવવામાં આવી હતી. આ દરમિયાન પેટ્રોલિંગ કરી રહેલા ભારતીય સેનાના જવાનો લેન્ડ માઈન્ડની ઝટેપમાં આવતા ધડાકો થયો હતો. ભારતીય સેનાના ૭મી રેજિમેન્ટના જૂનિયર કમિશન્ડ ઓફિસર હરિ રામ, હવલદાર ગજેન્દ્ર સિંહ અને જવાન લલિત કુમાર પેટ્રોલિંગ કરી રહ્યા હતા. આ દરમિયાન જમીન નીચે દબાયેલ એમ-૧૬ માઈન અચાનક વિસ્ફોટ થયો હતો. વિસ્ફોટમાં અગ્નિવીર લલિત કુમાર શહીદ થયા છે, જ્યારે ગજેન્દ્ર સિંહ અને હરિ રામ ગંભીર ઈજાગ્રસ્ત થયા છે.

### DRDO એ ડ્રોનથી ફાયર કરનારી મિસાઇલ ULPGM-V3 નું સફળ ટેસ્ટિંગ કર્યુ

| (એજન્સી) કુર્નૂલ, તા.૨૫ |

ભારતે સંરક્ષણ ક્ષેત્રમાં એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે. શુક્રવારે (૨૫ જુલાઈ, ૨૦૨૫) એક મિસાઈલનું સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું હતું જેને ડ્રોન પર સ્થાપિત કરીને દુશ્મનના લક્ષ્યો પર છોડી શકાય છે. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને કહ્યું કે સંરક્ષણ ક્ષેત્રમાં ભારત માટે આ બીજી મોટી સિદ્ધિ છે. આંધ્રપ્રદેશના કુર્નૂલમાં નેશનલ ઓપન રેન્જ (NOAR) ખાતે આ મિસાઈલનું સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું છે. રાજનાથ સિંહે પોસ્ટમાં લખ્યું છે કે, ભારતની સંરક્ષણ ક્ષમતાઓને મોટો વેગ આપતા, DRDO એ આંધ્રપ્રદેશના કુર્નૂલમાં નેશનલ ઓપન એરિયા રેન્જ (NOAR) ખાતે માનવરહિત હવાઈ વાહન ચોકસાઈ મિસાઈલ (ULPGM)-V3 નું સફળતા પૂર્વકપરીક્ષણ કર્યું. ULPGM-V3 એક વિસ્તૃત શ્રેણીનો પ્રકાર છે, જેને ULM-ER તરીકે પણ ઓળખવામાં આવે છે. તે ૧૦-૧૪ ફેબ્રુઆરીના રોજ બેંગલુરુમાં આયોજિત એરો ઈન્ડિયા ૨૦૨૫ માં પણ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો. ચાલો તેની વિશેષતાઓ વિશે જાણીએ- ડીઆરડીઓની વેબસાઈટ પર જેન્સ ન્યૂઝે અહેવાલ આપ્યો છે કે તે હવાથી સપાટી પર પ્રહાર કરતી મિસાઈલ છે જેનો ઉપ યોગ દિવસ અને રાત્રિ બંને કામગીરીમાં થઈ શકે છે.

### એર ઈન્ડિયાની વિમાનમાં ફરી ખામી


## જયપુરથી મુંબઈ જઈ રહેલી ફ્લાઈટનું ઈમરજન્સી લેન્ડિંગ

| (એજન્સી) જયપુર, તા.૨૫ |

એર ઈન્ડિયાની વધુ એક ફ્લાઈટમાં ખામી સર્જાઈ છે. રિપોર્ટ મુજબ જયપુરથી મુંબઈ જઈ રહેલી ફ્લાઈટમાં ટેકનિકલ ખામી સર્જાવાના કારણે જયપુરમાં ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું છે. ફ્લાઈટ નંબર-AI-612 જયપુર એરપોર્ટ પરથી ૨.૦૧ વાગે ટેકઓફ થયું હતું, જોકે તેમાં ટેકનિકલ ખામી સર્જાઈ હતી, જેના કારણે ટેકઓફની ૧૮ મિનિટમાં જ જયપુર એરપોર્ટ ઈમરજન્સી લેન્ડિંગ



કરવામાં આવ્યું છે. પાયલટે એર ઈન્ડિયાની ફ્લાઈટનું સુરક્ષિત લેન્ડિંગ કરી લીધું છે, જેના કારણે તમામ મુસાફરો સુરક્ષિત છે. વિમાનના લેન્ડિંગ બાદ તુરંત એરપોર્ટનો સ્ટાફ દોડી આવ્યો હતો અને વિમાનની ટેકનિકલ તપાસ શરૂ કરી દીધી છે. એર ઈન્ડિયા અને એરપોર્ટ ઓથોરિટીની ટીમે ટેકનિકલ કારણો તપાસ શરૂ કરી દીધી છે. ફ્લાઈટ ઈમરજન્સી લેન્ડિંગ કરવાની નોબત આવતા તમામ પ્રવાસીઓ ચિંતિત થઈ ગયા હતા. જોકે પાયલોટે સુરક્ષિત લેન્ડિંગ કરતા તમામ મુસાફરોએ હાશકારો લીધો છે. પાયલોટની સમયસૂચકતાના કારણે મોટી દુર્ઘટના ટળી ગઈ છે. બીજીતરફ એર ઈન્ડિયા દ્વારા તમામ પ્રવાસીઓને વૈકલ્પિક ફ્લાઈટની વ્યવસ્થા કરવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે.



## આગામી ૮ સપ્ટેમ્બરથી બાઈકચાલક અને પાછળ બેસનારે હેલ્મેટ પહેરવું ફરજિયાત

**। (એજન્સી) રાજકોટ, તા.૨૫ ।**

રાજકોટમાં પોલીસ કમિશનરની અધ્યક્ષતામાં શહેર માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં ટ્રાફિક સિગ્નલ, હેલ્મેટ, આર.ટી.ઓ.-પોલીસની ડ્રાઈવ સહિતને લઈને ચર્ચા કરાઈ હતી. રાજકોટ શહેર પોલીસે આગામી ૮ સપ્ટેમ્બરથી બાઈકચાલક અને પાછળ બેસનારે હેલ્મેટ ફરજિયાત પહેરવાને લઈને નિર્ણય કર્યો છે. રાજકોટ ટ્રાફિક પોલીસે બાઈકચાલક અને પાછળ બેસનારે ફરજિયાત હેલ્મેટ પહેરવાને લઈને પ્રેસ રિલીઝ જાહેર કરી છે. પોલીસ કમિશનરે તહેવારના દિવસો પૂર્ણ થયા બાદ શહેરમાં હેલ્મેટને લઈને મેગા ડ્રાઈવ શરૂ કરવાનો આદેશ કર્યો છે. રાજકોટ શહેર ટ્રાફિક પોલીસે જણાવ્યું હતું કે, શહેરમાં ટુ-વ્હીલર વાહન ચાલકો હેલ્મેટ ન પહેરતા જીવલેણ અકસ્માત બને છે. વાહન ચાલકે હેલ્મેટ ન પહેર્યા હોય તેવી ૨૦ અકસ્માતની ઘટનામાં ૨૦ વ્યક્તિના મોત નીપજ્યા છે, જ્યારે ૧૦ને ગંભીર ઈજા પહોંચી છે.

## આજે ગુજરાત આવશે રાહુલ ગાંધી

**। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।**

લોકસભા વિપક્ષ નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી આગામી ૨૬ જુલાઈ(શનિવાર)ના રોજ ગુજરાતની મુલાકાતે આવવાના છે. આ દરમિયાન તેઓ સંગઠન સૃજન અભિયાન અંતર્ગત નવનિયુક્ત જિલ્લા કોંગ્રેસ પ્રમુખોની તાલીમ શિબિરમાં હાજરી આપશે. આ અંગે નવનિયુક્ત ગુજરાત કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ આજે (૨૪ જુલાઈ) પ્રેસ કોન્ફરન્સ યોજીને માહિતી આપી હતી. વડોદરા શહેરના સર્કિટ હાઉસ ખાતે પ્રેસ કોન્ફરન્સમાં અમિત ચાવડાએ કહ્યું કે, 'ગુજરાતમાં જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખોની નિમણૂક કરાઈ છે. આવનારા સમયમાં ૨૦૨૭નો રોડમેપ નક્કી કરાશે. લોકોના અવાજને કઈ રીતે બુલંદ કરી શકાય તેને લઈને રોડમેપ નક્કી કરવા માટે કોંગ્રેસ પ્રદેશ કમિટિ દ્વારા નવનિયુક્ત જિલ્લા કોંગ્રેસના પ્રમુખોની ત્રણ દિવસની તાલીમ શિબિરનું આયોજન કરાયું છે. વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ આ શિબિરમાં માર્ગદર્શન આપશે. તેઓ આગામી ૨૬ તારીખે ૧૦ વાગ્યે વડોદરા એરપોર્ટ પર આગમન કરશે.

# બગસરાવાસીઓને મળી અદ્યતન આરોગ્ય સુવિધાઓ : રૂ.૪.૫૨ કરોડના ખર્ચે નવનિર્મિત સામૂહિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલે કર્યું

**। અમરેલી, તા.૨૫ ।**

ગુજરાત સરકારના આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે આજે અમરેલી જિલ્લાના બગસરામાં રુ.૪.૫૨ કરોડના ખર્ચે અદ્યતન સવલતોથી સજ્જ સામૂહિક આરોગ્ય કેન્દ્રનું લોકાપ ર્ણ કર્યું હતું. પવિત્ર શ્રાવણ માસના પ્રથમ દિવસે આરોગ્ય મંત્રીશ્રીએ અમરેલી સ્થિત ભગવાન નાગનાથ મહાદેવના દર્શન કરીને ૩૦ બેડના આ આરોગ્ય મંદિરને ખુલ્લુ મૂકતા જણાવ્યુ કે, ભારતીય સંસ્કૃતિમાં શિક્ષણ અને આરોગ્ય સેવા સાથે જોડાયેલા છે, તે પાવન પરંપરાને કેન્દ્ર- રાજય સરકાર આગળ વધારી રહી છે, આયુષ્માન કાર્ડ હેઠળ મોટાભાગની આરોગ્ય સેવાઓને આવરી લેવામાં આવી છે, દરેકને સ્વમાનભેર આરોગ્યના લાભો મળે તે માટે પીએચસી, સીએચસી, પેટા આરોગ્ય કેન્દ્ર વગેરે આરોગ્ય સેવાનું આધુનિકીકરણ કરવામાં આવી રહ્યું છે. નવનિર્મિત બગસરા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં લેબોરેટરી, એક્સ રે, ઓપરેશન રુમ, ફિઝીયોથેરાપી, ટીબી વિભાગ સહિતની સુવિધાઓ સાથેના આ નવા બિલ્ડિંગમાં ઉપલબ્ધ છે, તેમાં ઉમેરો કરવાનો ઉલ્લેખ કરતા મંત્રીએ વચન પણ આપ્યું કે, એક માસની અંદર આ આરોગ્ય કેન્દ્રમાં ડાયાલિસિસ વિભાગ શરુ કરવામાં આવશે. જેથી બગસરા શહેર અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના લોકોને ડાયાલિસિસ માટે અમરેલી સુધી લાંબુ નહિ થવું પડે. તેમણે ઉમેર્યુ કે, સામૂહિક આરોગ્ય કેન્દ્ર બગસરા શહેરની મધ્યમાં હોવાથી લોકોને ખૂબ સરળતાપૂર્વક આરોગ્ય સેવાઓ મળી રહેશે. આરોગ્ય મંત્રીશ્રીએ ભારત વર્ષની ઉજળી જ્ઞાન પરંપરા અને સનાતન સંસ્કૃતિનો ઉલ્લેખ કરી કહ્યુ કે, ભારતીય સંસ્કૃતિ અજય અમર રહી છે, ત્યારે ૨૧મી સદીનું પ્રભાત સમગ્ર દેશમાં ગુજરાતમાં શરુ થયું છે. તેમણે કહ્યુ કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ ભારતની પ્રજાના સામર્થ્યને સમગ્ર વિશ્વ સમક્ષ મૂકીને દેશના વિકાસના નવા આયામો સર કર્યા છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર ભૌગોલિક વિસ્તાર અને અંતરની દ્રષ્ટિ એ પણ ઝડપી આરોગ્ય સેવાઓ મળે તે દિશામાં પણ કામ કરી રહી છે. તેમણે વધુમાં કહ્યુ કે, વિકાસની રાજનીતિથી સતત જનતાએ વિશ્વાસ મૂક્યો છે અને વિકાસની સતત ચાલતી આ પ્રક્રિયામાં લોકોને જરુરી સુવિધાઓ પૂરી પાડવા માટે ગુજરાત સરકાર પ્રતિબદ્ધ છે. આરોગ્ય મંત્રીશ્રીએ અમરેલી જિલ્લાના સાહિત્ય અને લોકસેવાને વરેલા ઝવેરચંદ મેઘાણી, કવિ દુલા ભાયા કાગ, કવિ કલાપી, ભૂતપૂર્વ મુખ્યમંત્રી જીવરાજ મહેતા, પી.કે. લહેરી, કે. લાલ, રમેશ પારેખ, વસંત પરીખ વગેરે પ્રતિભાઓને પણ સગૌરવ યાદ કર્યા હતા. આ પ્રસંગે ધારી બગસરાના ધારાસભ્ય શ્રી જે.વી. કાકડીયાએ પ્રાસંગિક સંબોધનમાં કહ્યુ કે, ગુજરાત સરકારે સામૂહિક આરોગ્ય કેન્દ્ર આપવાની સાથે સાયન્સ કોલેજ પણ આપી છે, આમ, નાગરિકોને કોઈ સુવિધાઓ ઘટે નહિ તે દિશામાં કામ કરવામાં આવી રહ્યું છે. જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી અતુલ કાનાણીએ પણ પ્રસંગોચિત સંબોધન કરતા આરોગ્ય સવલતો અને કેન્દ્ર-રાજ્ય સરકારની યોજનાઓ જનધન સુધી પહોંચી છે તેનો ઉલ્લેખ કર્યો હતો. આ પ્રસંગે વિશ્વ હિન્દુ પરિષદ અને વેપારી મંડળના હોદ્દેદારોએ આરોગ્ય મંત્રીશ્રીનું વિશેષ સ્વાગત સન્માન કર્યું હતું. કાર્યક્રમના પ્રારંભે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી આર.એમ. જોષીએ શાબ્દિક સ્વાગત કર્યુ હતુ. ઉલ્લેખનીય છે કે, આ નવનિર્મિત ફાયર સેફટી સાથેના સીએચસીમાં ભોંયતળિયા તથા બે નિર્મિત કરવામાં આવ્યા છે. જેમાં લીફ્ટ, ડ્રેનેજ, પાણી પુરવઠો, ઓપરેશન થિયેટર, પુરુષ તથા મહિલા દર્દીઓના વોર્ડ વગેરેનો સમાવેશ થાય છે. આ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ૩ મેડિકલ, ૧ ડેન્ટલ, ૩ લેબ ટેક્નિશિયન, ૧ ફિઝિયોથેરાપીસ્ટ, ૧ એક્સ રે ટેકનીશીયન સહિત ૩૩ અધિકારી કર્મચારીઓનું મહેકમ કાર્યરત રહેશે. જેમાં જનરલ વિભાગ, લેબર રુમ, ઓપરેશન રુમ, એન. બી.એસ.યુ., આઈ.સી.ટી.સી., ટીબી વિભાગ વગેરેનો સમાવેશ થાય છે.

### PGVCLની બેદરકારી સામે આવી

# પંચરની દુકાન ચલાવતા પરિવારને રૂપિયા ૮૫,૦૦૦ વીજ બિલ મળ્યું

**। (એજન્સી) જામનગર, તા.૨૫ ।**

જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના તારાણા ગામમાં એક નાનકડી પંચરની દુકાન ચલાવતા પરિવારને રૂ. ૮૫,૦૦૦ વીજ બિલ મળતા હચમચી ઉઠ્યો છે. પરિવારના સભ્યોએ આમરણ PGVCL કચેરીએ જઈ બિલ બાબતે પ્રશ્ન પૂછતા અધિકારીએ યોગ્ય જવાબ આપવાના બદલે ઉગ્રતા દાખવી હતી અને ગ્રાહકો સાથે અસભ્યતા પૂર્વક વાત કરી હતી. એક ગરીબ પરિવારને આટલું મોટું બિલ આવતા ગ્રામજનોએ પણ અનેક સવાલ ઉઠાવ્યા છે. જોડીયા તાલુકાના તારણા ગામે ચારેક દિવસ પહેલા વીજ ચેકિંગની ટીમ આવી હતી. ત્યારે વીજ ચેકીંગની ટીમે પ્રકાશ જાદવ નામના વીજ ગ્રાહકના ઘરે પણ ચેકીંગ કર્યું હતું. બાદ વીજ ગ્રાહકને ખબર પડી કે તેને ૮૫૦૦૦ થી વધુ બિલ આવ્યું છે. ત્યારે ગરીબ પરિવાર તાત્કાલિક PGVCL કચેરીએ દોડી ગયો હતો. અને બિલ બાબતે અનેક સવાલ ઉઠાવ્યા હતા. પરિવાર pgvcl કચેરીએ જતા ત્યાં હાજર ડેપ્યુટી ઈજનેરને બિલ બાબતે પ્રશ્ન પૂછ્યા પરંતુ અધિકારીએ કોઈ સ્પષ્ટ કારણ આપ્યું નહિ. પરિવારના યુવકે આખી ઘટનાનું મોબાઈલથી વિડિયોગ્રાફી કરી હતી જે સોશિયલ મીડિયામાં વાયરલ થઈ છે. વીડિયોમાં PGVCLના કર્મચારીઓની અવ્યવસ્થિત વર્તન, જવાબદેહીથી બચવાની કોશિશ અને પરિવારના તંત્ર સામે ઉઠેલા તાત્કાલિક પ્રશ્નો સ્પષ્ટ જોવા મળે છે. PGVCL તંત્ર આ મામલે તપાસ કરે, તેમજ સંબંધિત અધિકારીઓ સામે શિસ્તભંગની કાર્યવાહી થાય તેવી પરિવાર માંગ કરી રહ્યાં છે. ગ્રામજનોએ આમરણ પીજીવીસીએલ કચેરીની નીતિ રીતિ સામે પણ અનેક સવાલ ઉઠાવ્યા છે. ગ્રામજનોએ જણાવ્યું કે તેઓ કોઈ વીજ કચેરીએ ફરિયાદ કરે તો વધુ હેરાનગતીનો સામનો કરવો પડે. PGVCL કચેરીના અધિકારીઓ દ્વારા ગામ લોકોની સમસ્યા સાંભળવાના બદલે તેમને દબાવવાનો પ્રયાસ કરવામાં આવે છે. આમરણ વીજ કચેરીના અધિકારીના પાપે ટીસી પર આવેલ ખૂલ્લી પેટીમાં જીવતા વીજ વાયરો મોત બનીને ઝળુંબી રહ્યાં છે. જોકે, વીજ તંત્રએ ચોમાસા અગાઉ મસમોટા વીજ કાપ મુકીને કરેલી પ્રિ-મોન્સુન કામગીરી સામે અનેક સવાલો ઉઠી રહ્યાં છે.

## ઉધનામાં ગોડાઉનમાં આગ લગાવનાર આરોપી ઝડપાયા

**। (એજન્સી) સુરત, તા.૨૫ ।**

સુરતના ઉધનામાં ગોડાઉનમાં આગ લગાવનાર આરોપી ઝડપાયા છે. શહેરમાં કુરિયરના ગોડાઉનમાં ૮ શખ્સોએ આગ લગાવી હતી. પોલીસે બે આરોપીની ધરપકડ કરી પૂછપરછ હાથ ધરી છે. વિશાલ ચૌધરી અને રવિ સરોજની ધરપકડ કરી છે, જ્યારે ૬ ફરાર હજુ ફરાર છે. આરોપીઓએ ધંધાર્થે માથાકૂટની અદાવત રાખી આગ લગાવી હતી. આગ લગાવતા પહેલા આસપાસના ઘર બંધ કરી દીધા હતા.

ઉધના વિસ્તારમાં કુરિયર ગોડાઉન આગ લગાડવાનો મામલે પોલીસે બે આરોપી ઝડપી લીધા છે.ઉધના પોલીસે ગોડાઉનમાં આગ લગાવવાના કેસમાં ૮ આરોપી સામે ગુનો નોંધ્યો છે. આ મામલે પોલીસે બે આરોપીની ધરપકડ કરી છે. પોલીસે વિશાલ સુનિલ ચૌધરી અને રવિ ગુલાબ સરોજ નામના બે આરોપીની ધરપકડ કરી છે. જ્યારે આગ લગાવનાર છ આરોપી વોન્ટેડ જાહેર કર્યા છે. અગાઉ કુરિયરના ધંધાર્થે થયેલ માથાકૂટની અદાવત રાખી ગોડાઉનમાં આગ લગાવી દીધી હતી. સમગ્ર ઘટના કુરિયર ગોડાઉનના સીસીટીવીમાં કેદ થઈ ગઈ હતી. ભાગી ગયેલ છ આરોપીઓ દુકાનમાં અંદર પ્રવેશી પેટ્રોલ છાંટી ગોડાઉન સળગાવી દીધું હતું. પકડાયેલા બંને આરોપીઓ આસપાસના ઘરોના બહારથી દરવાજા બંધ કરી રેકી કરી હતી. આ ઘટનામાં ગોડાઉનમાં રહેલ ૧૪ લાખની વધુનો મુદ્દામાલ બળીને ખાક થઈ ગયો હતો.

### રાજ્ય સરકારે મહત્ત્વનો નિર્ણય કર્યો

# તહેવારોમાં ૭૫ લાખ BPL અને અંત્યોદય કાર્ડધારકોને સરકારની લહાણી મળશે

### ખાદ્ય તેલ બજાર ભાવથી ઘણી ઓછી કિંમતે ૧ લિટર પાઉચ ૧૦૦ રૂપિયાના રાહત દરે અપાશે

**।(એજન્સી) અમદાવાદ, તા.૨૫।**

ગુજરાતમાં બી.પી.એલ રાશનકાર્ડ ધારક માટે જન્માષ્ટમીના તહેવારો ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે મહત્ત્વનો નિર્ણય કર્યો છે. ઓગસ્ટ મહિનાના પ્રારંભથી જ રાજ્યમાં ૭૫ લાખથી વધુ રેશનકાર્ડ ધારકોના ૩.૧૮ કરોડથી વધુ સભ્યોને સસ્તા દરે અનાજ વિતરણ શરૂ કરાશે.



જેમાં ખાદ્ય તેલ બજાર ભાવથી ઘણી ઓછી કિંમતે ૧ લિટર પાઉચ ૧૦૦ રૂપિયાના રાહત દરે અપાશે. આ ઉપરાંત બી.પી.એલ અને અંત્યોદય કુટુંબોને મળવાપાત્ર જથ્થા ઉપરાંત વધારાની ૧ કિ.ગ્રા. ખાંડ રાહત દરે વિતરણ કરવામાં આવશે. જન્માષ્ટમીના તહેવાર નિમિત્તે નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ હેઠળના અંત્યોદય તથા અગ્રતા ધરાવતા દરેક પરિવારને પ્રોટીનસભર આહાર મળી રહે તે માટે ચણા કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. ૩૦ રૂપિયા પ્રતિ કિ.ગ્રા.ના રાહત દરે મળશે. જ્યારે તુવેરદાળ ૧ કિ.ગ્રા. ૨૦ રૂપિયા પ્રતિ કિ.ગ્રા.ના રાહત દરે વિતરણ કરાશે. આ ઉપરાંત NFSA હેઠળના અંત્યોદય, અગ્રતા ધરાવતા દરેક પરિવાર તથા નોન નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ બી.પી.એલ રાશનકાર્ડ ધારકોને મીઠું કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. ૧ રૂપિયા પ્રતિ કિ.ગ્રા.ના રાહત દરે આપવામાં આવશે.ઉલ્લેખનીય છે કે, જન્માષ્ટમીનો તહેવાર લાભાર્થીઓ સારી રીતે ઉજવી શકે તે હેતુથી ઓગષ્ટ ૨૦૨૫ના પ્રારંભમાં જ આ તમામ જથ્થો સસ્તા અનાજની દુકાનો સુધી પહોંચી જાય તે માટે જણસીઓની ફાળવણી જુલાઈમાં કરવામાં આવી છે. આ ઉપરાંત આ ફાળવણીના ચલણ/પરમીટ અન્વયે જથ્થાની ડોરસ્ટેપ વિતરણની કામગીરી પણ ચાલી રહી છે.

# પેચવર્ક ટકાઉ થાય તે માટે કોર્પોરેશન ચારેય ઝોનમાં કોમ્પ્રેશર મશીન ખરીદશે

**। (એજન્સી) વડોદરા, તા.૨૫ ।**

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સ્ટેન્ડિંગ સમિતિના અધ્યક્ષ દ્વારા કોર્પોરેશનના ડ્રેનેજ, ગટર, બ્રિજ, પાણી, રોડ વગેરેની કામગીરી સંદર્ભે અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક કરવામાં આવી હતી. બેઠકમાં ચર્ચા દરમિયાન અધ્યક્ષએ રોડ પર પડેલા ખાડાઓ અને પેચવર્કની કામગીરીનો પણ રીવ્યુ લીધો હતો. રોડ પર પડતા ખાડા બાદ પેચવર્કની જે કામગીરી કરવામાં આવે છે તે વધુ ટકાઉ બને તે માટે કોર્પોરેશનના ચારેય ઝોનમાં કોમ્પ્રેશર મશીનો ખરીદવા કહ્યું હતું.વડોદરા કોર્પોરેશનના વર્તુળો જણાવે છે કે રોડ પર ખાડા અને ડામર પુરાણ માટે ઈજારદારો દ્વારા પેચવર્કની કામગીરી કરવામાં આવે છે, તેમાં તેઓ ડામર કામ કરતા અગાઉ કોમ્પ્રેસર મશીન ચલાવીને ખાડામાં પડેલી ધૂળ અને કચરો સાફ કરી ખાડો ચોખ્ખો કરે છે, અને ત્યારબાદ ડામરનું મટીરીયલ પાથરે છે, અને રોલર ચલાવે છે. જ્યારે કોર્પોરેશનના વોર્ડ દ્વારા કામગીરી કરવામાં આવે છે, ત્યારે કોમ્પ્રેસર મશીન નહીં હોવાથી ખાડામાં પડેલી ધૂળ અને કચરો ઝાડુથી સાફ કરે છે. જેમાં બધી ધૂળ નહીં નીકળતા તેના પર ડામર પાથરીને રોલર ચલાવ્યું હોવા છતાં ડામર ચોંટતો નથી. પેચ વર્ક ટકાઉ થયું નહીં હોવાથી ઉખડી જાય છે. આવું ન થાય તે માટે કોર્પોરેશન પાસે પોતાના કોમ્પ્રેસર મશીન હોવા જરૂરી છે.

# પં. દિનદયાલ ઉપાધ્યાય નગરગૃહ ખાતે ગતિ શક્તિ યુનિવર્સિટીનો તૃતીય દીક્ષાંત સમારોહ યોજાશે

**। (એજન્સી) વડોદરા, તા.૨૫ ।**

વડોદરામાં ગતિ શક્તિ યુનિવર્સિટીનો તૃતીય દીક્ષાંત સમારોહ આગામી તા. ૨૭ જુલાઈ રવિવારના રોજ સવારે ૧૧:૩૦ કલાકે આજવા રોડ સ્થિત પંડિત દિનદયાલ ઉપાધ્યાય નગરગૃહ ઓડિટોરિયમ ખાતે યોજાશે. જેમાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને રક્ષામંત્રી રાજનાથ સિંહ, રેલવેમંત્રી તેમજ ગતિશક્તિ યુનિવર્સિટીના કુલાધિપતિ અશ્વિની વૈષ્ણવ તથા વડોદરા સાંસદ ડૉ. હેમાંગ જોષીના હસ્તે ડિગ્રી સર્ટિફિકેટ અને મેડલ આપી સન્માનિત કરાશે. ગતિ શક્તિ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. મનોજ ચૌધરી (વાઈસ ચાન્સેલ) એ જણાવ્યું હતું કે, ત્રીજા દીક્ષાંત સમારોહમાં બેચ વર્ષ ૨૦૨૫ના બી.ટેક., બીબીએ અને એમબીએના ૧૯૪ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરાશે. સાથે ઉત્કૃષ્ટ પ્રોજેક્ટ અને શ્રેષ્ઠ વિદ્યાર્થી પુરસ્કારો પણ આપવામાં આવશે. આ વર્ષે યુનિવર્સિટીએ ૯૧ટકા વિદ્યાર્થીઓને આંતરિક ક્ષેત્રમાં પ્લેસમેન્ટ કર્યા છે. ૫ ગોલ્ડ મેડલ ઉપરાંત બેસ્ટ ગ્રેજ્યુએટી સ્ટુડન્ટ ઓફ ધ યર અને આઉટ સ્ટેન્ડિંગ પ્રોજેક્ટ એવોર્ડ એક - એક એનાયત કરાશે. અશ્વિની વૈષ્ણવની અધ્યક્ષતામાં આ સમારોહ યોજાશે. જેમાં મુખ્ય અતિથિ રક્ષામંત્રી રાજનાથ સિંહ દીક્ષાંત પ્રવચનમાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપશે. સન્માનિત અતિથિ તરીકે વડોદરા સાંસદ ડૉ. હેમાંગ જોષી ઉપસ્થિત રહેશે.

**વિશેષ** — મેલેરીયાથી બચવા ઘરની આજુ બાજુ પાણીનો ભરાવો ના થવા દેવો અને પાણી ભરાઈ રહેલા નકામા પાત્રોનો નિકાલ કરવો

# દાહોદ તાલુકાની નસીરપુર પ્રાથમિક શાળા ખાતે બાળકોને અપાયું આરોગ્ય શિક્ષણ

**। (માહિતી) દાહોદ ।**

દાહોદ તાલુકાના નસીરપુર ગામ ખાતે મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ નસીરપુર પ્રાથમિક શાળામાં વિધાર્થીઓને આરોગ્ય શિક્ષણ આપવામાં આવ્યું હતું. જેમાં વાહકજન્ય રોગ વિશે માહિતી આપવામાં આવી હતી. જેમા વરસાદી ઋતુમાં મેલેરીયા માદા એનોફિલિસ મચ્છર દ્વારા ફેલાય છે મચ્છર ઉત્પતિ અટકાવો અને મેલેરીયા થી બચો ઘરની આજુ બાજુ પાણીનો ભરાવો થવા દેવું નહીં અને ભરેલા પાણીને વહેવડાવી દો પાણીના નાના નાનાં ખાબોચિયા પૂરી દેવા કાયમી ભરાઈ રહેલા પાણીમાં પોરાભક્ષક માછલી અવશ્ય મૂકવી ઘરની આજુ બાજુ પાણી ભરાઈ રહેલા નકામા પાત્રોનો યોગ્ય નિકાલ કરવો સહિતની માહિતી આપવામાં આવી હતી.





**મેલેરીયાના લક્ષણો**

ધ્રુજારી સાથે સખત તાવ અને ઠંડી લાગે

માથું દુઃખવું, શરીર દુઃખવું, કળતર થાય

ઊબકા અને ઉલટી થાય તાવ ઉતરે ત્યારે ખૂબ પરસેવો વળે

મેલેરીયાથી બચવાનો એક જ ઉપાય વહેલું નિદાન અને સંપૂર્ણ સારવાર

તાવ હોય તો નજીકના આરોગ્ય કેન્દ્ર/આરોગ્ય કાર્યકર પાસે લોહીની તપાસ મફત કરાવો અને મેલેરીયા હોય તો સંપૂર્ણ સારવાર મફત મેળવો

રાત્રે સૂતી વખતે મચ્છરદાની નો ઉપયોગ કરવો

મચ્છર ભગાડવાની અગરબતી અને લીમડાના પાન નો ધુમાડો કરવો

સવાર અને સાંજે ઘરના બારી અને બારણા બંધ રાખવા

આખું શરીર ઢંકાય તેવા કપડા પહેરવા

**ડેન્ગ્યુ વિશે**

જુલાઈ મહિનો ડેન્ગ્યુ વિરોધી માસ

ઍડીસ-ઈજિપ્તિ પ્રકારના ચેપી માદા મચ્છરદિવસે કરડતાં ડેન્ગ્યુ રોગ ફેલાય છે

આ મચ્છર એક ચમચી જેટલાં સંગ્રહ થયેલ સ્વચ્છ પાણીમાં પણ ઈંડા મૂકી શકે છે

ઘર, કાર્યસ્થળ તેમજ આસપાસ, ધાબા પર સંગ્રહિત કરેલ ચોખ્ખા અને બંધિયાર પાણીમાં ડેન્ગ્યુના મચ્છર પેદા થાય છે

**ડેન્ગ્યુ ના લક્ષણો**

અચાનક ખૂબ તાવ આવે, ૩થી ૭ દિવસ સુધી તાવ રહે

આંખના ડોળાની પાછળ દુઃખાવો થાય, તેમજ કપાળમાં સતત દુઃખાવો થાય

તાવ સાથે ઊલટી અને ઉબકા થાય, ભૂખ ના લાગે

સાંધા તેમજ સ્નાયુઓમાં દુઃખાવો થાય

**ક્યારેક હાથ અને ચહેરા પર ઓરી જેવા દાણા દેખાય**

આ લક્ષણ જોવા મળતા નજીકના સરકારી દવાખાનાનો સંપર્ક કરવો

સાવચેતી જ સમજદારી જેવા બાબતો વિધાર્થીઓને સમજ આપવામાં આવી સાથે સાથે હંમેશા જમતા પહેલા વારંવાર સાબુથી હાથ અવશ્ય ધોવા પાણીને ઉકાળીને પીવુ ક્લોરિન યુક્ત પાણી પીવુ સ્વચ્છ અને સ્વાસ્થવર્ધક ખોરાક લેવો આરોગ્યના અન્ય રોગ જેવા કે ટીબી સીકલસેલ જેવી બીમારી વિશે પણ માહિતગાર કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં નગરાળા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સુપરવાઈઝરશ્રી અને મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર, શાળાના શિક્ષક ગણ અને વિધાર્થીઓ હાજર રહ્યાં હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## રાજા રઘુવંશીના મોતની ચીસો જ્યાં બે મહિના પહેલા સંભળાઈ હતી, ત્યાં પરિવારે કરાવી ખાસ પૂજા

। (એજન્સી) મેઘાલય, તા.૨૫ ।

મેઘાલયમાં જ્યાં બે મહિના પહેલા ઈન્દોરના ટ્રાન્સપોર્ટ ઉદ્યોગપતિ રાજા રઘુવંશીની ચીસો સંભળાઈ હતી ત્યાં મંત્રોનો જાપ સંભળાયો હતો. ભાઈએ રાજા રઘુવંશીની આત્માની શાંતિ માટે સ્થળ પર પૂજા-પાઠ કરાવ્યો છે, જેની પત્ની સોનમ રઘુવંશી અને તેના કથિત પ્રેમી રાજના ત્રણ મિત્રો દ્વારા હત્યા કરવામાં આવી હતી. રાજા રઘુવંશીની ૨૩ મેના રોજ મેઘાલયમાં તેમના હનીમૂન દરમિયાન હત્યા કરવામાં આવી હતી.

પૂર્વ ખાસી હિલ્સ જિલ્લાના સોહરામાં વેઈસાડોંગ ધોધ નજીક એક નિર્જન પાર્કિંગમાં રાજાની તીક્ષ્ણ હથિયારથી હત્યા કરવામાં આવી હતી અને મૃતદેહને ખાડામાં ફેંકી દેવામાં આવ્યો હતો. રાજાના ભાઈ વિપિન ઘટનાસ્થળે પહોંચ્યા અને વિધિ મુજબ વિધિ કરી. મંત્રોના જાપ વચ્ચે રાજાની આત્માની શાંતિ માટે પ્રાર્થના કરવામાં આવી હતી.

ધાર્મિક વિધિ પછી, ભાવુક થયેલા વિપિને કહ્યું, 'અમે તે જગ્યાએ આવવા માંગતા હતા જ્યાં અમારા રાજાએ અંતિમ શ્વાસ લીધા હતા. કોઈ પણ પરિવારે આવું ન કરવું જોઈએ, પરંતુ તે અમારા માટે મહત્વપૂર્ણ હતું.' વિપિને કહ્યું કે તેમને લાગે છે કે રાજાની આત્મા હજુ પણ ભટકતી હોય છે અને આ પૂજા તેમને મુક્તિ આપવા માટે કરવામાં આવી છે.

૧૧ મેના રોજ સોનમ સાથે લગ્ન કર્યા પછી, રાજા ૨૦ મેના રોજ હનીમૂન માટે નીકળ્યો હતો. ૨૩ મેના રોજ બંને અચાનક ગુમ થઈ ગયા હતા. દસ દિવસ પછી, પોલીસે ૩૦ ફૂટ ઊંડા ખાડામાંથી રાજાનો મૃતદેહ વિકૃત હાલતમાં શોધી કાઢ્યો. શરીર પર છરીના ઘણા ઘા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, સોનમે તેના કથિત પ્રેમીના મિત્રો સાથે મળીને રાજાની હત્યા કરી હતી.

સોનમ તેના પતિ રાજાને ટ્રેકિંગ અને ફોટોગ્રાફીના બહાને એક ઊંચી ટેકરી પર લઈ ગઈ હતી. વાદળોની ખૂબ નજીક જંગલોથી ઘેરાયેલો ટેકરી પર એક નિર્જન વિસ્તાર છે. અહીં રાજાની બે છરીઓ વડે હત્યા કરવામાં આવી હતી. સોનમ બુરખો પહેરીને ભાગી ગઈ હતી અને ટેક્સી, બસ અને ટ્રેન દ્વારા ઈન્દોર અને પછી યુપીના ગાઝીપુર ગઈ હતી. તેણીએ ગાઝીપુરમાં આત્મસમર્પણ કર્યું. સોનમ અને રાજ સહિત પાંચેય આરોપીઓ હાલમાં ન્યાયિક કસ્ટડીમાં છે.

રાજકીય અને ગુનાહિત વર્તુળોમાં પહેલેથી જ ખળભળાટ મચાવી ચૂકેલા રાજા રઘુવંશી હત્યા કેસ હવે વધુ એક નવો વળાંક લઈ રહ્યો છે. આ હાઈ-પ્રોફાઈલ કેસના એક મહત્વપૂર્ણ પાત્ર સોનમ રઘુવંશીએ, જે હાલમાં શિલોંગ જેલમાં બંધ છે, જેલ પ્રશાસનને ખાસ વિનંતી કરી છે. સોનમે કહ્યું છે કે તે ગુજરાતના એક ઉદ્યોગપતિને મળવા માંગે છે, જેને તે પોતાનો વ્યવસાયિક ભાગીદાર પણ ગણાવી રહી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ઉદ્યોગપતિ માત્ર સોનમ રઘુવંશીનો જૂનો વ્યવસાયિક ભાગીદાર નથી, પરંતુ હત્યા સાથે જોડાયેલા કેટલાક મહત્વપૂર્ણ રહસ્યો પણ જાણી શકે છે. સોનમે મળવાની આ ઈચ્છા અંગે જેલ પ્રશાસનને ઔપચારિક અરજી સુપરત કરી છે. આ વિનંતી પછી, તપાસ એજન્સીઓની ગતિવિધિ વધુ વધી ગઈ છે. હવે પ્રશ્ન એ ઉભો થાય છે કે શું આ ઉદ્યોગપતિને મળીને કોઈ નવી કડી મળી શકે છે, જે રાજા રઘુવંશીની હત્યાના રહસ્યને ઉકેલવામાં મદદ કરશે?



માલદીવની એક હોટલમાં આગમન થતાં ભારતીય સમુદાયના સભ્યો દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સ્વાગત કરવામાં આવી રહ્યું છે.

## સૌથી લાંબા સમય સુધી પ્રધાનમંત્રી રહેનાર બીજા PM બન્યા નરેન્દ્ર મોદી

### પંડિત જવાહર લાલ નેહરૂ સૌથી લાંબા સમય સુધી સતત દેશના પ્રધાનમંત્રી પદે હતા : પીએમ મોદી બીજા સ્થાને



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

નરેન્દ્ર મોદી સતત સૌથી લાંબા સમય સુધી પોતાના પદ પર રહેનાર દેશના બીજા પ્રધાનમંત્રી બની ગયા છે. તેમણે પૂર્વ પીએમ ઈન્દિરા ગાંધીને આ મામલે પાછળ છોડી દીધા છે. પંડિત જવાહર લાલ નેહરૂ સતત સૌથી લાંબા સમય સુધી દેશના પ્રધાનમંત્રી રહ્યા હતા. તેઓ ૧૬ વર્ષ અને ૨૮૬ દિવસ સતત આ પદ પર રહ્યાં હતા. ઈન્દિરા ગાંધી ૪૦૭૭ દિવસ સુધી પ્રધાનમંત્રી રહ્યાં હતા. જ્યારે પીએમ મોદી ૪૦૭૮ દિવસથી આ પદ પર છે. પ્રધાનમંત્રી મોદી ઓક્ટોબર ૨૦૦૧થી મે ૨૦૧૪ સુધી ગુજરાતના મુખ્યમંત્રી રહ્યા હતા. સૌથી લાંબા સમય સુધી ગુજરાતના મુખ્યમંત્રી રહેવાનો રેકોર્ડ પણ નરેન્દ્ર મોદીના નામે છે. નરેન્દ્ર મોદી ૨૦૧૪મા પીએમ બન્યા હતા. તેમણે ૨૫ જુલાઈ ૨૦૨૫ના પોતાના કાર્યકાળના ૪૦૭૮ દિવસ પૂરા કર્યા છે. આ રીતે તેમણે ઈન્દિરા ગાંધીને પાછળ છોડી દીધા છે. પંડિત નેગરૂ ૧૫ ઓગસ્ટ ૧૯૪૭થી ૨૭ મે ૧૯૬૪ સુધી પ્રધાનમંત્રી રહ્યા હતા. તેઓ આશરે ૧૬ વર્ષ અને ૯ મહિના આ પદ પર રહ્યાં હતા. ઈન્દિરા ગાંધી ૨૪ જાન્યુઆરી ૧૯૬૬થી ૨૪ માર્ચ ૧૯૭૭ સુધી પ્રધાનમંત્રી રહ્યાં હતા. તેમણે ૧૧ વર્ષ ૨ મહિના સતત આ પદ પર રહેવાનો રેકોર્ડ બનાવ્યો હતો, પરંતુ હવે નરેન્દ્ર મોદી આ લિસ્ટમાં સામેલ થઈ ગયા હતા. તેઓ ૨૬ મે ૨૦૧૪થી હજુ સુધી પીએમ પદ પર છે. નરેન્દ્ર મોદી પ્રથમ એવા પ્રધાનમંત્રી છે જેમનો જન્મ આઝાદ ભારતમાં થયો છે અને સૌથી લાંબા સમય સુધી પોતાના પદ પર રહ્યાં છે. તેઓ પ્રથમ બિન-કોંગ્રેસી પ્રધાનમંત્રી છે. પીએમ મોદી પૂર્ણ બહુમત બાદ સતત પદ પર રહેનાર પ્રથમ નેતા છે. પંડિત નેગરૂ બાદ એકમાત્ર એવા પ્રધાનમંત્રી છે જેણે કોઈ પાર્ટીના નેતાના રૂપમાં સતત ત્રણ સામાન્ય ચૂંટણી જીતી છે. મોદી કોઈ બિન હિંદી રાજ્યમાંથી સૌથી વધુ સમય પીએમ પદે રહેનાર નેતા પણ છે.

### તિલક વર્માએ સદી ફટકારી

## રોહિત શર્માના ફેવરીટ ખેલાડીએ કાઉન્ટી ચેમ્પિયનશિપમાં મચાવી ધમાલ

### તિલક વર્માએ પણ આ વર્ષે પોતાનું ડેબ્યૂ કર્યું છે અને તે હેમ્પશાયર ક્રિકેટ ક્લબ માટે રમી રહ્યો છે

। (એજન્સી) લંડન, તા.૨૫ ।

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ૫ મેચની ટેસ્ટ શ્રેણી ચાલી રહી છે. આ સાથે, ઈંગ્લેન્ડમાં રમાતી કાઉન્ટી ચેમ્પિયનશિપ પણ ચાલી રહી છે. તેમાં ભારતના ઘણા ખેલાડીઓનો સમાવેશ થાય છે, તિલક વર્માએ પણ આ વર્ષે પોતાનું ડેબ્યૂ કર્યું છે. તે હેમ્પશાયર ક્રિકેટ ક્લબ માટે રમી રહ્યો છે. ગુરુવારે, તેણે અહીં પોતાની બીજી સદી ફટકારી. જે બાદ તેની ચર્ચા ખુબ થઈ રહી છે. ૨૦૨૨ થી મુંબઈ ઈન્ડિયન્સ માટે રમી રહેલા તિલક વર્માએ કાઉન્ટી ચેમ્પિયનશિપમાં પોતાના જોરદાર પ્રદર્શનથી બધાને પ્રભાવિત કર્યા છે. હેમ્પ શાયર માટે રમતા, તેણે ૨૨ જૂન ૨૦૨૫ ના રોજ પોતાની પહેલી મેચ રમી હતી, જેમાં તેણે ૨૪૧ બોલમાં ૧૦૦ રન બનાવ્યા હતા. આ ઈનિંગમાં તિલક ૩ છગ્ગા અને ૧૧ ચોગ્ગા ફટકાર્યા હતા. હેમ્પશાયર ક્રિકેટ ટીમ અને નોટિંગહામશાયર ક્રિકેટ ટીમ વચ્ચે ૨૨ જુલાઈથી શરૂઆત થઈ હતી. પહેલા બેટિંગ કરતા, નોટિંગહામશાયરએ ૫૭૮ રન પર પોતાનો દાવ ડિકલેર કર્યો હતો. લિન્ડન જેમ્સે ૨૦૩ રનની અણનમ ઈનિંગ રમી હતી. જેક હાઈન્સે પણ સદી ફટકારી હતી, તેણે ૧૫ ચોગ્ગાની મદદથી ૧૦૩ રન બનાવ્યા હતા.

ત્રીજા દિવસની રમતના અંત સુધીમાં, હેમ્પશાયર ક્રિકેટ ટીમે ૬ વિકેટ ગુમાવ્યા બાદ ૩૬૭ રન બનાવ્યા છે. તિલક વર્માએ મહત્વપૂર્ણ સદી ફટકારી, તેણે ૨૫૬ બોલમાં ૨ છગ્ગા અને ૧૩ ચોગ્ગાની મદદથી ૧૧૨ રન બનાવ્યા. કાઉન્ટી ચેમ્પિયનશિપમાં આ તિલકની બીજી સદી છે. હેમ્પશાયર ક્રિકેટ ટીમ કાઉન્ટી ચેમ્પિયનશિપ ડિવિઝન ૧ માં સામેલ છે, હાલમાં ટીમ પોઈન્ટ ટેબલમાં ૭ માં ક્રમે છે. ટીમે ૯ ટેસ્ટ મેચમાંથી ફક્ત ૨ જીતી છે અને ૨ હારનો સામનો કરવો પડ્યો છે, અન્ય મેચ ડ્રો રહી છે.

તિલક વર્માએ ODI અને T20 ફોર્મેટમાં ભારત માટે ડેબ્યૂ કર્યું છે, તેણે 4 ODI માં ૬૮ રન અને 25 T20 મેચમાં ૭૪૯ રન બનાવ્યા છે. તિલક T20 માં ૨ સદી અને ૩ અડધી સદી ફટકારી છે. આ ઉપરાંત, તિલક વર્માએ ૨૦ ફર્સ્ટ ક્લાસ મેચોની ૩૧ ઈનિંગ્સમાં ૧૪૦૭ રન બનાવ્યા છે, જેમાં ૬ સદી અને ૫ અડધી સદીનો સમાવેશ થાય છે. તિલક આઈપ ીએલ સહિત કુલ ૧૧૯ ટી૨૦ મેચ રમ્યા છે, જેમાં તેમના નામે ૬૮૫૮ રન છે.

## છેલ્લા ૧૦ વર્ષમાં ૩૦થી વધુ દેશોનો પ્રવાસ કર્યો

। (એજન્સી) ગાઝિયાબાદ, તા.૨૫ ।

ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદમાં નકલી દૂતાવાસ ચલાવનાર આરોપી હર્ષવર્ધન જૈનને લઈને નવા ખુલાસા થયા છે. છેલ્લા ૧૦ વર્ષમાં તેણે ૩૦થી વધુ દેશોનો પ્રવાસ કર્યો છે. આ દરમિયાન તે ૫૩ વખત દુબઈ જઈ ચૂક્યો છે. ઉત્તર પ્રદેશ સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ફોર્સ (UP STF)એ તેની ધરપકડ કરી છે. તેની પૂછપરછ ચાલી રહી છે. તેની પાસેથી અનેક ડિપ્લોમેટિક પાસપોર્ટ મળી આવ્યા છે. તેમણે જે દેશોનો પ્રવાસ કર્યો છે, તેમાં ઈંગ્લેન્ડ, સંયુક્ત આરબ અમીરાત, મોરેશિયસ, ફ્રાન્સ, કેમરૂન, સ્વિટ્ઝર્લેન્ડ, પોલેન્ડ, શ્રીલંકા, બેલ્જિયમનો સમાવેશ થાય છે. STF હર્ષવર્ધનની આવકના સ્ત્રોત અને લેવડ-દેવડની માહિતીની તપાસ કરી રહી છે. તે કયા વિદેશીઓ સાથે સંપર્કમાં હતો તેની પણ તપાસ કરવામાં આવી રહી છે. હર્ષવર્ધને લંડનથી MBAનો અભ્યાસ કર્યો છે. તે લંડનની કોલેજ ઓફ એપ્લાઈડ સાયન્સમાં પણ ભણ્યો છે.

### આ સમાજ માટે ફાયદાકારક સાબિત થશે

## મેઘાલય હવે લગ્ન પહેલા એચઆઈવી ટેસ્ટ ફરજીયાત કરવાની તૈયારીમાં

### મેઘાલય HIV/એઇડ્સના પ્રસારના મામલામાં દેશમાં છઠ્ઠા સ્થાન પર છે અને પૂર્વોત્તર ક્ષેત્ર પર તેનો વધુ પ્રભાવ જોવા મળી રહ્યો છે

। (એજન્સી) શિલોન્ગ, તા.૨૫ ।

દેશનું પૂર્વોત્તર રાજ્ય મેઘાલય હવે લગ્ન પહેલા એચઆઈવી ટેસ્ટ ફરજીયાત કરવાની તૈયારી કરી રહ્યું છે. સ્વાસ્થ્ય મંત્રી એંપરીન લિંગદોહે શુક્રવારે આ વાત કહી છે. તેમણે કહ્યું કે સરકાર રાજ્યમાં એચઆઈવી/એઈડ્સના વધતા કેસને જોતા લગ્ન પહેલા ટેસ્ટ ફરજીયાત કરવા માટે કાયદો લાવવાનો વિચાર કરી રહી છે. તેમણે જણાવ્યું કે મેઘાલય એચઆઈવી/એઈડ્સ પ્રસારના મામલામાં દેશમાં છઠ્ઠા સ્થાન પર છે.

સ્વાસ્થ્ય મંત્રીએ જણાવ્યું કે તેમણે નાયબ મુખ્યમંત્રી પ્રેસ્ટોન ટિનસોંગની અધ્યક્ષતામાં એક બેઠકમાં ભાગ લીધો, જેમાં સમાજ કલ્યાણ મંત્રી પોલ લિંગદોહ અને ઈસ્ટ ખાસી હિલ્સ જિલ્લાના આઠ ધારાસભ્ય પણ સામેલ થયા હતા. આ બેઠકમાં એચઆઈવી/એઈડ્સ પર એક નીતિ બનાવવાની ચર્ચા થઈ.

તેમણે કહ્યું કે સ્વાસ્થ્ય વિભાગને આ સંબંધમાં એક કેબિનેટ નોટ તૈયાર કરવાનો નિર્દેશ આપ્યો છે. સાથે આ પ્રકારની બેઠકો ગારો હિલ્સ અને જૈંતિયા હિલ્સના ક્ષેત્રોમાં આયોજીત કરવામાં આવશે, જેથી ક્ષેત્રવાર રણનીતિ તૈયાર કરી શકાય. સ્વાસ્થ્ય મંત્રીએ ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું કે માત્ર ઈસ્ટ ખાસી હિલ્સ જિલ્લામાં અત્યાર સુધી એચઆઈવી/એઈડ્સના ૩૪૩૨ કેસ સામે આવ્યા છે, જેમાંથી માત્ર ૧૫૮૧ દર્દી સારવાર પ્રાપ્ત કરી રહ્યાં છે.

## ગોવાની ફેની અને કેરળની તાડી બ્રિટનમાં વેચાશે

। (એજન્સી) લંડન, તા.૨૫ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૩-૨૪ જુલાઈના દિવસોમાં યુનાઈટેડ કિંગડમની મુલાકાતે હતા. આ દરમિયાન ભારત અને યુકે વચ્ચે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (FTA) એટલે કે 'મુક્ત વેપાર કરાર' થયા હતા.

આ કરારમાં આમ તો ઘણીબધી ચીજોનો ઉલ્લેખ છે, પણ સવિશેષ ધ્યાન ખેંચે એવી બાબત એ છે કે હવેથી ગોવાની કાજુ ફેની અને કેરળની તાડી જેવા ભારતીય આલ્કોહોલિક પીણાંનું પણ બ્રિટિશ માર્કેટમાં વેચાણ કરી શકાશે. દેશના ઓર્ગેનિક પીણાંને પશ્ચિમી બજારોમાં મળેલા આ પ્રવેશથી ભારતને વર્ષે કરોડો રૂપિયાની આવક થશે અને આલ્કોહોલના ઉત્પાદકોની આર્થિક સ્થિતિ પણ સુધરશે.

આ કરાર હેઠળ ભારતના ઓર્ગેનિક આલ્કોહોલિક પીણાંઓને યુકેમાં GI ટેગ પણ આપવામાં આવશે, જેથી એને નકલની સામે સુરક્ષા મળશે અને એની ગુણવત્તા પણ જળવાશે. આમાં કાજુમાંથી બનાવાતી ગોવાની ફેની, ખજૂરીમાંથી મેળવાતી કેરળની તાડી અને દ્રાક્ષમાંથી બનાવાતી નાસિકની વાઈન જેવા પરંપરાગત આલ્કોહોલિક ઉત્પાદનોનો સમાવેશ થાય છે.

### કોંગ્રેસના ઓબીસી સંમેલનમાં રાહુલ ગાંધીએ કહ્યું

## જાતિ આધારિત વસતી ગણતરી ના થઈ શકી તે મારી જ ભૂલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

દિલ્હીના તાલકટોરા સ્ટેડિયમમાં કોંગ્રેસના ઓબીસી સંમેલનમાં રાહુલ ગાંધીએ ફરી એકવાર જાતિ આધારિત વસતી ગણતરીનો મુદ્દો ઉઠાવ્યો છે. કાર્યકરોને સંબોધતા રાહુલ ગાંધીએ કહ્યું કે, દલિતો અને આદિવાસીઓની સમસ્યાઓ સમજવી સરળ છે, પરંતુ OBC વર્ગના મુદ્દાઓ અને સમસ્યાઓને સમજવી ખૂબ જ મુશ્કેલ છે. જાતિ આધારિત વસતી ગણતરી ન કરવી એ અમારી ભૂલ હતી, પરંતુ હવે અમે સમયસર અમારી ભૂલ સુધારી રહ્યા છીએ. રાહુલ ગાંધીએ કહ્યું કે, હું ૨૦૦૪ થી રાજકારણમાં છું અને આજે જ્યારે પણ હું પાછળ ફરીને જોઉં છું, ત્યારે મને લાગે છે કે મેં ઘણી ભૂલો કરી છે. સૌથી મોટી ભૂલ OBC વર્ગને લઈને થઈ છે. મેં OBC વર્ગના લોકોનું રક્ષણ એ રીતે કર્યું નથી જે રીતે મારે કરવું જોઈએ. કારણ કે હું OBC વર્ગની સમસ્યાઓ અને મુદ્દાઓને ઊંડાણપૂર્વક સમજી શક્યો નથી. જો મને OBC વર્ગના ઈતિહાસ, સંઘર્ષ, મુદ્દાઓ અને સમસ્યાઓ વિશે ખબર હોત, તો મેં જાતિ આધારિત વસતી ગણતરી કરાવી હોત. ભૂલ કોંગ્રેસ પાર્ટીની નથી, પણ મારી છે અને હવે હું મારી ભૂલ સુધારવા જઈ રહ્યો છું. રાહુલ ગાંધીએ OBC વર્ગને દેશની ઉત્પાદક શક્તિ ગણાવી અને કહ્યું કે, મારો ઉદ્દેશ્ય દેશની આ શક્તિને સન્માન આપવાનો છે. તેલંગાણા જાતિ વસતી ગણતરીના ડેટા અનુસાર, તેલંગાણામાં કોઈ પણ OBC, દલિત કે આદિવાસીને કરોડોના કોર્પોરેટ પેકેજ મળ્યા નથી. તેઓ ફક્ત સ્દ્રઈઈચ્છની કતારોમાં ઉભા છે. હું આ લોકોને સન્માન આપવા અને તેમનો ઉન્નતિ કરવા માંગું છું.

### દુલ્હન બધું તળિયાઝાટક કરીને ભાગી

## એક દિવસ લગ્ન કરવાના ગરીબ યુવકે ૮૦ હજાર રૂપિયા ચુકવ્યા

### આ મામલો રાઠ કોતવાલી વિસ્તારના બિલગાંવનો છે, રાહુલ સૈની પોતાના લગ્નને લઈને ખૂબ જ ઉત્સાહી હતો

। (એજન્સી) હમીરપુર, તા.૨૫ ।

દરેક છોકરા-છોકરી પોતાના લગ્નના સપના સેવતા હોય છે. લગ્નને લઈને ખાસ પ્લાનિંગ થતાં હોય છે અને ભવિષ્યને લઈને પોતાના સપના જોતા હોય છે.

આવો જ એક કિસ્સો ઉત્તર પ્રદેશના હમીરપુરમાં રહેતા આ શખ્સ સાથે થયો છે. જ્યારે તેણે જોયું કે તેના લગ્ન નથી થતાં તો તેણે રૂપિયા ખર્ચવાનો નિર્ણય લીધો. તેણે ૮૦,૦૦૦ રૂપિયા આપીને લગ્ન કર્યા અને રાજીખુશી પોતાની દુલ્હનને ઘરે લઈ આવ્યો. પણ આ ખુશીઓ લાંબો સમય સુધી ટકી નહીં. રાતના સમયે દુલ્હન કુંડી લગાવીને ભાગી ગઈ. જ્યારે સવારે વરરાજો ઉઠ્યો તો ઘરની હાલત જોઈ ચીસો પાડવા લાગ્યો. હવે તે પોતાની દુલ્હનને ડ્રોનની મદદથી શોધી રહ્યો છે.

આ મામલો રાઠ કોતવાલી વિસ્તારના બિલગાંવનો છે. અહીં રહેતા રાહુલ સૈની પોતાના લગ્નને લઈને ખૂબ જ ઉત્સાહી હતો. તેણે સુહાગરાતથી લઈને હનીમૂનના સપના પણ જોઈ લીધા હતા. અમુક લોકોને તેણે ૮૦ હજાર રૂપિયા આપીને કાનપુરની રહેવાસી એક મહિલા સાથે લગ્ન કરી લીધા. બધા ખુશ હતા. રાજીખુશીથી દુલ્હન ઘરે પણ આવી ગઈ. લગ્નના બીજા દિવસે જમણવાર રાખ્યો હતો. પરિવારના લોકો તેની તૈયારીમાં હતા. તેમણે ધ્યાન ન આપ્યું કે દુલ્હનના દિમાગમાં શું ચાલી રહ્યું છે. રાત થતાં જ દુલ્હને બહારથી કુંડી લગાવી દીધી અને ભાગી ગઈ. સવારે જ્યારે પરિવાર ઉઠ્યો તો બધાના હોશ ઉડી ગયા. સવારે જ્યારે નવી દુલ્હનને શોધવા ગયા, તો ક્યાંય તેનો પત્તો લાગ્યો નહીં. પરિવારને ઘરમાં જોયું તો તેમના દાગીના અને રોકડ રકમ ગાયબ હતી. હવે રાહુલના પિતા દયારામ સૈનીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી.

આ બાજુ ઘટનાની જાણ થતાં ગામ લોકોના ટોળા ભેગા થયા હતા અને ભાગેલી દુલ્હનને શોધવા લાગ્યા. વરરાજો રાહુલ ડ્રોન કેમેરાથી ગામડાના ખેતરમાં શોધી રહ્યો હતો, ત્યારે દુલ્હનના કપડાં ખેતરમાંથી મળ્યા. પણ દુલ્હનનો ક્યાંય પત્તો લાગ્યો નહીં. જો કે રાતમાં દુલ્હન જતી હોવાનો વીડિયો સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયો છે.

### સરકારની મોટી કાર્યવાહી

## Ullu-ALTT સહિત 25 OTT પ્લેટફોર્મ્સ પર લગાવ્યો પ્રતિબંધ

### સોફ્ટ પોર્ન કન્ટેન્ટ પીરસતા આ પ્લેટફોર્મ્સ સામે કાર્યવાહી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

સરકારે 25 OTT પ્લેટફોર્મ્સ પર કડક કાર્યવાહી કરી છે. સોફ્ટ પોર્ન કન્ટેન્ટ પીરસતા આ પ્લેટફોર્મ્સ સામે સરકારે કડક વલણ અપનાવ્યું છે અને તેના પર પ્રતિબંધ લાદ્યો છે. આ લિસ્ટમાં ઉલ્લુ (Ullu), એએલટીટી (ALTT), ડેસિફ્લિક્સ (Desiflix) થી લઈને બિગ શોટ્સ (Big ShOs) જેવા OTT પ્લેટફોર્મના નામો છે. ભારત સરકારે ગેરકાયદેસર અને આપત્તિજનક ડિજિટલ કન્ટેન્ટ રજૂ કરતી ૨૫ એપ્લિકેશન્સ અને વેબસાઈટ્સને બ્લોક કરવાનો આદેશ આપ્યો છે.

માહિતી અને પ્રસારણ મંત્રાલયે આ અંગે ઈન્ટરનેટ સેવા પ્રદાતાઓ (ISPs)ને સ્પષ્ટ નિર્દેશો જારી કર્યા છે કે આ વેબસાઈટ્સને ભારતમાં જનતા માટે તાત્કાલિક બ્લોક કરવામાં આવે. સરકારે આ કાર્યવાહી માહિતી ટેકનોલોજી અધિનિયમ, 2000 (IT Act, 2000) અને આઈટી નિયમો, ૨૦૨૧ (Intermediary Guidelines and Digital Media Ethics Code) હેઠળ કરી છે.

લિસ્ટમાં કોના-કોના નામ?

સરકારે જે એપ્સ અને વેબસાઈટ્સ પર ગેરકાયદેસર, આપત્તિજનક અને અશ્લીલ કન્ટેન્ટ હોવાની વાત કરી છે, તેમાં ૨૫ નામો સામેલ છે. તેમાં એએલટીટી (ALTT), ઉલ્લુ (ULLU), બિગ શોટ્સ એપ (Big ShOs App), ડેસિફ્લિક્સ (Desiflix), બૂમેક્સ (Boomex), નવરસ લાઈટ (Navarasa Lite), ગુલાબ એપ (Gulab App), કંગન એપ (Kangan App), બુલ એપ (Bull App), જલવા એપ (Jalva App), વાવ એન્ટરટેઈનમેન્ટ (ow Entertainment), લુક એન્ટરટેઈનમેન્ટ (Loko Entertainment), હિટપ્રાઈમ (Hitprime), ફેનો (Feneo), શો એક્સ (ShowX), સોલ ટોકીઝ (Sol Talkies), અડ્ડા ટીવી (Adda TV), હોટએક્સ વીઆઈપી (HOX VIP), હુલચુલ એપ (Hulchul App), મૂડએક્સ (MoodX), નિયોનએક્સ વીઆઈપી (NeonX VIP), ફુગી (Fugi), મોજફ્લિક્સ (Mojflix), ટ્રાઈફ્લિક્સ (Triflicks)નો સમાવેશ થાય છે. આ વેબસાઈટ્સને આઈટી એક્ટની કલમ 67 અને 67A, ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ ૨૯૪, અને મહિલા અશ્લીલ ચિત્રણ નિષેધ અધિનિયમ, ૧૯૮૬ની કલમ ૪ના ઉલ્લંઘનની દોષી ઠેરવવામાં આવી છે. સરકારે ચોખ્ખા શબ્દોમાં કહ્યું છે કે દરેક ડિજિટલ પ્લેટફોર્મે આ નિયમોનું પાલન કરવું જરૂરી છે. જો નહીં કરે તો તેની સામે કાનૂની કાર્યવાહી કરી શકાય છે.

## તંત્રી લેખ...

# નક્સલીઓને સરકારે રૂ. ૫૦-૫૦ હજારનું પ્રોત્સાહન આપ્યું

છત્તીસગઢમાં સુરક્ષા દળો દ્વારા ચલાવવામાં આવી રહેલા નક્સલી ઓપરેશનની મજબૂત અસર હવે દેખાઈ રહી છે. છેલ્લા બે વર્ષમાં નક્સલી એન્કાઉન્ટરમાં જે રીતે સફળતા મળી છે, તે રીતે લાલ આતંક હવે બેકફૂટ પર આવતો જોવા મળી રહ્યો છે. આ ઉપરાંત પુનર્વસન નીતિ અને 'નેયદા નેલાનાર' અભિયાનની પણ અસર પણ દેખાઈ રહી છે. આ દરમિયાન ગુરુવારે છત્તીસગઢના ૫ જિલ્લાઓના કુલ ૬૬ નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું છે. જેમાં સુકમા (૫), નારાયણપુર (૮), દાંતેવાડા (૧૬), કાંકેર (૧૩) અને બીજાપુર (૨૫) સામેલ છે. મોટાભાગના નક્સલીઓ પર ઈનામ હતું, જેની કુલ રકમ રૂ. ૨.૨૭ કરોડ છે. આત્મસમર્પણ કરનારા નક્સલીઓને સરકાર દ્વારા રૂ. ૫૦-૫૦ હજારનું પ્રોત્સાહન પણ આપવામાં આવ્યું છે. તમામ આત્મસમર્પણ કરનારા નક્સલીઓને રાજ્ય સરકાર દ્વારા ચલાવવામાં આવતી પુનર્વસન યોજના હેઠળ સહાય આપવામાં આવશે. આમાં સુરક્ષા, રહેઠાણ, આજીવિકા અને સામાજિક પુનર્વસનનો સમાવેશ થાય છે. નારાયણપુરમાં મુકેશ સાથે આત્મસમર્પણ કરનારા કુલ ૮ સક્રિય માઓવાદીઓમાં ચાર મહિલા નક્સલીઓ પણ શામેલ છે. બધા નક્સલીઓ પર કુલ રૂ. ૩૩ લાખનું ઈનામ હતું. આત્મસમર્પણ કરનારા નક્સલી મુકેશે કહ્યું કે હવે માઓવાદી સંગઠન અંદરથી તૂટી રહ્યું છે.

## રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કાર્યાલયમાં ત્રણ વર્ષ પૂર્ણ કર્યા, રાષ્ટ્રપતિ ભવન ખાતે વિવિધ પહેલો શરૂ કરી








ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ આજે (૨૫ જુલાઈ, ૨૦૨૫) કાર્યાલયમાં ત્રણ વર્ષ પૂર્ણ કર્યા છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ તેમના કાર્યકાળના ત્રીજા વર્ષ પૂર્ણ કરી રહ્યા છે અને રાષ્ટ્રપતિ ભવન અને રાષ્ટ્રપતિ ભવન ક્ષેત્રે હાથ ધરવામાં આવેલી વિવિધ મહત્વપૂર્ણ પહેલોમાં ભાગ લીધો, જેમાં સામેલ છે:

દિવ્યાંગજન-મૈત્રીપૂર્ણ રાષ્ટ્રપતિ સંપદાની ઘોષણા. પંડિત દીનદયાળ ઉપાધ્યાય રાષ્ટ્રીય શારીરિક વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે સંસ્થા દ્વારા ૫૦-મુદ્દાની ભલામણને અમલમાં મૂક્યા પછી રાષ્ટ્રપતિ ભવન, અમૃત ઉદ્યાન અને રાષ્ટ્રપતિ ભવન સંગ્રહાલય દિવ્યાંગજન-મૈત્રીપૂર્ણ પરિસર બન્યા.

૨૨ ભારતીય ભાષાઓમાં રાષ્ટ્રપતિ ભવનની વેબસાઈટ્સનું લોન્ચિંગ. રાષ્ટ્રપતિ ભવનની સત્તાવાર વેબસાઈટ્સ - https://www.rashtrapatibhavan.gov.in/ અને https://www.presidentofindia.gov.in/ - હવે ૨૨ ભારતીય ભાષાઓમાં ઉપલબ્ધ છે.

રાષ્ટ્રપતિ ભવનના મુલાકાતીઓ અને રહેવાસીઓ માટે વિવિધ સુવિધાઓનું જેમ કે રાષ્ટ્રપતિ ભવનમાં મુલાકાતી સુવિધા કેન્દ્ર, હૈદરાબાદના રાષ્ટ્રપતિ નિલયમ ખાતે નિલયમ કુંજ, મશોબ્રાના રાષ્ટ્રપતિ નિવાસ ખાતે કાફેટેરિયા, સોવેનીર શોપ અને રિસેપ્શન રૂમ અને રાષ્ટ્રપતિ ભવનમાં નવીનીકૃત જીમ ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે.

ઈ-ઉપહાર સીઝન ૨નું લોન્ચિંગ, જેમાં ૨૫૦થી વધુ વસ્તુઓની હરાજી થશે. હરાજીમાંથી મળેલી બધી રકમ બાળકોના કલ્યાણને ટેકો આપતી પહેલોને દાનમાં આપવામાં આવશે. વિગતો - https://upahaar.rashtrapatibhavan.gov.in/

ઈ-બુકનું લોન્ચિંગ - રાષ્ટ્રપતિ પદના છેલ્લા એક વર્ષની ઝલકનું સંકલન (લિંક https://rb.nic.in/eboko25.htm).

માર્ચ ૨૦૨૭ સુધીમાં રાષ્ટ્રપતિ ભવનને નેટ ઝીરો બનાવવા માટે પહેલ શરૂ.

વિવિધ પહેલોના લોન્ચિંગ પ્રસંગે પોતાના ટૂંકા ભાષણમાં રાષ્ટ્રપતિએ કહ્યું કે, એ સંતોષની વાત છે કે છેલ્લા ત્રણ વર્ષમાં, ઘણા નિર્ણયો લેવામાં આવ્યા છે અને કાર્યો કરવામાં આવ્યા છે. જેનાથી રાષ્ટ્રપતિ ભવનમાં નાગરિકોનો સમાવેશ વધ્યો છે. સમાજના તમામ વર્ગો, ખાસ કરીને વંચિત અને પછાત વર્ગોને દેશની વિકાસ યાત્રા સાથે અસરકારક રીતે જોડવાનો અમારો હંમેશા પ્રયાસ રહ્યો છે. રાષ્ટ્રપતિ ભવનમાં દિવ્યાંગજનો માટે વધુ સુલભતા પ્રાપ્ત થઈ તે અંગે તેમણે ખુશી વ્યક્ત કરી. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આગામી દિવસોમાં વિવિધ નવી પહેલો થશે.

### શિવ તત્ત્વ વિશે આપણે તો શું લખી શકીએ? કારણકે એ અહર્નિશ અવિનાશી તત્વ છે

# અઢાર પુરાણોમાં શિવ પુરાણ પ્રસિદ્ધ પુરાણ છે! જે સાત સંહિતામાં વિભાજિત છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**આ શાસ્ત્ર કાળ રૂપી સર્પનાં ત્રાસથી મુક્ત કરનાર, એટલે જ શિવ પુરાણ. અંતકાળે શિવ પુરાણ સાંભળનાર ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ નામનાં ચારેય પુરુષાર્થ કે ફળને પામી અને શિવલોકમાં જશે. આમ શિવ પુરાણનું મહાત્મ્ય કહેતાં સૂતજી આગળ કહે છે.**

હે દેવાધિદેવ મહાદેવ.

સૌનાં હ્રદયમાં કરુણા રુપે રહેલાં આપનાં સૌમિત્રી સ્વરૂપને સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ગઈકાલથી શ્રાવણ માસ શરૂ થઈ ગયો છે, અને લોક હ્રદયમાં શ્લોક વાળી તથા લોક વાળી સીધી સાદી ઓમ નમઃ શિવાયનાં નાદ થી ધ્રુજતી ભીતરી ધરા ભક્તિ ભાવથી ભીંજાઈ રહી છે. શિવ તત્ત્વ વિશે આપણે તો શું લખી શકીએ? કારણકે એ અહર્નિશ અવિનાશી તત્વ છે, એનાં સ્મરણ માત્રથી હ્રદયની મલિનતા ઓછી થતી જાય છે અને જીવ શુભ તત્વ પ્રેરિત થતો જાય છે. પરંતુ આપણા મુખ્ય ચાર ધર્મ સંપ્રદાયનો એક ફાંટો શૈવ ધર્મ તરફ ફંટાયેલો છે, અને એમાં ભગવાન શંકરની સર્વોપરી સત્તાને સ્વીકારવામાં આવી છે, તો જે આદિ છે, મધ્ય છે, અને જેનો કોઈ અંત નથી, એવા ભગવાન શિવ શંકરનાં ગુણગાન યુગો યુગોથી દેવ દેવીઓ મહર્ષિઓ, બ્રહ્મર્ષીઓ, મુનિઓ, ગાંધર્વો ,કિન્નરો, તેમજ દાનવો પણ કરતાં આવ્યાં છે.



ભગવાન શિવનું નામ આવે અને આંખ સામે કાં તો શિવલિંગ સ્વરૂપે દેખાય, અને કાં તો કૈલાશ પર સ્થિત એવા ભગવાન શંકરની ધ્યાનસ્થ મુદ્રા દેખાય. જેમાં ભગવાન શંકર મૃગચર્મ પર બિરાજમાન છે, હાથમાં ત્રિશૂળ છે, ભાલમાં બીજનો ચંદ્ર ચમકે છે, જેને ત્રીજી આંખ પણ છે, જટામાંથી ગંગધાર વહે છ, જેના ગળામાં સર્પ અને મુંડ માળ છે, જે દિગંબર છે. સો સો સૂર્ય જેમ જેનાં અંગોની કાંતિ દેદીપ્યમાન છે, એ તેજ કપુર જેમ મહેંકે પણ છે. આ ઉપરાંત આપણે એનાં ત્રિગુણાતિત સ્વધર્મને પણ આદર્શોથી આલેખ્યો છે. જીવ માત્રને પ્રેરણા આપે એવાં નામથી નવાજ્યા પણ છે! પરંતુ એક સીધો પ્રશ્ન થાય કે હકીકતમાં આ શિવશંકર છે કોણ? અને મને એ સ્વરૂપ પ્રત્યે આટલું આકર્ષણ શું કામ છે?

તો શિવ તત્વને ખુદ શિવ એ પોતાના મુખે જ પોતાનાં પ્રધાન ગણ નંદીને આ કથા સંભળાવી, નંદી એ સનત કુમારોને આ શિવ કથા સંભળાવી. સનત કુમારો એ આ શિવ કથા વેદ વ્યાસને સંભળાવી, અને તેમણે આ આખી કથાનું ક્રમમાં આલેખન કર્યું છે. વેદ વ્યાસે આ શિવકથા સૂતજી ને આપી અને સૂતજી એ નૈમિષારણ્યમાં આ શિવ કથા ૮૮૦૦૦ ઋષિમુનિઓને સંભળાવી, જે સૂત શૌનક નાં સંવાદ તરીકે આપણને ઉપલબ્ધ છે.

સનાતન ધર્મમાં અઢાર પુરાણની વાત છે, જેમાં ચોથા સ્થાને રહેલ શિવ પુરાણ સુપ્રસિદ્ધ અને મુખ્ય પુરાણ છે. જેમાં પરાત્પર પરબ્રહ્મ પરમેશ્વરના અત્યંત કલ્યાણકારી સ્વરૂપ તરીકે શિવ સ્વરૂપનું સાત્વિક તાત્વિક વિવેચન કરી, અને કંઈક રહસ્યો ને ઉદ્ઘાટિત કરનારો શિવ મહિમા ગાયો છે! અને તેથી આપણને જ્ઞાત થાય કે શિવશંકર એ માત્ર કોઈ પૌરાણિક દેવ માત્ર નથી, પરંતુ જીવમાત્ર માં રહેલા પંચભૂતની પૃષ્ટિ કરનાર મુખ્ય પંચદેવ માંના એક છે. આ ઉપરાંત ભગવાન શિવ સર્વ કલા ઓમા પ્રવિણ છે, આગમ નિગમ સર્વ શાસ્ત્રમાં જેનો મહિમા ગવાયો છે. ચારે વેદ પણ શિવ નામના પરમ તત્વની પુષ્ટિ કરતાં કહ્યું કે, શિવ અવ્યક્ત છે, અજન્મા છે, અને છતાં વિશ્વ પ્રંપચ ના સૃષ્ટા છે, એટલે કે સર્જક છે,પાલક અને સંહારક છે. શ્રુતિ એ જીવનાં સાશ્વત સત્ય ને ઉદ્ઘાટિત કરતાં કહ્યું કે શિવ સ્વયંભૂ છે, ત્રિગુણાતિત છે, અથવા પ્રંપચ મુક્ત છે, અને એટલે જ એણે એનાં એક પણ રુપ સ્વરૂપને છુપાવ્યા નથી. યુગો યુગોથી શિવ પરાત્પર પરબ્રહ્મ પરમેશ્વર, કે દેવોના દેવ મહાદેવ તરીકે લોક હ્રદયમાં સ્થાન પામ્યા છે.

શિવ પુરાણના ૨૪૦૦૦ શ્લોકનું સાત સંહિતામાં વિભાજિત કરવામાં આવ્યું છે. (૧) વિદ્યેશ્વર સંહિતા (૨) રુદ્ર સંહિતા (૩) શત રુદ્ર સંહિતા. (૪) કોટી રુદ્ર સંહિતા. (૫) ઉમા સંહિતા (૬) કૈલાસ સંહિતા (૭) વાયુ સંહિતા દરેક ગ્રંથનું મહાત્મય હોય છે, એમ શિવપુરાણનું પણ મહાત્મય છે, અને એમાં શિવ પુરાણ શું કામ સાંભળવું જોઈએ? કેવા કેવા પાપનો નાશ કરે છે? અથવા તો શિવ કેટલાં ઉદાર છે!એ ઉદાહરણ સહિત બતાવ્યું છે.

નૈમિષારણ્યમાં શ્રી શૌનક મુનિ મહાજ્ઞાની સૂતજી ને પુછે છે, આપ મહાજ્ઞાની છો, અને સર્વ સિદ્ધાંતોનાં જ્ઞાતા છો, આપ અમને પુરાણોની કથાઓનો સાર બતાવો! કામ ક્રોધ લોભ કપટ વગેરે ભીતરનાં માનવીય ભાવોનું નિરાકરણ બતાવો. જ્ઞાન અને વૈરાગ્યનાં આચરણથી પ્રાપ્ત થતી ભક્તિથી વરદાન રુપે પ્રાપ્ત થતાં વિવેકની વૃદ્ધિ કંઈ રીતે થાય છે? એ બતાવો. કળિયુગમાં હવે દાનવ અને માનવ વચ્ચે એવો કોઈ દેખીતો ભેદ રહ્યો નથી, ત્યારે આ પૃથ્વીલોક ના જન સમુદાયને પવિત્ર અને શુદ્ધ કરનારી દૈવીય સંપત્તિથી તેનું હ્રદય છલકાઈ જાય, અથવા તો ગુણોની મહેકથી ગદગદ થઈ જવાય, સકલ સૃષ્ટિ માટે શુભ અને મંગલકારી હોય એવા કોઈ ચરિત્રની કથા સંભળાવો.

સૂતજી શૌનકજી મુનિનો આભાર વ્યક્ત કરતાં કહે છે હે મુનિ શ્રેષ્ઠ! તમે ધન્ય છો! કેમ કે તમારાં હ્રદયમાં શિવ કથા સાંભળવા માટેની એટલે કે શુભ મંગલની લાલસા છે, પરમ તત્વ માટે પ્રેમ છે. શિવ પુરાણનું મહાત્મ્ય કહેતાં સૂતજી કહે છે, હે મુનિ શ્રેષ્ઠ, હું શુદ્ધ બુદ્ધિથી તમને પરમ અને ઉત્તમ શાસ્ત્રનું પાન કરાવવા જઈ રહ્યો છુ, જે શાસ્ત્રોનાં સિદ્ધાંતથી પરિપૂર્ણ છે, ભક્તિને વધારનાર અને શંકરને પ્રસન્ન કરનાર છે, અને જેનાં શ્રવણ માત્રથી કાનમાં અમૃત રસાયણ રેલાયું હોય એવી પ્રતીતિ થાય છે. આ શાસ્ત્ર કાળ રૂપી સર્પનાં ત્રાસથી મુક્ત કરનાર, એટલે જ શિવ પુરાણ. અંતકાળે શિવ પુરાણ સાંભળનાર ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ નામનાં ચારેય પુરુષાર્થ કે ફળને પામી અને શિવલોકમાં જશે. આમ શિવ પુરાણનું મહાત્મ્ય કહેતાં સૂતજી આગળ કહે છે. જે મનુષ્ય પાપી દુરાચારી કપટી અને કામ ક્રૌધમાં નિરંતર રમમાણ રહેનાર છે, એ પણ શિવ પુરાણનાં પઠન કે શ્રવણથી શુદ્ધ અને પવિત્ર થઈ જાય છે.

ઘણા સમય પહેલાં કિરાતોનાં નગરમાં એટલે કે આદિવાસી જેવી જાતિનો સમુહ જ્યાં રહેતો હતો, એવાં સમુહમાં એક દેવરાજ નામનો બ્રાહ્મણ રહેતો હતો, પણ લક્ષણોથી તે બ્રાહ્મણ જેવો બિલકુલ હતો નથી, અને પૂર્ણપણે દુરાચારી હતો. બ્રાહ્મણ હોવા છતાં એ વૈશ્ય વૃત્તિમાં એટલે વેપારમાં પ્રવૃત રહેતો હતો. બ્રાહ્મણ માટેનાં સ્નાન સંધ્યા જેવા મુખ્ય વૈદિક ધર્મથી વિમુખ થઈ વૈશ્યા ગમન પણ કરતો હતો. એકવાર એ ફરતો ફરતો તીર્થ પ્રયાગમાં આવે છે, ત્યાં તાવથી પીડાય છે. તાવથી તપ્ત શરીર સાથે એ કોઈ મંદિરમાં રહે છે, અને ત્યાં કોઈ સંત મુખે શિવ પુરાણની કથા સાંભળે છે, સતત એક માસ સુધી દેવરાજ તાવની વ્યાધિથી ત્રસ્ત રહે છે અને એ રીતે એ એક માસ સુધી શિવ પુરાણની કથા સાંભળે છે, પણ ત્યારબાદ એ મૃત્યુ પામે છે. દેવરાજનું જીવન વિકોરોથી ખદબદતુ હતું, એટલે અંત વેળાએ યમદૂત એને લેવા આવે છે, અને મુશ્કેટાટ બાંધી યમ નગરીમાં લાવે છે! પણ ત્યાં કપૂર જેવા ગૌરવવંતા શરીરધારી ભગવાન શિવનાં પાર્ષદો આવ્યાં ! જેમના અંગો ભસ્મ ચોળેલા હતાં અને ગળામાં રુદ્રાક્ષની માળા પહેરેલી હતી. આ શિવ ગણોએ દેવરાજને યમનગરી માંથી છોડાવીને શિવલોકમાં સ્થાન આપ્યું. આગળના અધ્યાયમાં ચંચુલા અને એનાં પતિ બિન્દુગ કે જે બંને પણ બ્રાહ્મણ હતા છતાં પાપાચારી હતાં, પણ શિવ પુરાણ સાંભળ્યા પછીની મુક્તિની વાત આવે છે. બસ આ રીતે શ્રાવણી અભિષેકમાં કોઈ ને કોઈ રુપે શંકરનાં ગુણગાન ગાઈને આપણે પણ શિવ લોકમાં સ્થાન પ્રાપ્ત કરી શકીએ. ૐ નમઃ શિવાય.

### શ્રાવણ માસમાં શિવ મહિમા-૨


# શિવના પાર્થિવલિંગનો મહિમા સંખ્યા, ફળ-પૂજન વિશે જાણીએ



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**માટીના શિવલિંગને પાર્થિવ શિવ લિંગ કહેવામાં આવે છે. પાર્થિવ શિવલિંગ બનાવવા માટે, પવિત્ર નદી અથવા તળાવની માટીનો ઉપયોગ કરવો શ્રેષ્ઠ માનવામાં આવે છે.જો તે ઉપલબ્ધ ન હોય, તો તમે તમારા ઘરના બગીચા અથવા કોઈપણ સ્વચ્છ જગ્યાએ થી માટી પણ લઈ શકો છો.**

શ્રાવણ માસ શરૂ થયો છે ત્યારે આજે આપણે શ્રાવણ માસ શિવમહિમા - ૨માં પાર્થિવલિંગનો મહિમા જોઈએ તો સર્વલીંગોમાં પાર્થિવલિંગ ઉત્તમ છે, તેના પૂજન થી અનેક લોકો સિધ્ધી પામ્યા છે. આઠ પ્રકારની મુર્તિઓમાં પાર્થિવ લિંગની આરાધના પવિત્ર ધન્ય, આયુષ્ય વધારનારી સંતોષ અને પુષ્ટિ આપનારી તથા લક્ષ્મીનો વધારો કરનારી છે. તેથી તેની પુજા અવશ્ય કરવી જોઈએ પાર્થિવ લિંગ અખંડ જ બનાવવું તેને ખંડિત કરવું નહિ જે ખંડિત લિંગ બનાવે છે, તેને પુજાનું ફળ મળતું નથીશ્રાવણ મહિનામાં આ રીતે પાર્થિવ શિવલિંગ બનાવો જાણો નિયમો અને મંત્રો શ્રાવણ મહિના માં આ રીતે પાર્થિવ શિવલિંગ બનાવો, જાણો નિયમો અને મંત્રો શિવભક્તિના ખાસ મહિનામાં, મહાદેવની પૂજામાં શિવલિંગનું વિશેષ મહત્વ છે. એવું માનવામાં આવે છે કે શિવલિંગ ભગવાન શિવનું સૌથી પ્રાચીન પ્રતીક છે. જ્યાં તમે મૂર્તમાંથી નિરાકાર તરફ આગળ વધો છો.તે બ્રહ્માંડ અને બ્રહ્માંડનુંપ્રતિનિધિત્વ નું પ્રતીક છે.શિવલિંગનો અર્થફક્ત શિવના અસ્તિત્વનો જ નથી પરંતુ તે તે પરમ ચેતનાનું પણ પ્રતીક છે જે શાંતિથી દેખાય છે અને હંમેશા ગતિમાં રહે છે. તેવી જ રીતે, પાર્થિવ શિવલિંગનો અર્થ માટીથી બનેલું શિવલિંગ થાય છે,જે ખાસ કરીને ધાર્મિક વિધિઓ, ઉપવાસ અથવા શ્રાવણ મહિના જેવા પવિત્ર સમયમાં પૂજા માટે તૈયાર કરવામાં આવે છે.ગંગાજળ ઉમેરીને પાર્થિવ શિવલિંગ બનાવો



માટીના શિવલિંગને પાર્થિવ શિવ લિંગ કહેવામાં આવે છે. પાર્થિવ શિવલિંગ બનાવવા માટે, પવિત્ર નદી અથવા તળાવની માટીનો ઉપયોગ કરવો શ્રેષ્ઠ માનવામાં આવે છે.જો તે ઉપલબ્ધ ન હોય, તો તમે તમારા ઘરના બગીચા અથવા કોઈપણ સ્વચ્છ જગ્યાએ થી માટી પણ લઈ શકો છો. માટીનું શિવલિંગ ગાયના છાણ, ગોળ, માખણ, રાખ, માટી અને ગંગાજળ ને ભેળવીને બનાવવામાં આવે છે. માટીનું શિવલિંગ બનાવતી વખતે આ બધી વસ્તુઓને એકસાથે મિક્સ કરો અને પછી ગંગાજળ ઉમેરો અને તેને બનાવો. માટીનું શિવ લિંગ બનાવતી વખતે પવિત્ર માટીનો ઉપયોગ કરવાનું યાદ રાખો દિશા સૌપ્રથમ, જે પાત્રમાં તમે શિવલિંગ બનાવી રહ્યા છો તેના તળિયે બિલ્લી પત્ર રાખો. બિલ્લી પત્રની દાંડી ઉત્તર દિશામાં રાખવાનું યાદ રાખો અને પૂર્વ તરફ મુખ રાખીને બેસો.શિવલિંગ નું કદ ખૂબ મોટું ન હોવું જોઈએ, પરંતુ તે પૂરતું હોવું જોઈએ જેથી તમે તેને સરળતાથી સ્થાપિત કરી શકો અને પૂજા પછી તેનુંવિસર્જન કરી શકો.

શિવલિંગની સાથે, તમે માટીમાંથી મા પાર્વતી,ગણેશજી, કાર્તિકેયજી અને નંદીજીની નાની મૂર્તિઓ પણ બનાવી શકો છો.મંત્રોનો જાપ શિવલિંગ બનાવતી વખતે તમે શિવ મંત્રોનો જાપ કરી શકો છો. બ્રાહમણ પાર્થિવ શિવલિંગનું પૂજન કરતો નથી,તે શૂલપ્રોત નામના અતિ ભયંકર ઘોર નરકમાં જાય છે પાર્થિવ લિંગની પુજા નદી કિનારે કે તળાવે પર્વત ઉપર, જંગલમાં શિવાલયમાં કે કોઈ પવિત્ર સ્થાનમાં કરવી પાર્થિવ પ્રતિમાનું પૂજન; મુનીઓએ ભગવાન સદાશિવની પાર્થિવ પ્રતિમાની પૂજન વિધિ જાણવાની ઈચ્છા વ્યક્ત કરી.સુતજી બોલ્યા હે બ્રાહ્મણો ! તળાવ,નદી કે કૂવાના જળની અંદર ની માટી લાવી તેને સુગંધિદાર દ્રવ્યોથી પવિત્ર બનાવી તેમજ દૂધ થકી ભીંજવીને પાર્થિવ પ્રતિમા બનાવવી પ્રતિમાને દરેક અંગ પ્રત્યંગ તેમજ આયુધયુક્ત બનાવવી ત્યારબાદ સુંદર મંડપ બનાવી આદરપૂર્વક પ્રતિમાની સ્થાપના કરી,તેનું ષોડસોપચારથી પૂજન કરવું.જેના પુષ્પ થકી પ્રોક્ષણ અને મંત્ર થકી અભિષેક કલ્પવા અભિષેકથી આત્માની શુદ્ધિ થાય.ગંધથી પુણ્ય મેળવાય, નૈવેધથી આયુષ્ય અને તૃપ્તિ મળે ધૂપ કરવાથી ધન મળે,દિવાના પ્રાકટ્યથી જ્ઞાન અને પાનબીડાથી ભોગ મેળવાય છે ભગવાન સદા શિવની શ્રધ્ધાભાવથી ભક્તિ-અર્ચન કરવાથી તે પ્રસન્ન થાય છે તેમની દયા ઉતરે,મનોકામના સિધ્ધ થાય.સદાશિવની ભક્તિ પૂર્વક પુજા કરવાથી મોક્ષ મળે છે. પાર્થિવ લિંગની સંખ્યા ફળ; હે મુનિઓ! વિધ્યા ઈચ્છતા પુરુષે એક હજાર પાર્થિવ શિવલિંગ બનાવી તેનું પૂજન કરવું.ધન ઈચ્છનારે પાંચસો પાર્થિવ લિંગનું પુત્ર પંદર પાર્થિવલિંગનું,સોનું અને વસ્ત્ર ઈચ્છનારે પાંચસો, પૃથ્વીની ઈચ્છવાળાએ એક હજાર, મોક્ષ ઈચ્છનારે એક કરોડનું,દયાની ઈચ્છવાળાએ ત્રણ હજારનું, તીર્થની ઈચ્છવાળાએ બે હજારનું,મિત્ર ઈચ્છનારે ત્રણ હજારનું,કોઈને વશ કરવાની ઈચ્છાવાળાએ આઠસોનું, મરણ ઈચ્છનારાએ સાતસોનું, મોહ ન ઈચ્છનારે આઠસોનું, ઉચાટન કરવા તૈયાર થયેલાએ એક હજારનું સ્તંભન ઈચ્છનારે એક હજારનું,દ્વેષ ઈચ્છનારે પાંચસોનું બંધનથી છૂટવા ઈચ્છનારે દોઢ હજારનું મહારાજાના ભય સમયે પાંચસોનું ચોરના સંકટ સમયે બસનું,ડાકણ વગેરેનો ભય દૂર કરવા પાંચસોનું,દરિદ્રતા દૂર કરવા પાંચહજારનું,દરેક પ્રકારની કામના પૂર્ણ કરવા દશ હજાર પાર્થિવ શિવલિંગોનું પૂજન કરવું જોઈએ પાર્થિવ શિવલિંગોનું પૂજન કરોડો યજ્ઞોનું ફળ મળે છે, તથા કામના વાળા મનુષ્યોને કાયમી ભોગ ને મોક્ષ બંને આપે છે..તેવી પ્રાર્થના સહ અસ્તુ.

### સમંથાએ તેલુગુ ફિલ્મ કરી તેને ઘણો લાંબો સમય વિતી ગયો છે

# પોતાનાં તેલુગુ કમબેક માટે સમંથા પ્રોડ્યુસર બનશે એવી ચર્ચા

સમંથાએ તેલુગુ ફિલ્મ કરી તેને ઘણો લાંબો સમય વિતી ગયો છે. જોકે, થોડા વખત પહેલાં એક તેલુગુ ફિલ્મ 'શુભમ'માં કેમિયો રોલ કર્યો હતો. તે પણ તેના પોતાના પ્રોડક્શનની ફિલ્મ હતી. આ હોરર કોમેડી ફિલ્મ બોક્સ ઓફિસ પર પણ હિટ રહી હતી અને હાલ આ ફિલ્મ જિઓ હોટ સ્ટાર પર ઉપલબ્ધ છે. તાજેતરમાં એવા અહેવાલો છે કે તે તેલુગુ ફિલ્મમાં કમબૅક કરવાની તૈયારી કરી રહી છે, તે એક ન્યુ એજ સોશિયલ ડ્રામા સાથે લીડ રોલ કરવા માગે છે. નોંધ લેવા જેવી વીત એ પણ છે કે તેનું નવું પ્રોડક્શન હાઉસ ત્રલાલા મુવિંગ પિક્ચર્સ પણ તેની ફિલ્મ પ્રોડ્યુસ કરી શકે છે. સમંથા સાથે 'જબરદસ્થ' અને 'ઓહ બેબી' જેવી ફિલ્મ કરી ચૂકેલા નંદિની રેડ્ડી તેની આ ફિલ્મ ડિરેક્ટ કરશે એવી ચર્ચા છે. મહત્વની વાત એ છે કે આ ફિલ્મ બહુ નિયંત્રિત બજેટમાં બનશે. હાલ તેજ ગતિએ તેની ફિલ્મનું પ્રી પ્રોડક્શનનું કામ ચાલે છે, આ અંગે વધુ માહિતી ધીરે ધીરે જાહેર કરવામાં આવશે. થોડાં મહિનાઓ પહેલાં આ ફિલ્મ અંગે કેટલાક અહેવાલો આવ્યા હતા. જોકે, નંદિની રેડ્ડીએ આ અહેવાલોને અફવા ગણાવી દીધા હતા. પરંતુ હવે બધું ફરી ટ્રેક પર ચડી ગયું હોય એવું લાગે છે. સુત્રો દ્વાર મળતી માહિતીને આધારે ટૂંક સમયમાં આ ફિલ્મ અંગે જાહેરાત કરવામાં આવશે. છેલ્લે સમંથાએ ૨૦૨૩માં વિજય દેવરકોંડા સાથે 'ખુશી' ફિલ્મ કરી હતી. ત્યાર પછી તેને કેટલીક તેલુગુ ફિલ્મ ઓફર તો થઈ પરંતુ તેણે આ બધી જ ફિલ્મ ઠુકરાવી દીધી હતી અને હિન્દી પ્રોજેક્ટ પર જ કામ કર્યુ હતું. છેલ્લે તે 'સિટાડેલ હનીબની' વેબ સિરીઝમાં જોવા મળી હતી. જોકે, તે ખાસ ચાલી નહીં. હવે તે રાજ એન્ડ ડિકે સાથે 'રક્ત બ્રમ્હાંડઃ ધ બ્લડિ કિંડમ'માં કામ કરી રહી છે.

# 'અવતાર'માં આ વખતે થશે નવી વિલન 'વારંગ'ની એન્ટ્રી



ફિલ્મમેકર જેમ્સ કેમેરુનની આ પહેલાં આવેલી બંને 'અવતાર' ફિલ્મ ખુબ જાણીતી થઈ અને બોક્સ ઓફિસ પર પણ ઘણી ચાલી હતી. જેમ્સ કેમેરુને આ ફિલ્મો બનાવવા માટે ઘણું સંશોધન અને અભ્યાસ કર્યા છે, તેમણે આ ફિલ્મો માટે અલગ ભાષાની પણ રચના કરી હતી. હવે આ ફિલ્મનો ત્રીજો ભાગ 'અવતારઃ ફાયર એન્ડ એશ' આવી રહ્યો છે, જેમાં પેન્ડોરાની વાર્તા ફરી આગળ વધશે. આ ફિલ્મમાં નવી વિલનની એન્ટ્રી થવાની છે, 'વારંગ'.

આ પાત્ર ઊના ચેપ્લિન દ્વારા ભજવવામાં આવશે. આ ફિલ્મનું નવું પ્રકરણ ૧૯ ડિસેમ્બરે રિલીઝ થઈ રહ્યું છે.ટૂંક સમયમાં રિલીઝ થનારી માર્વેલની ફિલ્મ 'ફેન્ટાસ્ટિક ૪ : ફર્સ્ટ સ્ટેપ' સાથે ૨૫ જુલાઈએ 'અવતાર'નું પહેલું ટ્રેલર લોંચ કરવામાં આવશે. તાજેતરમાં જ ડિઝનીની લોસ એન્જલસ અને ન્યુયોર્કની ઓફિસમાં આ ફિલ્મનું ટ્રેલર દર્શાવાયું હતું. જેમાં વારંગને લાલ અને કાળા પીંછા સાથે દર્શાવાઈ છે, જે ફ્લેમથ્રોવર ફેંકીને જ્વાળામુખીની જ્વાળાઓમાંથી પસાર થતી દેખાય છે. ટ્રેલર પરથી એવો પણ અંદાજ આવે છે કે વારંગ જેક અને નેયતિરીની દિકરી કિરિને બાનમાં લઈ લે છે. તે કહેતી દેખાય છે, ''તારી દેવીની શક્તિઓ અહીં ચાલશે નહીં.'' જેમાં નાવી પ્રજાતિના લોકો વચ્ચેનો આંતરિક વિખવાદનો પણ અંદાજ આવે છે. થોડાં વખત પહેલાં એક ઈન્ટરવ્યુમાં જેમ્સ કેમેરુને જણાવ્યું હતું, ''વારંગ એવા લોકોનું નેતૃત્વ કરે છે, જેણે ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે, તેનાથી તે કઠોર થઈ ગઈ છે. તે પોતાના લોકો માટે કંઈ પણ કરી છુટશે, એવું કામ પણ કરી જશે, જે કદાચ આપણને ખોટું લાગે.'' આમ તેઓ એવો પણ સંકેત આપવા માગે છે કે તે પોતાના કામથી દર્શકોનાં સાચાં-ખોટાંના દૃષ્ટિકોણ સામે પણ પ્રશ્ન ખડાં કરી દેશે.કેમેરુનની દૃષ્ટિ ફિલ્મથી દર્શકોને સાદા સરળ મુલ્યો તરફ લઈ જવાની છે. તેમણે આ અંગે જણાવ્યું હતું, ''અમારે આ ફિલ્મમાં જે એક બાબત ખાસ કરવી હતી એ કે, બધું માત્ર સફેદ કે માત્ર કાળું એમ સરળ હોતું નથી. અમે એ વિચારધારાથી ઉપર ઉઠવા માગીએ છીએ કે બધા જ મનુષ્ય ખરાબ હોય છે કે બધાં જ નાવી સારા હોય છે.'' નવી વિલન વારંગ સાથે આ ફિલ્મમાં જાણીતા કલાકારો સેમ વર્થિંગ્ટન, જોઈ સલ્ડાના અને સિગર્ની વીવર તો હશે જ.

### પરિવાર સાથે ગોડાઉનમાં વિતાવ્યા દોઢ વર્ષ

# એક સમયે કંગાળ થઈ ગયો હતો 'સ્પેશિયલ ઓપ્સ ૨'નો એક્ટર

### કરણ ટેકર અનુપમ ખેર નિર્દેશિત ફિલ્મ તન્વીઃ ધ ગ્રેટ અને કેકે મેનનની સીરિઝ સ્પેશિયલ સીઝન ૨માં જોવા મળશે

લોકપ્રિય ટીવી અભિનેતા કરણ ટેકરની હાલમાં જ રીલીઝ થયેલી ફિલ્મ 'તન્વીઃ ધ ગ્રેટ' અને સીરીઝ 'ઓપ્સ સીઝન ૨' માં શાનદાર એક્ટિંગ માટે દર્શકો અને વિવેચકો તરફથી શાનદાર રિવ્યુ મળ્યા છે. તેના અભિનયની ઘણી પ્રંશસા થઈ રહી છે. આ સાથે કરણ તેના કરિયરના સફળ તબક્કાનો આનંદ માણી રહ્યો છે. પરંતુ શું તમે જાણો છો કે, તે ઘણા સંઘર્ષ પછી આ મુકામ પર પહોંચ્યો છે. તાજેતરમાં અભિનેતાએ એક ઈન્ટરવ્યુમાં પોતાના અને તેના પરિવારના મુશ્કેલ સમયને યાદ કરતાં કહ્યુ કે, તેના પરિવારે પોતાનું ઘર છોડીને દોઢ વર્ષ સુધી ગોડાઉનમાં રહેવું પડ્યું હતું. કરણે એક ઈન્ટરવ્યુમાં વાત કરતાં કહ્યું કે, 'મેં મારા પિતા સાથે એક વ્યવસાય શરૂ કર્યો હતો. મારા પિતા પહેલાથી જ ભારતીય પોશાકના વિતરણમાં સામેલ હતા અને મેં મારા પિતા સાથે ઈન્ડિયન અને વેસ્ટર્ન કપડાંનું રિટેલ આઉટલેટ શરૂ કર્યુ. અમારી પાસે બે સ્ટોર હતા, એક લોખંડવાલામાં અને બીજુ જુહુમાં. દુનિયા મંદીની ઝપેટમાં આવી ગઈ, તમે જાણો છો, એક મોટા શહેરની બેંક ડુબી ગઈ. અમે નાદાર થઈ ગયા. અમે અમારા ઘર વેચી દીધા, અમારી પાસે જે હતું તે બધું વેચી દેવું પડ્યું, અને કેટલાક સમય માટે હું મારા પરિવાર સાથે મારા વેરહાઉસમાં રહેવા ગયા, કારણ કે અમારી પાસે રહેવા માટે માત્ર એક જ જગ્યા હતી.'કરણે આગળ કહ્યું, 'મને લાગે છે કે અમે ત્યાં ગોડાઉનમાં લગભગ દોઢ વર્ષ રહ્યા, અને પછી અમે અમારી પોતાની જાતને સંભાળી. એ પછી મને, મારા પપ્પાને અને મારી બહેનને નોકરી મળી ગઈ અને મે શરુ કરી દીધી. જેમ કે એરલાઈન્સમાં ઉડવા માટે ઓડિશન પ્રક્રિયા હોય છે.

### અભિનેતા રજનીકાંતની બહૂચર્ચિત ફિલ્મ

# 'કૂલી'એ યૂએસએમાં એડવાન્સ બૂકિંગમાં જ ૧૫૦ હજાર ડોલરની કમાણી કરી લીધી




**આ ફિલ્મ માટેની એડવાન્સ બૂકિંગ ટિકિટ તીવ્ર ગતિએ વેંચાઈ રહી છે અને તે નજીકના દિવસોમાં અટકે તેમ નથી**

સુપર સ્ટાર રજનીકાંતનો જાદુ ફરી છવાઈ જવાની તૈયારીમાં છે, આ વખતે તેઓ લોકેશ કનગરાજની ફિલ્મ 'કૂલી' સાથે આવી રહ્યા છે. યૂએસમાં આ ફિલ્મનું એડવાન્સ બૂકિંગ શરૂ થયું એને હજુ બે દિવસ થયા છે અને તે ૧૫ હજાર ડોલરે પહોંચવાની તૈયારીમાં છે. ફિલ્મ રિલીઝ થવાને હજુ ૨૨ દિવસની વાર છે. રિલીઝને ૩ દિવસની વાર હોય અને આ આંકડો હોય એ બહુ મોટી વાત છે.સૌથી મહત્વની વાત તો એ છે કે આ ફિલ્મના ૩ ગીત રિલીઝ થયા છે તેમજ એક ટાઈટલ ટીઝર તેમજ કેટલાંક પોસ્ટર સિવાય હજુ કશું પણ જાહેર કરાયું નથી. હજુ તો આ ફિલ્મનું ટ્રેલર પણ ૨ ઓગસ્ટે રિલીઝ થવાનું છે, એવું ડિરેક્ટર કનગરાજે કહ્યું છે. અત્યાર સુધીમાં ૫૦૦૦ ટિકિટ વેંચાઈ છે, જેને સ્ક્રીન દિઠ સરેરાસ ૨૦ ટિકીટ કહી શકાય. આ ફિલ્મ માટેની એડવાન્સ બૂકિંગ ટિકિટ તીવ્ર ગતિએ વેંચાઈ રહી છે અને તે નજીકના દિવસોમાં અટકે તેમ નથી. વિદેશોમાં ભારતની તમિલ ફિલ્મોને સૌથી સારો પ્રતિસાદ મળે છે, તેના પછી તેલુહુ ફિલ્મ. હાલ એવી આશા છે કે ૨૨ દિવસના સમયગાળામાં ૨ મિલિયન ડોલરથી ઓછી ટિકિટ બૂક નહીં થાય. છેલ્લે રજનીકાંતની 'કબાલી ' આવી ૫ છી આ ફિલ્મની હાઈપ સૌથી વધુ છે. તેના પછી તેની ૨.૦ અને જેલર પણ સારી ચાલી હતી. હવે જ્યારે ફિલ્મ રિલીઝ થાય ત્યારે દર્શકોને પસંદ પડે એ જ અપેક્ષા છે.સામે 'કૂલી' અને 'વોર૨'ની ટક્કરનો પણ ડર છે. જેમ જેમ રિલીઝ નજીક આવે છે, તેમ ટક્કર વધુ તગડી થતી જાય છે. છેલ્લાં થોડા સમયની આ સૌથી મોટી ટક્કર માનવામાં આવી રહી છે. બંને ફિલ્મના થઈને ગ્લોબલી ૧૫૦૦ કરોડ દાવ પર લાગેલા છે. ટૂંક સમયમાં 'વોર ૨'નું બૂકિંગ પણ શરૂ થઈ જવાનું છેય આ બંને ફિલ્મ ૧૪ ઓગસ્ટે રિલીઝ થશે.

# સૈયારા ફિલ્મે સલમાનની 'સિકંદર'ને પાછળ છોડી

મોહિત સુરીની રોમેન્ટિક ડ્રામા ફિલ્મ 'સૈયારા' બોક્સ ઓફિસ પર દરરોજ નવા રેકોર્ડ બનાવી રહી છે. અનીત પડ્ડા અને અહાન પાંડે છવાઈ ગયા છે. સૌથી મોટું ઓપનિંગ મેળવ્યા પછી હવે આ ફિલ્મે ૧૦૦ કરોડની કમાણીનો પડાવ પણ પાર કરી લીધો છે. આ ફિલ્મ બીજા અઠવાડિયે પણ સારી કમાણી કરી રહી છે. બીજા અઠવાડિયાના સોમવારે 'સૈયારા'એ ૨૪ કરોડની કમાણી કરી અને મંગળવારે તેનાથી પણ આગળ વધીને ૨૫ કરોડની કમાણી કરી છે. જોકે, રવિવારની ૩૫.૭૫ કરોડની કમાણીથી આવકમાં થોડો ઘટાડો ચોક્કસ થયો છે. આ ફિલ્મની કમાણીના અહેવાલો અનુસાર પાંચ દિવસના અંતે આ ફિલ્મે ૧૩૨.૨૫ કરોડની કમાણી કરી છે. આ સાથે નવા કલાકારોની ફિલ્મ ૧૦૦ કરોડનો પડાવ પાર કરે એ ઐતિહાસિક ઘટના સિવાય હવે તેણે મુર્ગાદોસની 'સિકંદર'નો રેકોર્ડ પણ તોડી નાખ્યો છે. સલમાન ખાન અને રશ્મિકા મંદાનાની ફિલ્મે ભારતમાં ૧૨૯.૯૫ કરોડની કમાણી કરી હતી. હવે 'સૈયારા'નું આગળનું લક્ષ્ય અશ્રય કુમારની 'સ્કાય ફોર્સ'નો ૧૩૪.૯૩ કરોડનો રેકોર્ડ તોડવાનું છે. જે બુધવાર સાંજ સુધીમાં તૂટી ગયો હોવાની શક્યતા છે. આ ફિલ્મ થોડાં વખતમાં આમિરની 'સિતારે ઝમીન પર'નો ૧૬૪.૭૪ કરોડ તેમજ અક્ષય કુમારની 'હાઉસફુલ ૫'ની ૧૯૮.૪૧ કરોડની કમાણીનો રેકોર્ડ તોડી નાખશે એવી પ્રબળ શક્યતા છે. આ સાથે પ્રથમ ત્રણ દિવસમાં સૌથી વધુ કમાણીમાં પણ 'સૈયારા'એ ૧૧૯ કરોડની કમાણી કરીને ઘણી મોટા પ્રોડક્શનની ફિલ્મના રેકોર્ડ તોડી નાખ્યા છે.સાથે જ 'સૈયારા' ડિરેક્ટર મોહિત સુરીની પણ સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની ગઈ છે. તેની 'એક વિલન'ની પહેલા દિવસની કમાણી ૧૬ કરોડ, 'આશિકી ૨'ની કમાણી ૬ કરોડ હતી, જ્યારે 'મર્ડર ૨'ની પહેલા દિવસની કમાણી ૭ કરોડ હતી. આ ઉપરાંત યશરાજ ફિલ્મમ્સે થિએટર માલિકોને ફિલ્મની ચિકીચની ભાવ ન વધારવા વિનંતિ કરી છે, જેથી વધુ લોકો આ ફિલ્મ જોઈ શકે. મોહિત સુરીની આ પહેલાં આવેલી ફિલ્મ 'આશિકી ૨' એ પહેલા વીકેન્ડ પછી ૭૮.૧ કરોડની કમાણી કરી હતી. જ્યારે 'એક વિલન રિટર્ન્સ'એ ૪૩.૨૧ કરોડની કમાણી કરી હતી. હવે તે 'એક વિલન'નો ૧૦૫.૭૬ કરોડનો રેકોર્ડ પમ તોડશે. ૨૦૧૪માં આવેલી મોહિત સુરીની 'એક વિલન' પછી પહેલી ૧૦૦ કરોડની ફિલ્મ છે અને તે ૨૦૦ કરોડ ફિલ્મ બની શકે એવી શક્યતા છે. જો ઈન્ડસ્ટ્રીના સેલેબ્ઝની વાત કરવામાં આવે તો આલિયા ભટ્ટ, અર્જુન કપૂર, શ્રદ્ધા કપૂર અને કરણ જોહર સહીત ઘણા લોકોએ આ ફિલ્મના વખાણ કર્યા છે.

### થંડેલ ૭ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી

# નાગા ચૈતન્ય અને સાઈ પલ્લીની ફિલ્મ થંડેલ ઓટીટી પર સ્ટ્રીમ થશે




દક્ષિણ સુપરસ્ટાર સાઈ પલ્લવી-નાગા ચૈતન્યની ફિલ્મ થંડેલ ૭ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થયા પછી ધૂમ મચાવી દીધી હતી. આ ફિલ્મમાં ચંદુ મોન્ડેટીના શાનદાર અભિનયને દર્શકો અને વિવેચકો તરફથી ખૂબ પ્રશંસા મળી. હવે આ ફિલ્મ ટૂંક સમયમાં ડિજિટલ ડેબ્યૂ માટે તૈયાર છે. આ ફિલ્મની વાર્તા શ્રીકાકુલમના માછીમારોથી સંબંધિત સત્ય ઘટનાઓથી પ્રેરિત છે. ફિલ્મમાં તમને પ્રેમ, અલગતા, લાગણી અને નાટકનું અદ્ભુત મિશ્રણ જોવા મળશે. થંડેલ ફિલ્મ જો તમે થિયેટરોમાં જોવાનું ચૂકી ગયા છો, તો હવે તમે ઘરે બેઠા આ ફિલ્મનો આનંદ માણી શકો છો. અહીં તમને જણાવીએ કે થંડેલ ક્યારે અને ક્યાં ઓટીટી પર સ્ટ્રીમ થશે. સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ નેટફ્લિક્સે તેના સોશિયલ મીડિયા ઈન્સ્ટાગ્રામ પેજ દ્વારા 'થાંડેલ' ના ડિજિટલ ડેબ્યૂ વિશે માહિતી આપી છે. ફિલ્મનું પોસ્ટર શેર કરતા, નેટફ્લિક્સે નીચે કેપ્શનમાં લખ્યું, 'સીમાઓ પારની યાત્રા, બોર્ડર પારની સ્ટોરી.' ૭ માર્ચે નેટફ્લિક્સ પર તેલુગુ, હિન્દી, તમિલ, કન્નડ અને મલયાલમમાં થાન્ડેલ જુઓ! થંડેલ ની વાર્તા શ્રીકાકુલમના ચોડીપિલ્લી મુસલૈયા નામના એક યુવાન માછીમાર વિશે છે, જે વર્ષ ૨૦૦૦ માં કામ માટે ગુજરાત ગયો હતો. તે સમયે GPSનો ઉપયોગ થતો ન હતો, જેના કારણે માછીમારો ઘણીવાર ભૂલથી સરહદ પાર કરી જતા હતા. એક રાત્રે, ચોડિપિલિ બોટ દ્વારા સરહદ પાર કરે છે અને ત્યાંના સુરક્ષા કર્મચારીઓ તેને જાસૂસ સમજીને કસ્ટડીમાં લઈ જાય છે. હવે આ જ સ્ટોરી ફિલ્મમાં રોમેન્ટિક સ્પર્શ સાથે પુનરાવર્તિત થઈ છે. થંડેલ ફિલ્મ રાજુ (નાગ ચૈતન્ય) અને તેની ગર્લફ્રેન્ડ બુજ્જી (સાઈ પલ્લવી) ની છે. જ્યારે રાજુ લગ્ન પહેલા માછીમારી કરવા જાય છે, ત્યારે બુજ્જી તેને ઘણી વાર જતા અટકાવે છે, પરંતુ તે સાંભળતો નથી અને દરિયામાં જાય છે. તે જ રાત્રે એક શક્તિશાળી તોફાન આવે છે અને તેની બોટ સરહદ પાર કરે છે, ત્યારબાદ ત્યાંના અધિકારીઓ તેની ધરપકડ કરે છે. આવી સ્થિતિમાં, તેની ગર્લળેન્ડ તેને પાછો મેળવવા માટે દરેક શક્ય પ્રયાસ કરે છે. એકંદરે, આ હૃદયસ્પર્શી વાર્તા તેના ટકી રહેવા અને ઘરે પાછા ફરવાના સંઘર્ષ પર કેન્દ્રિત છે.'થંડેલ'નું દિગ્દર્શન ચંદુ મોન્ડેટી દ્વારા કરવામાં આવ્યું છે. આ વાર્તા કાર્તિક થેડા દ્વારા લખવામાં આવી છે. જ્યારે, નાગા ચૈતન્ય રાજુની ભૂમિકામાં જોવા મળે છે અને સાઈ પલ્લવી સત્યાની ભૂમિકામાં જોવા મળે છે. પ્રકાશ બેલાવાડી પાકિસ્તાની જેલરની ભૂમિકા ભજવે છે અને આદુકલમ નરેન ચિત્તની ભૂમિકા ભજવે છે.



# જવાબદારી લેવામાં ખચકાટ અનુભવે તેવા લોકોથી દુર રહેવુંઃ બિપાશા બાસુ

**મીકા સિંહે કરણ સિંહ ગ્રોવર પર લાગેવેલા આરોપોનો અભિનેત્રીએ આપ્યો ચોટદાર જવાબ**

મીકા સિંહે બિપાશા બાસુ અને કરણ સિંહ ગ્રોવર પર ગુસ્સો કરવાનો આરોપ લગાવ્યો હતો, જેના કારણે તેમની ફિલ્મ 'ડેન્જરસ'નું બજેટ ૪ કરોડ રૂપિયાથી વધીને ૧૪ કરોડ રૂપિયા થઈ ગયું હતું. બિપાશાએ પણ ઈન્સ્ટાગ્રામ પર ગાયકને યોગ્ય જવાબ આપ્યો છે.મીકા સિંહે થોડા દિવસો પહેલા પોતાની ફિલ્મ 'ડેન્જરસ' વિશે વાત કરી હતી, જેમાં તેણે બિપાશા બાસુ અને કરણ સિંહ ગ્રોવર પર કટાક્ષપૂર્ણ ટિપ્પણી કરી હતી. તેણે અભિનેત્રી પર ગુસ્સો કરવાનો આરોપ લગાવ્યો. એવું કહેવામાં આવ્યું હતું કે આ કારણે ફિલ્મનો ખર્ચ ૧૦ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયો હતો. તેમણે એમ પણ કહ્યું કે અભિનેત્રી હવે કામ વગર ઘરે બેઠી છે. હવે અભિનેત્રીએ આ અંગે પ્રતિક્રિયા આપી છે. તેમણે યોગ્ય જવાબ આપ્યો છે. બિપાશા બાસુએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક પોસ્ટ શેર કરી. આમાં તેમણે લખ્યું, 'ઝેરી લોકો અરાજકતા પેદા કરે છે, આંગળી ચીંધે છે, બીજા પર દોષારોપણ કરે છે અને જવાબદારી લેવામાં શરમાય છે.' વાતાવરણ બગાડનારા અને નકારાત્મકતા



ફેલાવનારા લોકોથી દૂર રહો. ભગવાન બધાનું ભલું કરે.મિકાએ વધુમાં ઉમેર્યુ હતું કે, 'શૂટિંગ લંડનમાં થયું હતું અને બજેટ ૪ કરોડ રૂપિયાથી વધીને ૧૪ કરોડ રૂપિયા થયું હતું.' અને બિપાશાએ નાટકીય રીતે રજૂ કર્યુ કે મને આ નિર્માણમાં આવવાનો હંમેશા અફસોસ રહેશે. શૂટિંગ લંડનમાં થયું હતું. હવે તેઓ એક યુગલની ભૂમિકામાં હતા. તે પતિ-પત્ની ફિલ્મ હતી. તો સ્વાભાવિક છે કે તેમાં કિસિંગ સીન હશે. દિગ્દર્શક-લેખકે બધું જ અજમાવ્યું પણ બિપાશાએ છેલ્લી ઘડીએ ના પાડી. આ પછી ડબિંગ દરમિયાન બિપાશાએ મને ખૂબ દુઃખી કરી દીધો, બિપાશાને ગળામાં દુખાવો છે - કરણને ગળામાં દુખાવો છે. કોઈક રીતે ફિલ્મ પૂર્ણ થઈ અને રિલીઝ થઈ પણ તેને મોટું નુકસાન થયું.

# મુખ્યમંત્રીના હસ્તે રૂપિયા ૫ કરોડના ખર્ચે નિર્માણ પામેલ નાવલી ખાતેના એન.સી.સી. લીડરશીપ એકેડમી ભવનનું લોકાર્પણ



। (માહિતી) આણંદ, તા.૨૫ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આજે આણંદ જિલ્લાના નાવલી દહેમી રોડ પર રૂપિયા ૫ કરોડના ખર્ચે નિર્માણ પામેલા એન.સી.સી લીડરશીપ એકેડમીના આધુનિક ભવનનું લોકાર્પણ કર્યું હતુ.

મુખ્યમંત્રીશ્રીએ નવનિર્માણ પામેલ આ ભવનનું તકતી અનાવરણ દ્વારા લોકાર્પણ કર્યું હતુ. તેમણે રાજય સરકારના આર્થિક સહયોગથી નિર્માણ પામેલ આ આધુનિક ભવનની મુલાકાત લઈ ભવનમાં ઉપલબ્ધ સુવિધાઓની માહિતગાર થયા હતા. મુખ્યમંત્રીશ્રીએ એન.સી.સી લીડરશીપ એકેડમીના ભવનના પટાંગણમાં વૃક્ષારોપણ કર્યું હતુ. આ તકે એન.સી.સી. કેડેટ્સ દ્વારા મુખ્યમંત્રીશ્રીને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતુ. ગુજરાત સરકારના વિઝનરી માર્ગદર્શન અને સહયોગ દ્વારા નિર્મિત આ એકેડમી રાજ્યના યુવાનોમાં નેતૃત્વ, શિસ્ત અને રાષ્ટ્રીય સેવાનો ભાવ જાગૃત કરવાનું કેન્દ્ર બની રહેશે. જે એકેડમી યુવા સશક્તિકરણ અને રાષ્ટ્ર નિર્માણ તરફ એક મહત્વપૂર્ણ પગલું છે.

આ એકેડમીનું નિર્માણ ગુજરાત સરકારની યુવા વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. ગુજરાતમાં દ્વઝઝ તાલીમને નવી ઉંચાઈએ લઈ જવા માટે આ એકેડમી મહત્પૂર્ણ બની રહેશે જે યુવાનોમાં નેતૃત્વ, દેશભક્તિ અને સામાજિક જવાબદારીના મૂલ્યોને ઉજાગર કરશે.

ઉલ્લેખનિય છે કે, ગુજરાતમાં અમદાવાદ અને રાજપીપળામાં અત્યારે ૧-૧ એકેડમી કાર્યરત છે. હવે રાજ્યમાં ત્રીજી NCC લીડરશીપ એકેડમીનું નિર્માણ થયું છે, જેનું સંચાલન વલ્લભ વિદ્યાનગર ગ્રુપ હેડક્વાર્ટર અંતર્ગત કરવામાં આવશે. જે ભવિષ્યમાં દેશનું નેતૃત્વ સાંભળે તેવા નાગરિકો તૈયાર કરશે. આ એકેડમીમાં તા. ૨૮ જુલાઈથી 'યુવા આપદા તાલીમ કેમ્પ' અને 'કમ્બાઈન્ડ એન્યુઅલ ટ્રેનિંગ કેમ્પ' (CATC) શરૂ થશે. ત્યારબાદ સમયાંતરે NCC કેમ્પ્સનું કેમ્પસમાં આયોજન કરવામાં આવશે.

નાવલી દહેમી રોડ પર રૂપિયા ૫ કરોડના ખર્ચે નિર્માણ પામેલી આ એકેડમીના પ્રથમ તબક્કામાં ૨૦૦ કેડેટ્સ માટે આધુનિક રહેણાંક, તાલીમ અને વહીવટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર તેમજ કેમ્પસમાં ઓબ્સ્ટેકલ કોર્સ, ફાયરિંગ રેન્જ, ડ્રિલ ગ્રાઉન્ડ, ડિજિટલ ક્લાસ રૂમ અને સંપૂર્ણ સજ્જ રહેણાંક સુવિધાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત રૂપિયા ૨૫ કરોડના પ્રસ્તાવિત બજેટ સાથેના બીજો તબક્કા હેઠળની કામગીરી પ્રગતિમાં છે, જે પૂર્ણ થતાં આ એકેડમી ૬૦૦ જેટલા કેડેટ્સની ક્ષમતા ધરાવતું મધ્ય ગુજરાતનું એક અગ્રણી તાલીમ કેન્દ્ર બની રહેશે.

નાવલી ખાતેના એન.સી.સી. લીડરશીપ એકેડમીના લોકાર્પણ પ્રસંગે નાયબ મુખ્ય દંડક શ્રી રમણભાઈ સોલંકી, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી હસમુખભાઈ પટેલ, ધારાસભ્ય સવશ્રી યોગેશભાઈ પટેલ, શ્રી કમલેશભાઈ પટેલ, શ્રી વિપુલભાઈ પટેલ, જિલ્લા અગ્રણી સંજયભાઈ પટેલ, જિલ્લા કલેકટરશ્રી પ્રવીણ ચૌધરી, મહાનગરપાલિકાના કમિશનર શ્રી મિલિંદ બાપના, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી દેવાહુતી, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી ગૌરવ જસાણી, ગુજરાતના એડીજી આર. એસ. ગોડારા, વલ્લભ વિદ્યાનગર ગ્રુપ કમાન્ડર પરમેન્દર અરોરા, ૪-બટાલિયન એન.સી.સી.ના સી.ઈ.ઓ. કર્નલ મનિષ ભોલા સહિત એન. સી.સી.ના અધિકારીઓ તથા એન.સી.સી. કેડેટ્સ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

# રાજકોટમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષભાઈ સંઘવીનો લોકદરબાર યોજાયો

। (માહિતી) ગાંધીનગર, તા.૨૫ ।

રાજ્યના ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીની અધ્યક્ષતામાં રાજકોટમાં પોલીસ કમિશનર કચેરી ખાતે લોકદરબાર યોજાયો હતો. જેમાં મંત્રીશ્રીએ અરજદારોને રૂબરૂ મળીને, તેઓના પ્રશ્નો સાંભળ્યા હતા અને આવશ્યક સૂચના આપી હતી.

આ લોકદરબારમાં મંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી સાથે હોમ ડિપાર્ટમેન્ટ જોઈન્ટ સેક્રેટરી શ્રી આશિષ વાળાએ અરજદાર-ોની ફરિયાદો સાંભળીને, તેનું તુરંત નિરાકરણ લાવવા સંબંધિત પોલીસ અધિકારીઓને સૂચના આપી હતી. ઉપરાંત, પોલીસ સ્ટાફે ફરિયાદોના નિકાલની કરેલી સરાહનીય કામગીરી બદલ નાગરિકોએ ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી તેમજ પોલીસ સ્ટાફનો આભાર વ્યક્ત કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત પોલીસ નાગરિકોની સેવા, સુરક્ષા અને શાંતિ માટે કટિબદ્ધ છે. ત્યારે લોકદરબારમાં સાયબર ફ્રોડ, ઘરેલુ હિંસા, ધાક-ધમકી, વ્યાજખોરી, છેતરપિંડી સહિતની ફરિયાદોની મંત્રીશ્રીને રજૂઆત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મંત્રીશ્રીનું પુષ્પગુચ્છથી અભિવાદન કરાયું હતું.

આ તકે શહેર પોલીસ કમિશનર શ્રી બ્રજેશકુમાર ઝા, રેન્જ આઈ.જી. શ્રી અશોકકુમાર યાદવ, અધિક પોલીસ કમિશનર શ્રી મહેન્દ્ર બગડીયા, ગ્રામ્ય પોલીસ અધિક્ષક શ્રી હિમકરસિંહ, નાયબ પોલીસ કમિશનરો શ્રી સજનસિંહ પરમાર, શ્રી પાર્થરાજસિંહ ગોહિલ અને શ્રી જગદીશ બાંગરવા, ટ્રાફિક ડી.સી.પી. શ્રી પૂજા યાદવ અને મદદનીશ પોલીસ કમિશનરો શ્રી રાધિકા ભારાઈ અને શ્રી ભરત બસિયા સહિત પોલીસ અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

**લોકદરબારમાં આવેલા અરજદારોના પ્રતિભાવો**

ગુમ થયેલા યુવાન દીકરાને શોધી આપનારી રાજકોટ પોલીસ અમારા માટે ભગવાન સમાન : શ્રી બટુકભાઈ સોલંકી

"મારા માટે રાજકોટ પોલીસ ભગવાન સમાન છે." આ શબ્દો છે, રાજકોટના મવડી વિસ્તારમાં રહેતા અને ભગવાનના વાઘા (વસ્ત્રો)ની હાથલારી ચલાવીને પરિવારનું ગુજરાન કરતા શ્રી બટુકભાઈ સોલંકીના. બટુકભાઈ અને તેમના પત્ની પોલીસ કમિશનર કચેરી ખાતે મંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી તથા પોલીસ સ્ટાફનો આભાર માનવા ઉપસ્થિત રહ્યાં હતાં.

શ્રી બટુકભાઈએ કહ્યું કે, જ્યારે પરિવારનો યુવાન વયનો દીકરો ઘર છોડીને ચાલ્યો જાય ત્યારે મા-બાપ પર આભ ફાટી પડે છે. મારો પુત્ર કહ્યા વગર ઘરેથી ચાલ્યો જતા અમે પતિ-પત્નીએ જમવાનું જ મૂકી દીધું હતું. ત્યારે રાજકોટ તાલુકા પોલીસ ભગવાન બનીને અમારી મદદે આવી હતી.

શ્રી બટુકભાઈએ કહ્યું કે, પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી ધવલભાઈ હરિપરા તેમજ તપાસ અધિકારી શ્રી સલીમભાઈ માડમ સહિતના સ્ટાફે મહેનત કરીને બે મહિનામાં મારા પુત્રને સુરતથી શોધી, સુરક્ષિત રીતે અમને સોંપ્યો હતો. મુશ્કેલીભર્યા આ બે મહિના દરમિયાન નિયમિત પોલીસની હૂંફ મળતા અમારી હિંમત વધતી હતી. બે મહિનાના પરિશ્રમ બાદ પોલીસ ટીમે સુરતથી મારા પુત્રને શોધીને અમારા માથેથી દુઃખનો ડુંગર દૂર કર્યો હતો.

**પોલીસનો ખૂબ ખૂબ આભાર કે ૨૪ કલાકમાં**

મારા ભાઈના આરોપીઓને શોધી કાઢ્યા : શ્રી રમઝાનભાઈ લાખાણી

શ્રી રમઝાનભાઈ લાખાણી જણાવ્યું હતુ કે, પોલીસનો ખૂબ ખૂબ આભાર કે, ૨૪ કલાકમાં મારા ભાઈના આરોપીઓને શોધી કાઢ્યા. કેસની વિગતવાર વાત કરતા તેમણે જણાવ્યું છે કે, મારા ૭૦ વર્ષીય ભાઈ બરકત રાજકોટમાં એકલા રહેતા હતાં. તેઓ સોનાના દાગીના પહેરવાના શોખીન હતાં. તેમની પાસેથી સોનાના દાગીનાની લૂંટ કરવા માટે બે લોકોએ તેમની હત્યા કરી હતી. અમે તુરંત ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી. ત્યારબાદ પોલીસે ૨૪ કલા-કમાં જ આરોપીઓની અટકાયત કરીને આગળ યોગ્ય કાર્યવાહી કરી હતી. જેથી, આ તકે મંત્રીશ્રી અને પોલીસ અધિકારીઓનો આભાર માનું છું.

પોલીસની કાર્યનિષ્ઠાના કારણે ભત્રીજા પાસેથી મારું ઘર પાછું મળ્યું : શ્રી જાગૃતિબેન દવે

વયોવૃદ્ધ શ્રી જાગૃતિબેન દવેએ જણાવ્યું હતું કે, મારા પતિ અવસાન પામ્યા છે અને મારી દીકરી સાસરે

રહે છે. પરિવારમાં હું એકલી છું. મારા ભત્રીજાનો પરિવાર રાજકોટ છોટુનગરમાં આવેલા મારા ઘરમાં રહેતો હતો. વારંવાર સમજાવવા છતાં તેઓ ઘર ખાલી કરતા ન હતાં. છેવટે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં લેન્ડ ગ્રેબિંગની ફરિયાદ નોંધાવી. ફરિયાદ કરતા અગાઉ મને પોલીસ મથકમાં જતા ડર લાગતો હતો, પરંતુ શ્રી રાધિકા ભારાઈ મેડમ અને પોલીસ સ્ટાફના સહયોગના લીધે હું નિર્ભય બની. ૧૫ દિવસમાં મારા કેસનો ઉકેલ આવ્યો. પોલીસની કાર્યનિષ્ઠાના કારણે ભત્રીજા પાસેથી મારું ઘર પાછું મળ્યું. જે બદલ રાજ્ય સરકારનો આભાર.

# મોરબી કલેક્ટરશ્રીના માર્ગદર્શન હેઠળ વહેલી સવારે વહીવટી તંત્રના ૪૮ ઉચ્ચ અધિકારીઓ પહોંચ્યા ગામડાઓની આકસ્મિક મુલાકાતે

। મોરબી, તા.૨૫ ।

મોરબી જિલ્લામાં વહીવટી કાર્યક્ષમતા અને નાગરિકલક્ષી સેવાઓના વિતરણને સુનિશ્ચિત કરવાના હેતુથી તા. ૨૫/૦૭/૨૦૨૫ ના રોજ કલેક્ટરશ્રી કે.બી. ઝવેરીના માર્ગદર્શન હેઠળ વહેલી સવારે જિલ્લાના ૪૮ ઉચ્ચ અધિકારીશ્રીઓ ગામડાઓની આકસ્મિક મુલાકાતે પહોંચ્યા છે. નાગરિકલક્ષી અભિગમ અને છેવાડાના જન-જન સુધી સરકારી યોજનાઓ અને સુવિધાઓની સુલભતા માટે મોરબી જિલ્લા વહીવટી તંત્ર સતત પ્રયત્નશીલ અને કટિબધ્ધ છે. ત્યારે જિલ્લા વહીવટી તંત્રના ૪૮ અધિકારીઓ સવાર થતા જ જિલ્લાના વિવિધ ગામડાઓમાં સરકારી સેવાઓ અને પ્રાથમિક સુવિધાઓ બાબતે સાચી સ્થિતિની સમીક્ષા કરવા ગામડાઓમાં પહોંચ્યા છે.

આ મુલાકાત અન્વયે મોરબી તાલુકાના ૧૩, વાંકાનેર તાલુકાના ૧૨, હળવદ તાલુકાના ૯, ટંકારા તાલુકાના ૬ અને માળિયા તાલુકાના ૮ મળી જિલ્લાના કુલ ૪૮ ગામડાઓમાં વહીવટી તંત્રના વર્ગ ૧ અને વર્ગ ૨ ના ઉચ્ચ અધિકારીશ્રીઓએ વિવિધલક્ષી તપાસ હાથ ધરી છે. સવારે ૦૮:૦૦ કલાકથી આરોગ્ય કેન્દ્રોની મુલાકાત કરી આકસ્મિક તપાસની શરૂઆત કરવામાં આવી હતી, જ્યાં આરોગ્ય સ્ટાફની હાજરી દવાના જથ્થાની ઉપલબ્ધતા વગેરેની તપાસ કરવામાં આવી રહી છે. પશુ દવાખાનામાં પણ પશુ ડોક્ટરની



હાજરી, આંગણવાડીમાં સ્ટાફની હાજરી બાળકોની નિયમિતતા તથા બાળકોને આપવામાં આવતા પૌષ્ટિક નાસ્તા/ભોજનનું નિરીક્ષણ, પંચાયતમાં તલાટી/ગ્રામ સેવક વગેરેની હાજરી અને કામગીરી અને વિવિધ યોજનાઓની અમલવારી, સરકારી શાળાઓમાં શિક્ષકોની નિયમિતતા અને બાળકોની હાજરી તથા મધ્યાહન ભોજન યોજનાની યોગ્ય અમલવારી, સરકાર માન્ય વ્યાજબી ભાવની દુકાનમાં સમયસર અનાજ મળે છે કે કેમ તે બાબતની ચકાસણી કરવામાં આવી રહી છે. ઉપરાંત ગામડાઓમાં મુલાકાત દરમિયાન પીવાના પાણીની ઉપલબ્ધ સુવિધા અને પડતી મુશ્કેલીઓ, વિધવા પેન્શન સહિતની યોજનાઓની અમલવારી, ગૌશાળાઓમાં ગૌવંશના નિભાવ અંગેની વ્યવસ્થા તથા સાફ-સફાઈ અને ઉપલબ્ધ સુવિધાઓ તથા તેને સંલગ્ન ગૌમાતા પોષણ યોજનાની અમલવારી, મોડલ ફાર્મની મુલાકાત સહિતની બાબતોનું તલસ્પર્શી નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે

# ધમોડી ગામની આદિવાસી દિકરી વોલીબોલ પ્લેયર મીનલ ગામીતે જર્મની ખાતે વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સમાં ભારતીય ટીમમાં સ્થાન મેળવી તાપી અને ગુજરાતને અપાવ્યું ગૌરવ FISU વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સમાં ભારતની મહિલા વોલીબોલ ટીમમાં તાપી જિલ્લાના મીનલ ગામીતની પસંદગી

। (માહિતી) તાપી, તા.૨૫ ।

રમત-ગમત ક્ષેત્રે આદિવાસી યુવાન-યુવતિઓ ઉત્કૃષ્ઠ યોગદાન આપી રહ્યા છે. રાજ્ય સરકારે ખેલ મહાકુંભનું આયોજન કરીને ગ્રામીણ ક્ષેત્રોના ખેલાડીઓને બહાર લાવવાનો અભિગમ કાબેલીદાદ છે. રાજ્યના આદિવાસી વિસ્તારના અનેક રમતવીરો પોતાનું કૌશલ્ય રજુ કરી સિધ્ધિઓના સિંહાસન ઉપર પહોંચવા થનગનાટ અનુભવે છે. હાલમાં જ જર્મનીના રહાઈન રૂહર ખાતે ૧૬ જુલાઈથી ૨૭ જુલાઈ સુધી **FISU WORLD UNIVERSITY GAMES** નું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં ભારત દેશની વોલીબોલ ટીમમાં ગુજરાતમાંથી એકમાત્ર તાપી જિલ્લાની મીનલબેન સોહાનભાઈ ગામીતની અપોઝિટ હિટર તરીકે પસંદગી થતા આદિવાસી સમાજ અને તાપી જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં ગૌરવ અને આનંદની લાગણી અનુભવાઈ હતી. આદિવાસી સમુદાય ખેતી-પશુપાલન સાથે સંકળાયેલુ છે. નવી પેઢી ખેતી-પશુપાલનની સાથે શિક્ષણ અને રમત-ગમતમાં પણ ઉત્કૃષ્ઠ યોગદાન આપી રહી છે. રાજ્ય સરકારે ખેલ મહાકુંભના આયોજન દ્વારા ગ્રામ્ય વિસ્તારોના છુપાયેલા ટેલેન્ટને બહાર લાવવાનો જે અભિગમ અપનાવ્યો છે, તે પ્રશંસનીય છે. આવા આયોજનોથી અનેક આદિજાતિ ખેલાડીઓને પોતાનું કૌશલ્ય વિશ્વપટલ પર પ્રસ્તુત કરવાની તક મળશે. મીનલ ગામીતે જર્મનીથી સોશિયલ મીડિયાના માધ્યમથી તાપી જિલ્લા માહિતી કચેરીને જણાવ્યું હતું કે વર્લ્ડ યુનિવર્સીટી ગેમ્સમાં મારી પસંદગી થતા મને ખૂબ જ આનંદ થયો હતો. મારૂ સ્વપ્ન હતું કે હું વોલીબોલની રમતમાં સારા પ્લેયર બની મારી કારકિર્દીમાં આગળ વધી હું મારા ગામ, જિલ્લો, રાજ્ય અને દેશને ગૌરવ અપાવીશ. શાળામાં અભ્યાસ બાદ ખેલમહાકુંભથી શરૂ કરેલી મારી કારકિર્દીમાં હું હંમેશા સફળ બનવા માટે પ્રતિબધ્ધ છું. હાલમાં અમે બ્રાઝિલ, સ્પેન, મોંગોલીયા, ચીલી અને છેલ્લે ઓસ્ટ્રેલીયા સામે રમ્યા જેમાં પાંચ સેટ સુધી અમે જોરદાર ટક્કર આપી અંતે અમારી ટીમ બહાર થઈ ગઈ.પરંતુ હારમાંથી પણ અમે ઘણું બધુ શીખ્યા. ફરી અમે બુલંદ જુસ્સા સાથે મેદાનમાં



ઉતરીશું અને ભારત દેશને ગૌરવ અપાવીશું. મીનલ ગામીતના પરિવાર સાથે સંવાદ સાધતા, તેમની મોટી બહેન સોનલ ગામીતે આનંદની લાગણી સાથે જણાવ્યું કેઃ"મારી નાની બહેન મીનલે ધમોડી અને હનુંમતિયા ગામની પ્રાથમિક શાળામાં શિક્ષણ મેળવ્યું હતું. ત્યારબાદ માધ્યમિક શિક્ષણ ઘાટાની હાઈસ્કૂલમાં મેળવ્યું હતુ, જ્યાં કૌશિકભાઈ કોચના પ્રોત્સાહનથી મીનલના રમતકુશળતાના પાંખો લાગી હતી. અમારા પરિવાર તરફથી પણ રમતમાં તેને તમામ પ્રકારનો સહયોગ મલતો રહ્યો છે.

શિક્ષણની સાથે સાથે રમતમાં પણ આગળ વધતી મીનલે નડિયાદ ખાતે ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ લીધું. ત્યારબાદ મરીદાભાગોળ નડિયાદ એકેડમીમાં પ્રવેશ મેળવીને કોચ ચંદરસિંહના માર્ગદર્શન હેઠળ વોલીબોલની તાલીમ લેવાનું શરૂ કર્યું.હાલમાં મીનલ ઓડિશાના ભુવનેશ્વરમાં આવેલી કલીંગા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડસ્ટ્રિયલ ટેકનોલોજી **(KIIT deemed to be University)**માં સ્નાતક (સોશિયોલોજી)ના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરી રહી છે. વધુમાં સોનલ ગામીતે ઉમેર્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરુ કરેલ ખેલ મહાકુંભથી મીલનને નવી દિશા મળી છે. જેથી અમારો સમગ્ર પરિવાર વડાપ્રધાન અને ગુજરાત રાજ્ય સરકારનો પણ આભારી છે કે, જેમણે ખેલ મહાકુંભ થકી આદિવાસી દિકરા-દિકરીઓને પોતાની કલા પ્રસ્તુત કરાવા માટે એક મંચ પુરું પાડ્યું છે.

# ધરમપુરના બરૂમાળ અને ચિચોઝર શાળામાં પોક્સો અંતર્ગત સેમિનાર યોજાયો



। (માહિતી) વલસાડ, તા.૨૫ ।

વલસાડ જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી તેમજ શ્રીમદ રાજચંદ્ર મિશન કોન્સોલીડેટેડ કોમ્યુનિટી ડેવલપમેન્ટના સયુંક્ત ઉપક્રમે પોક્સો- ૨૦૧૨ (જાતીય ગુના સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ-૨૦૧૨) હેઠળ જાગૃતિ સેમિનાર ધરમપુર તાલુકાના બરૂમાળ ગામમાં આવેલી બારીયા ફળિયા પ્રાથમિક શાળા અને ચીચોઝર પ્રાથમિક શાળા ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં કાનુની સત્તામંડળના વકીલ યોગીનીબેન પટેલ દ્વારા પોક્સો- ૨૦૧૨ કાયદા વિશે અને ગુડ ટચ અને બેડ ટચ વિશે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી.

વલસાડના સખી વન સ્ટોપ સેન્ટરના સાયકોલોજી કાઉન્સેલર ઉર્વશીબેન વસાવા દ્વારા સખી વન સ્ટોપ સેન્ટરમાં આપવામાં આવતી સુવિધાઓ અને અભયમ ૧૮૧ ટોલ ફ્રી નંબર વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ડિસ્ટ્રિક્ટ મિશન કો-ઓર્ડીનેટર જિજ્ઞેશ પટેલ દ્વારા જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરીની વિવિધ યોજનાઓ બેટી બચાઓ બેટી પઢાવો યોજના, વ્હાલી દિકરી યોજના તેમજ પાલક માતા પિતા યોજના વિશે માહિતી આપવામાં આવી હતી. આ કાર્યકર્મમાં શ્રીમદ રાજચંદ્ર CCD વિભાગના કર્મચારીઓ, શાળાના શિક્ષકો તેમજ બાળકો હાજર રહ્યાં હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશે જે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. ઘરના મોરચે તમારૂં જીવન શાંત અને ગમે તેવું રહેશે. લાંબા સમયથી કોઈક સાથે ચાલતો તમારો વિવાદ આજે ઉકેલવાનો પ્રયાસ કરો કેમ કે આવતી કાલે કદાચ બહુ મોડું થઈ જશે. તમારી કાર્યકુશળતા વધારવા માટે નવી પદ્ધતિનો સ્વીકાર કરો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. બાળકો તમારી માટે દિવસ મુશ્કેલ બનાવી શકે છે. તેમનો રસ જળવાઈ રહે તે માટે પ્રેમનો ઉપયોગ શસ્ત્ર તરીકે કરો અને બિનજરૂરી તાણ ટાળો.યાદ રાખો પ્રેમ જ પ્રેમને ખેંચે છે. રોમાન્સમાં ઓટ આવશે અને તમારી મોંઘી ભેટ-સોગાદો પણ આજે જાદુ નહીં સર્જી શકે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો.મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે તથા વ્યક્તિના જીવનમાં જરૂરી એવો પ્રકાશ રેલાવે છે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થઈ શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો.

**કર્ક (ડ,હ) :**

આજે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે. જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. તમારા ઉદાર વર્તનનો લાભ તમારા બાળકોને ન લેવા દો. નવું સાહસ શરૂ કરવા માટે શુભ દિવસ.

**સિંહ (મ,ટ) :**

તમને પ્રેરણા આપતી લાગણીઓને ઓળખજો. ભય, શંકા, ગુસ્સો, લાલચ વગેરે જેવી નકારાત્મક લાગણીઓને તમારે છોડી દેવી જોઈએ, કેમ કે આ લાગણીઓ લોહચુંબકની જેમ કામ કરે છે, તમને જે જોઈએ છે તેનાથી વિરૂદ્ધ બાબતને તેઓ આકર્ષે છે. ઘર માં કોઈ ફંક્શન હોવા ને લીધે આજે તમારું વધારે ધન ખર્ચ થઈ શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે ભૂતકાળના સાહસમાં સફળતા તમારા આત્મવિશ્વાસને વધારશે. નવા સંપર્કો કદાચ લાભદાયી લાગશે પણ અપેક્ષા મુજબના લાભ નહીં લાવે- નાણાં રોકવાની વાત આવે ત્યારે ઉતાવળા નિર્ણયો ન લેવામાં જ સાર છે. મિત્રો તથા પરિવારના સભ્યો તમને મદદ અને પ્રેમ પૂરો પાડશે. ભૂતકાળમાં તમારા પ્રિયપાત્રએ દાખવેલી ઉદાસીનતા માટે માફી આપી તમે તમારા જીવનને વધુ લાયક બનાલશો.

**તુલા (ર,ત) :**

આજના દિવસે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. જે લોકો અત્યાર સુધી પૈસા વગર મતલબે ઉડાડી રહ્યા હતા તે લોકો ને હવે પોતાના ઉપર કાબુ રાખવો જોઈએ અને ધન ની બચત કરવી જોઈએ. આજે તમે પ્રેમાળ મૂડમા હશો-આથી તમારા અને તમારા પ્રિયપાત્ર માટે ખાસ યોજના ચોક્કસ બનાવજો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. આ રાશિ ના વેપારીઓ ને આજે પોતાના ઘર ના તે સભ્યો થી દૂર રહેવું જોઈએ જે લોકો ઉધારી પૈસા માંગે તો છે પણ પાછા નથી આપતા. બાળકો તમને ઘરના કામમાં મદદ કરશે. આજે તમે તમારા કોઈ વાયદા ને પૂરો નહિ કરી શકો જેના લીધે તમારો પ્રેમી ગુસ્સે થયી શકે છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે પોતાના પૈસા બચાવવા માટે તમારે ઘર ના સભ્યો જોડે આજે વાત કરવાની જરૂર છે. તેમની સલાહ તમને આર્થિક સ્થિતિ સુધારવા માં મદદ કરશે? વિદેશમાં વસતા સંબંધી તરફથી મળેલી ભેટ તમને આનંદિત કરશે. આજે તમારા પ્રિયપાત્રની લાગણીઓ સમજજો. તમને લાભ થવાની શક્યતા છે- જો તમે તમારા વિચારો યોગ્ય રીતે રજૂ કરશો.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારી જાતને એક હદ કરતાં વધુ થકવશો નહીં અને યોગ્ય આરામ લેવાનું યાદ રાખજો. કોઈક અંગત સમસ્યા સૂલઝાવવામાં તમારી મદદની અપેક્ષા રાખતા કોઈક વૃદ્ધ સંબંધી તરફથી આશીર્વાદ મળશે. તમારા જીવનસાથીના સંબંધીઓ તરફથી સર્જાતા અવરોધોને કારણે તમારો દિવસ થોડોક અડચણભર્યો રહેશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારે માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ દાન કે સખાવતી પ્રવૃત્તિમાં સાંકળો. નાણાં તમારા હાથમાંથી આસાનીથી સરી જવા છતાં-તમારા શુકનવંતા ગ્રહો નાણાં પ્રવાહ જાળવી રાખશે. લોકો તમને નવી આશાઓ તથા સપનાં આપશે-પણ તમારા પોતાના પ્રયત્નો પર ઘણું બધું અવલંબશે. આજે તમારા પ્રેમી કે પ્રેમિકાને નિરાશ ન કરતા.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો. આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે. ખર્ચ વધશે પણ આવકમાં થતો વધારો તમારા ખર્ચને પહોંચી વળશે. મિત્રો સાથે કશુંક ઉત્સાહજનક અને મનોરંજક કરવાનો દિવસ. સુંદર સ્મિત સાથે તમારા પ્રેમી કે પ્રેમિકાનો દિવસ ઝળકાવો.

## ન્યૂઝ બ્રિફ

### બીજી ટી૨૦માં વિન્ડિઝ સામે ઓસ્ટ્રેલિયાનો શાનદાર વિજય

। (એજન્સી) કિંગ્સ્ટન, તા.૨૫ ।

જોશ ઈંગ્લિસ અને કેમરૂન ગ્રીનની શાનદાર અડધી સદીની મદદથી પ્રવાસી ઓસ્ટ્રેલિયાએ મંગળવારે રાત્રે (ભારતમાં બુધવારે સવારે) રમાયેલી બીજી ટી૨૦ ક્રિકેટ મેચમાં વેસ્ટ ઈન્ડિઝ સામે આઠ વિકેટે શાનદાર વિજય હાંસલ કર્યો હતો. આ સાથે ઓસ્ટ્રેલિયાએ પાંચ મેચની સિરીઝમાં ૨-0ની સરસાઈ હાંસલ કરી લીધી હતી. અહીંના સબિના પાર્ક ખાતે રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતાં વેસ્ટ ઈન્ડિઝે ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૭૨ રનનો સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં ઓસ્ટ્રેલિયાએ ૧૫.૨ ઓવરમાં બે વિકેટે ૧૭૩ રન કરીને મેચ જીતી લીધી હતી. ઓસ્ટ્રેલિયા માટે જોશ ઈંગ્લિસે ૩૩ બોલમાં સાત ચોગ્ગા અને પાંચ સિક્સર સહિત અણનમ ૭૮ રન ફટકાર્યા હતા. તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાયો હતો તો કેમરૂન ગ્રીને પણ એવી જ ઉમદા બેટિંગ કરીને ૩૨ બોલમાં ૫૬ રન ફટકાર્યા હતા જેમાં ત્રણ ચોગ્ગા અને ચાર સિક્સરનો સમાવેશ થતો હતો. અગાઉ બ્રેન્ડન કિંગે કેરેબિયન ટીમ માટે સારી શરૂઆત કરી હતી પરંતુ તેને અન્યનો સહકાર સાંપડ્યો ન હતો. તેણે ૩૬ બોલમાં ચાર સિક્સર સાથે ૫૧ રન ફટકાર્યા હતા. અંતિમ ટી૨૦ મેચ રમી રહેલા આન્દ્રે રસેલે ૧૫ બોલમાં ૩૬ રન ફટકાર્યા હતા જેમાં પણ ચાર સિક્સરનો સમાવેશ થતો હતો. ગુડાકેશ મોતીએ માત્ર નવ બોલમાં બે સિક્સર સાથે ૧૮ રન ફટકાર્યા હતા.

### લંડનના રસ્તા પર ચહલ યુવતી સાથે ફરતો દેખાયો

। (એજન્સી) લંડન, તા.૨૫ ।

ભારતીય ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલ ૩૫મો જન્મદિવસ લંડનમાં ઉજવ્યો હતો. ધનશ્રી વર્મા સાથે છૂટાછેડા બાદ ચહલ આરજે મહવશને ડેટ કરી રહ્યો છે તેવા અહેવાલો વહેતા થયા છે. આ દરમિયાન વધુ એક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો છે, જેમાં તે લંડનની ગલીઓમાં એક યુવતી સાથે જોવા મળતા ફરી અફેરની ચર્ચા શરૂ થઈ છે. સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલો વીડિયો એક મહિલાએ બનાવ્યો છે. જેમા તેમણે દાવો કર્યો છે કે, ભારતીય ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલ લંડનની ગલીઓમાં આરજે મહવશ સાથે ફરી રહ્યો છે.' નોંધનીય છે કે, એક અઠવાડિયા પહેલા ચહલે લંડનના રસ્તાઓ પર કેટલાક ફોટા પાડ્યા હતા અને તેને સોશિયલ મીડિયા પર શેર કર્યા હતા. આ દરમિયાન આરજે મહવશે સોશિયલ મીડિયા પર કેટલાક ફોટા પણ શેર કર્યા હતા. સોશિયલ મીડિયા પર એવી અટકળો શરૂ થઈ હતી કે, આ બંને સાથે હતા. યુઝવેન્દ્ર ચહલે આ વર્ષની શરૂઆતમાં ધનશ્રી વર્મા સાથે છૂટાછેડા લીધા હતા. ધનશ્રી સાથે તેમણે ૨૦૨૦માં લગ્ન કર્યા હતા. છૂટાછેડાનું કારણ સ્પષ્ટ નહોતું, પરંતુ બંને લાંબા સમયથી અલગ રહેતા હતા. ત્યારબાદ ચહલ ઘણી વખત આરજે મહવશ સાથે જોવા મળ્યો હતો. ભારતીય લેગ સ્પિનર યુઝવેન્દ્ર ચહલ કાઉન્ટી ચેમ્પિયનશિપ અને વનડે કપમાં નોર્થમ્પ્ટનશાયર ક્લબ તરફથી રમી રહ્યો છે. તેમણે કેન્ટ સામેની મેચમાં બીજી ઈનિંગમાં ૪ વિકેટ લીધી હતી. ચહલ બીજી વખત આ ક્લબનો ભાગ બન્યો છે. તેમણે ગયા વર્ષે આ ક્લબ માટે ડેબ્યૂ કર્યું હતું.

### ભારત અને પાકિસ્તાન વચ્ચે એશિયા કપમાં મેચ રમાય તેવી શક્યતા

# બીસીસીઆઈ સપ્ટેમ્બરમાં યુએઈમાં એશિયા કપનું આયોજન કરશે

। (એજન્સી) ઢાકા, તા.૨૫ ।




ભારતીય ક્રિકેટ બોર્ડ (બીસીસીઆઈ) આગામી સપ્ટેમ્બરમાં એશિયા કપ ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન યુનાઈટેડ આરબ અમિરાત (યુએઈ)માં કરે તેવી પૂરી સંભાવના છે. આ અંગે સત્તાવાર જાહેરાત ટૂંક સમયમાં કરાય તેવી શક્યતા છે. તેમ એશિયન ક્રિકેટ કાઉન્સિલ (એસીસી)ના સૂત્રોએ ગુરુવારે જણાવ્યું હતું.આગામી એશિયા કપના યજમાન સ્થળ અંગે નિર્ણય લેવા માટે એસીસીના તમામ ૨૫ સદસ્યની એક બેઠક તાજેતરમાં યોજાઈ હતી તેમાં આ મુદ્દે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. બીસીસીઆઈના પ્રતિનિધિ તરીકે આ બેઠકમાં બોર્ડના વાઈસ પ્રેસિડેન્ટ રાજીવ શુક્લાએ ઓનલાઈન હાજરી આપી હતી.આ અંગે સુત્રોએ નામ જાહેર નહીં કરવાની શરતે માહિતી આપી હતી કે બીસીસીઆઈ આ વખતની એશિયા કપ ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટ યુનાઈટેડ આરબ અમિરાતમાં યોજી રહ્યું છે. જોકે તેના કાર્યક્રમ અંગે તેઓ હજી પણ ચર્ચા કરી રહ્યા છે.સપ્ટેમ્બરમાં એશિયા કપ લગભગ એક પખવાડિયા સુધી યોજાશે. સપ્ટેમ્બરના અંતિમ સપ્તાહ અગાઉ તેની ફાઈનલ મેચ રમાશે કેમ કે આ તબક્કેથી ભારતીય ટીમ વેસ્ટ ઈન્ડિઝ સામે ટેસ્ટ સિરીઝ રમનારી છે. આમ આ સિરીઝ શરૂ થાય તે અગાઉ એશિયા કપની ફાઈનલ રમાઈ જાય તે જરૂરી છે.બોર્ડના સેક્રેટરી દેવજિત સાઈકિયાએ જણાવ્યું હતું કે અમારા વાઈસ પ્રેસિડેન્ટ રાજીવ શુક્લાએ એસીસીની બેઠકમાં હાજરી આપી હતી. તેઓ આ અંગે બોર્ડના સદસ્યોની માહિતગાર કરશે. હું અટકળોમાં માનતો નથી તેથી તમે આ અંગે થોડા દિવસોમાં સત્તાવાર રીતે માહિતી પ્રાપ્ત કરશો.ઢાકામાં યોજાયેલી બેઠકમાં એસીસીના ચેરમેન અને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)ના વડા મોહસિન નકવીએ એશિયા કપમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેના મુકાબલા અંગે મૌન સેવ્યું હતુ અને કોઈ સ્પષ્ટતા કરી ન હતી.નકવીએ આ અંગે જણાવ્યું હતું કે અમે ટૂંક સમયમાં જાહેરાત કરીશું. આ મામલે અમારે બીસીસીઆઈ સાતે મંત્રણા થઈ છે અને કેટલાક મુદ્દા છે જેનો અમે ટૂંક સમયમાં ઉકેલ લાવીશું. આ બેઠકમાં તમામ ૨૫ સદસ્યોએ કાં તો રૂબરૂ અથવા તો ઓનલાઈન હાજરી આપી હતી. અમે તમામ આ મુદ્દે એકમત છીએ.એમ મનાય છે કે બીસીસીઆઈના દબાણને કારણે બેઠકમાં એજન્ડામાં રહેલા દસ મુદ્દામાં થી માત્ર બે મુદ્દે જ ચર્ચા થઈ હતી.

### અમેરિકામાં રહેલી તમામ કંપનીઓની જરૂર છેઃ યુએસ પ્રમુખ

## મારે એલનની જરૂર છે, તેની કંપનીઓ તબાહ કરવાની વાત ખોટીઃ ટ્રમ્પ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૫ ।

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એલન મસ્કની કંપનીઓ પર તલવાર લટકી રહી હોવાની અફવાઓ અંગે સ્પષ્ટતા કરી છે. ટ્રમ્પે કહ્યું કે, આમ કહેવું ખોટું છે કે હું મસ્કની કંપનીઓને મળનારી સરકારી સબસિડી ખતમ કરવાનો છું.ટ્રમ્પે નિવેદનમાં જણાવ્યું કે, હું એલન મસ્કની કંપનીઓને તબાહ કરી દઈશ, અને તેની મોટી સરકારી સબસિડી છીનવી લઈશ. આ તદ્દન ખોટું છે. હું ઈચ્છું છું કે મસ્ક અને આપણા દેશમાં કામ કરતા તમામ બિઝનેસ આગળ વધે અને અગાઉ કરતા પણ વધુ વિકાસ કરે.એલન મસ્કની જરૂર છે, અલબત્ત યુએસમાં રહેલી તમામ કંપનીઓની જરૂર છે. આ લોકો જેટલો સારો બિઝનેસ કરશે, તેટલો જ અમેરિકાને ફાયદો થશે. અને આ આપણા તમામ માટે સારું છે. અમે દરરોજ રેકોર્ડ બનાવી રહ્યા છીએ, અને હું ઈચ્છું છું કે આવું જ ચાલતું રહે તેમ યુએસ પ્રમુખે ટ્રુથ સોશિયલ પર પોસ્ટ કર્યું હતું. ટ્રમ્પે એલન મસ્ક પ્રત્યે આ પ્રકારનું નરમ વલણ તાજેતરમાં સૌપ્રથમ વખત દર્શાવ્યું છે. અગાઉ આ મહિનાની



શરૂઆતમાં તેમણે મસ્કની કંપનીઓને મળનારી અબજો ડોલરની સબસિડી ખતમ કરવાના સંકેત આપ્યા હતા. મસ્કે ટ્રમ્પના બિગ બ્યુટિફુલ બિલની ટીકા કરી હતી જે બાદમાં સેનેટમાં પાતળી બહુમતિથી પસાર થયું હતું.

આ બિલમાં સબસિડીને નાબૂદ કરવાની દરખાસ્ત કરાઈ હતી. ટ્રમ્પ સરકાર હાલમાં જે સબસિડી આપે છે, તેનાથી ટેસ્લા સહિતની ઈલેક્ટ્રિક વ્હીકલ નિર્માતા કંપનીઓને મોટો ફાયદો મળે છે. મસ્ક એક સમયે ટ્રમ્પના ખાસ મિત્રમાં સ્થાન ધરાવતા હતા અને તે ટ્રમ્પના પ્રમુખ તરીકેના બીજા કાર્યકાળમાં કાર્યદક્ષતા વિભાગમાં મહત્વના પદે હતા. પરંતુ બિલને લઈને ઉઠેલા વિવાદ બાદ મસ્કે હોદ્દા પરથી રાજીનામું આપી દીધું હતું.

### પૌરાણિક શિવ મંદિરના વિવાદને પગલે બંને દેશોની સેના આમને-સામને

## વધુ એક યુદ્ધ! થાઈ-કંબોડિયન ફોર્સ વચ્ચે અથડામણ, ૧૧નાં મોત

। (એજન્સી) બેંગકોક, તા.૨૫ ।

થાઈલેન્ડ અને કંબોડિયાના સૈનિકો વચ્ચે સરહદી વિવાદ અને પૌરાણિક શિવ મંદિરના વિવાદને પગલે અનેક વિસ્તારોમાં અથડામણ શરૂ થઈ છે, જેમાં ઓછામાં ઓછા ૧૧ લોકોનાં મોત થયા છે. થાઈ સેનાએ દાવો કર્યો હતો કે વિવાદિત મોઆન થોમ મંદિર નજીક એક સર્વેલન્સ ડ્રોન તૈનાત કર્યા પછી અને સશસ્ત્ર સૈનિકોને વિસ્તારમાં મોકલ્યા પછી કંબોડિયન સેનાએ ગોળીબાર કર્યો હતો. બીજી તરફ, કંબોડિયાના સંરક્ષણ મંત્રાલયે થાઈ સૈનિકો પર ઉશ્કેરણી વિના ઘુસણખોરી કરવાનો આરોપ લગાવ્યો છે. બંને પક્ષોએ નાના હથિયારો, તોપખાના અને રોકેટથી હુમલા કર્યા હતા. બંને દેશોએ એકબીજાને રાજદૂતોને પાછા બોલાવી રાજદ્વારી સંબંધો કાપી નાખ્યા છે.થાઈ સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે, સરહદ પર ઓછામાં ઓછા છ વિસ્તારોમાં લડાઈ ચાલી રહી છે. ગુરૂવારે સવારે ૭.૩૫ વાગ્યે સૂરીનના ફાનોમ ડોંગ રાક જિલ્લાના તા મુએન થોમ મંદિરના ખંડેરોમાં એક કંબોડિયાનું ડ્રોન આંટા મારતું નજરે પડ્યું હતું. ત્યારબાદ કંબોડિયાના ૬ સૈનિકો પ્રોપેલ્ડ ગ્રેનેડ અને અન્ય હથિયારો સાથે થાઈલેન્ડના સૈનિકોના થાણાની નજીક પહોંચી ગયા હતા અને મંદિરના ખંડેરથી લગભગ ૨૦૦ મીટર દૂર સ્થિત સૈનિકોના અડ્ડા પર ગોળીબાર શરૂ કરી દીધો હતો.જેમાં પાંચ થાઈ સૈનિકો ઘાયલ થયા હતા. થાઈલેન્ડે તેના નાગરિકોને કંબોડિયા છોડવાની અપીલ કરી છે અને તમામ જમીન સરહદ ક્રોસિંગ પણ સીલ કરી દીધા છે.

### ગણતરીની મિનિટોમાં ૧૪ દુકાનોને ટાર્ગેટ બનાવી

## સિંગાપોરમાં ભારતીય નાગરિકે એરપોર્ટ પરથી ૩.૫ લાખનો સામાન તફડાવ્યો

। (એજન્સી) સિંગાપોર, તા.૨૫ ।

સિંગાપોરથી ભારતની ફ્લાઈટ પકડતાં પહેલાં એક ભારતીય નાગરિક સિંગાપોર એરપોર્ટની ૧૪ દુકાનોમાં શોપિંગ કરવા ગયો હતો. ગણતરીની મિનિટોમાં એ દુકાનોમાં ફર્યો હતો, પરંતુ તેણે લાખો રૂપિયાનો સામાન તફડાવી લીધો હતો. નાટયાત્મક ઘટનામાં એ આરોપી ચોરી કરીને ભાગી છૂટયો હતો, પરંતુ સીસીટીવીમાં તપાસ કર્યા બાદ એ ઘટનાનો ઘટસ્ફોટ થયો હતો. ફ્લાઈટની રાહ જોતી વખતે સિંગાપોર એરપોર્ટની લોંજમાં મુસાફરો શોપિંગ કરતા હોય છે. ૩૮ વર્ષનો એક ભારતીય નાગરિક પણ એરપોર્ટ લોંજની દુકાનોમાં શોપિંગ માટે પહોંચ્યો હતો. એ એક-બે નહીં, ૧૪ દુકાનોમાં ગયો અને એકેય વસ્તુ લીધા વગર બહાર નીકળ્યો. મિનિટોમાં તેણે ૧૪ દુકાનોની મુલાકાત કરી અને સિફતપૂર્વક એ દુકાનોમાંથી ૩.૫ લાખ રૂપિયાનો સામાન તફડાવી લીધો.

દુકાનદારોને આ ચોરીની જાણ સુદ્ધાં ન થઈ ને તેણે ઠંડા કલેજે સામાન તફડાવ્યા બાદ ફ્લાઈટ પણ પકડી લીધી હતી. ચોરીના સામાન સાથે એ ભારત આવી ગયો હતો. એક દુકાનદારને એની દુકાનમાં બેગ ઓછું જણાતા તેણે તપાસ કરી. સીસીટીવી ચેક કરતાં જણાયું કે આ માણસે મિનિટોમાં ૧૪ દુકાનોને નિશાન બનાવી હતી. પોલીસે સીસીટીવીના આધારે તેની ઓળખ કરી હતી અને તેને રડારમાં રાખ્યો હતો. ફરીથી આરોપી સિંગાપોર ગયો કે તરત એરપોર્ટ પરથી જ પોલીસે તેની ધરપકડ કરી હતી. પોલીસને તેની પાસેથી બિલ વગરની ચીજવસ્તુઓ મળી આવી હતી એના પરથી એવોય અંદાજ છે કે તેણે અન્ય કોઈ એરપોર્ટ પરથી પણ સિંગાપોરની ફ્લાઈટ પકડતા પહેલાં હાથ સાફ કર્યો હતો.

પોલીસના કહેવા પ્રમાણે તેણે ૨૯મી મેના રોજ સાંજે સામાન ચોર્યો હતો. ૧લી જૂને તેની ધરપકડ થઈ હતી. આગામી દિવસોમાં તેને કોર્ટમાં રજૂ કરાશે અને ચોરીના આરોપમાં તેને સજા થશે. જો આરોપ સાબિત થશે તો તેને સાત વર્ષની જેલની સજા કે પછી દંડ અથવા તો બંને થઈ શકે છે.

## પાસપોર્ટ રેન્કિંગમાં ભારતનું સ્થાન દુનિયામાં ૭૭માં નંબર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

દુનિયાભરના દેશોના પાસપોર્ટનું નવું રેન્કિંગ આવ્યું છે. જે મુજબ, ભારતનો પાસપોર્ટ દુનિયામાં ૭૭માં નંબરે છે. વળી, પહેલાં નંબરે એશિયાનો દેશ સિંગાપુર અને બીજા નંબરે જાપાન તેમજ સાઉથ કોરિયા છે. રસપ્રદ વાત એ છે કે, પાકિસ્તાન દુનિયાનો ચોથો સૌથી ખરાબ રેન્કિંગવાળો દેશ છે. તેનો પાસપોર્ટ ૯૬માં નંબરે મૂકવામાં આવ્યો છે. હેનલી પાસપોર્ટ ઈન્ડેક્સ ૧ થી ૯૯ સુધીની રેન્કિંગમાં દુનિયાના તમામ દેશને મૂકવામાં આવ્યા છે. પાકિસ્તાન સાથે સોમાલિયા અને યમનને પણ આ જ સ્થાન મળ્યું છે. સૌથી છેલ્લે એટલે કે, ૯૯માં નંબરે અફઘાનિસ્તાન છે અને ૯૮ નંબરે સીરિયા તેમજ ૯૭ નંબર ઈરાકને સ્થાન મળ્યું છે. ત્રીજા નંબરે યુરોપના અનેક દેશ છે, જેમાં ડેનમાર્ક, ફિનલેન્ડ, ફ્રાન્સ, જર્મની, આયર્લેન્ડ, ઈટલી અને સ્પેન સામેલ છે. આ દેશોમાં ફરવા માટે મોટી સંખ્યામાં લોકો જાય છે. ચોથા નંબરે સ્વિડન, નેધરલેન્ડ અને બેલ્જિયમ સહિત યુરોપના ૭ દેશ સામેલ છે. ભારતના એક અન્ય પાડોશી દેશ બાંગ્લાદેશનો પાસપોર્ટ રેન્ક ૯૪ નંબરે છે. પેલેસ્ટાઈનને પણ આ જ રેક્કિંગ મળી છે. આ સિવાય સૂડાનને ૯૨ અને ઉત્તર કોરિયાને ૯૩મો નંબર મળ્યો છે. શ્રીલંકા અને ઈરાનને ૯૧ નંબરે સ્થાન મળ્યું છે. વળી, વિશ્વના સૌથી શક્તિશાળી કહેવાતા દેશ અમેરિકાને ૧૦મું સ્થાન મળ્યું છે અને ઈઝરાયલને ૧૮માં નંબરે મૂકવામાં આવ્યું છે. ચીની પાસપોર્ટને રેક્કિંગમાં ૬૦માં નંબરે મૂકવામાં આવ્યો છે. રશિયાને આ યાદીમાં ૪૬મું સ્થાન મળ્યું છે. નોંધનીય છે કે, ભારતની રેક્કિંગમાં આ વર્ષે ૮ સ્થાનનો ઉછાળો આવ્યો છે. ગત વર્ષે ભારતીય પાસપોર્ટને ૮૫મું સ્થાનમળ્યું હતું અને આ વખતે ભારત ૭૭માં સ્થાન પર છે. પોસપોર્ટ સરકાર તરફથી જાહેર કરવામાં આવેલા આ દસ્તાવેજના માધ્યમથી લોકો બીજા દેશોની યાત્રા કરી શકે છે. સામાન્ય રૂપે આવા દેશોની રેક્કિંગ કમજોર હોય છે, જે હિંસા પ્રભાવિત છે અથવા આતંકવાદ ગ્રસ્ત છે. જેમ કે, અફઘાનિસ્તાન, સોમાલિયા, પાકિસ્તાન, સીરિયા, સૂડાન અને ઈરાક વગેરે.

## એક્સ્ટ્રા મેરિટલ અફેર્સ મામલે નાનકડું શહેર દેશભરમાં ટોચે

। (એજન્સી) કાંચીપુરમ, તા.૨૫ ।

પરિણીત લોકોને ડેટિંગ કરવા માટે પ્લેટફોર્મ પૂરૂ પાડનારી વેબસાઈટ એશલે મેડિસને દાવો કર્યો કે, દેશના દક્ષિણ રાજ્ય તમિલનાડુના કાંચીપુરમમાં એક્સ્ટ્રા મેરિટલ અફેર્સના સૌથી વધુ કેસ દાખલ થયા છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે, આ નાનકડું શહેર આ મામલે ખૂબ આગળ વધી ગયું છે, જેણે દિલ્હી-મુંબઈ જેવા શહેરોને પણ પાછળ છોડી દીધું. એશલે મેડિસનનો આ દાવો ૨૦૨૫ દ્વારા જાહેર કરવામાં આવેલા નવા યુઝર્સના ડેટા પર આધારિત છે.

આ વેબસાઈટના લેટેસ્ટ આંકડા જણાવે છે કે, કાંચીપુરમ ૨૦૨૪માં ૧૭માં સ્થાને હતું, જે આ વર્ષે પહેલા નંબરે પહોંચી ગયું છે. જોકે, એશલે મેડિસને આ શહેર ૧૭ નંબરથી પહેલા નંબરે કેવી રીતે પહોંચ્યુ તેને લઈને સ્પષ્ટતા આપી નથી. પરંતુ, આ વલણ દર્શાવે છે કે, ટિયર-૨ અને ટિયર-૩ શહેરોમાં ડેટિંગ એપ્સની પહોંચ ઝડપથી વધી રહી છે.

આ વેબસાઈટ દ્વારા જાહેર કરવામાં આવેલા દેશના ટૉપ ૨૦ જિલ્લાની યાદીમાં મધ્ય દિલ્હી બીજા નંબરે છે. ટૉપ ૨૦માં દિલ્હી-એનસીઆર વિસ્તારના કુલ ૯ જિલ્લાએ પોતાની મજબૂત હાજરી નોંધાવી છે. ટૉપ ૨૦માં દિલ્હીના ૬ જિલ્લાઓ આવે છે. જેમાં મધ્ય દિલ્હી, દક્ષિણ-પશ્ચિમ દિલ્હી, પૂર્વ દિલ્હી, દક્ષિણ દિલ્હી, પશ્ચિમ દિલ્હી અને ઉત્તર-પશ્ચિમ દિલ્હી સામેલ છે. આ સિવાય દિલ્હીથી જોડાયેલા ગુડગાંવ, ગાઝિયાબાદ અને ગૌતમ બુદ્ધ નગર (નોઈડા) પણ ટૉપ ૨૦ શહેરોમાં સામેલ છે.

એશલે મેડિસન દ્વારા જાહેર કરવામાં આવેલા ડેટા મુજબ, દિલ્હી-એનસીઆના ૯ જિલ્લા ટૉપ છે. વળી, મુંબઈનો એકપણ વિસ્તાર ટૉપ ૨૦માં સામેલ નથી. જોકે, જયપુર, રાયગઢ, કામરૂપ અને ચંડીગઢ જેવા બીજા શહેરોએ આ યાદીમાં સ્થાન મેળવ્યું છે. ખાસ કરીને ગાઝિયાબાદ અને જયપુર જેવા ટિયર-૨ શહેરોએ વેબસાઈટ પર સાઈન અપ કરી અનેક મોટા શહેરી કેન્દ્રોને પાછળ છોડી દીધા છે.

પ્લેટફોર્મે સ્પષ્ટ કર્યું કે, આ રેક્કિંગ ન ફક્ત નવા યુઝર્સની સાઈનઅપ એક્ટિવિટી, પરંતુ વેબસાઈટની ગતિવિધિ, તેની ફ્રિકવન્સી અને જોડાણના આંકડા આધારિત છે. આ આંકડા જણાવે છે કે, આ વિસ્તારના લોકો સામુહિક રૂપે દગો અથવા એકલતાનો શિકાર બની રહ્યા છે.

## વિશેષ

### બ્રિજના ફાઉન્ડેશન એરિયામાં ગેરકાયદે માઇનિંગ અટકાવવા કડકમાં કડક પગલાં લેવા લેવાશે

# મહેસૂલી પ્રશ્નોની સમીક્ષા માટે ગાંધીનગર ખાતે યોજાઇ કલેક્ટર કોન્ફરન્સ

। (માહિતી) ગાંધીનગર ।

રાજયના મૃદુ-મક્કમ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના દિશા નિર્દેશ અને વડપણ હેઠળ મહેસૂલ વિભાગ દ્વારા પ્રજાભિમુખ વહીવટ અને પ્રક્રિયાઓના સરળીકરણના ભાગરુપે મહેસૂલી કામગીરીની સમીક્ષા માટે આજે રાજયના કલેકટરશ્રીઓની કલેકટર કોન્ફરન્સ મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી ડૉ. જયંતી રવિના અધ્યક્ષસ્થાને ગાંધીનગર ખાતે યોજાઈ હતી. જેમાં રાજયના અગત્યના પ્રજાલક્ષી મહેસૂલી પ્રશ્નો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ડૉ. રવિએ કુદરતી આપદા સમયે મહેસૂલી અધિકારીઓની ઝડપી કામગીરીની સરાહના કરીને મહેસૂલી તંત્ર દ્વારા સુચારુ ઢબે સંકલન કરીને પ્રજાકીય પ્રશ્નો અને સમસ્યાઓ પરત્વે સંવેદના દાખવી આ કેસો અંગે ઝડપથી જરુરી કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી.

મહેસૂલ વિભાગ અને ખાતાના વડાની કચેરીઓના નામ. હાઈકોર્ટમાં પડતર કોર્ટ કેસો સંદર્ભે રાજયની કલેકટર કચેરીઓમાં પડતર ૨૯,૦૦૦ થી વધુ કેસો મળીને કુલ ૩૭,૦૦૦ જેટલા કેસોનો જિલ્લા-વાર રીવ્યુ કરીને તેના ઝડપી નિકાલ માટે એકશન પ્લાન બનાવીને આ કેસોનો નિકાલ કરવા ડો. જયંતી રવિએ સૂચના આપી હતી. તેમજ આ અંગે નામ. હાઈકોર્ટના સિનિયર લૉ ઓફિસર્સ અને જિલ્લાઓના કાયદા અધિકારી સાથે એક બેઠક યોજીને આ અંગેનો વિસ્તૃત રોડ મેપ બનાવવા અંગે પણ ડો. જયંતી રવિએ નિર્દેશ આપ્યો હતો.

ડૉ. રવિએ વધુમાં જણાવ્યું હતું કે જિલ્લા તંત્રમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરીને રી-સર્વેની કામગીરી, મહેસૂલી ઠરાવો અને પરિપત્રોની સમીક્ષા કરીને વિષય-વાર એક સંકલિત ઠરાવ બનાવવાની તેમજ મેન્યુઅલ તૈયાર કરવાની કામગીરી, સંપાદનના પ્રશ્નો માટે એક ટાસ્ક ફોર્સ બનાવવાની કામગીરી, iORAમાં દફતરે થતી અરજીઓ, RTLOC (Revenue Title and Land Occupancy Certificate) અંગેની કામગીરી કરવા માટે સુચન કર્યું હતું. મહેસૂલી તાલીમ સંસ્થા DISRAને સુદ્રઢ કરીને મહેસૂલી કર્મીઓને સતત તાલીમ, ઈ-ધરાનું ઓડિટ વગેરે કામગીરીનો પણ કોન્ફરન્સમાં રીવ્યુ કરવામાં આવ્યો હતો.

ડો. રવી જયંતિએ પી.એમ. પોષણ યોજના હેઠળના સેંટ્રલાઈઝડ કિચન માટે જમીન ફાળવણી, રેડ ક્રોસ માટે જમીન ફાળવણી વગેરેની પણ સમીક્ષા કરી હતી અને જમીન ફાળવણીની કામગીરી ઝડપથી પૂર્ણ કરવા સુચના આપી હતી.

ડૉ. જયંતી રવિએ જણાવ્યું હતું કે ઈ-ગવર્નંસના માધ્યમથી જિલ્લાકક્ષાના પ્રશ્નોનું ઝડપી નિરાકરણ આવે, પ્રજાલક્ષી નિર્ણયોની સરળતાથી અમલવારી થઈ શકે તેમજ મહેસૂલી કામગીરીમાં પારદર્શિતા આવે તે હેતુસર મહેસૂલ વિભાગ દ્વારા સમયાંતરે યોજાતી કલેકટર / નિવાસી અધિક કલેકટરશ્રીની આવી વી.સી. કોન્ફરન્સીસ એક નિર્ણાયક અને મહત્વ પૂર્ણ માધ્યમ બની રહ્યું છે. કોન્ફરન્સમાં મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી અવંતિકા સિંઘ, ડૉ. વિક્રાંત પાંડે અને શ્રી અતુલ ગોર દ્વારા પણ કલેકટરશ્રીઓને જરુરી સુચનો કરવામાં આવ્યા હતા. જેમાં રાજયના વિવિધ વિભાગો હસ્તકના મકાનો અને સરકારી ઈમારતો, ઈન્ફ્રાસ્ટ્રકચરલ સુવિધા જેવી કે રોડ, ડેમ, બ્રીજ, કેનાલ. બેરેજ, સરકારી હોસ્પિટલો, શાળાઓ, આંગણવાડીઓ વગેરેનું નિરીક્ષણ કરીને પબ્લિક સેફટીની સુનિશ્ચિતતા કરીને રાજયમાં એક પણ જાનહાનિ થાય નહિ તે અંગે મુખ્યમંત્રીશ્રીની સુચના મુજબ અગ્ર સચિવશ્રી અવંતિકા સિંઘે કલેકટરશ્રીઓને સુચના આપી હતી. શ્રીમતી અવંતિકા સિંઘે આ બાબતે જણાવ્યું હતું કે તલાટી સહિત તમામ મહેસૂલી અધિકારીઓના માધ્યમથી આ બાબતે જરુરી તકેદારી રાખવા અને રોપ-વે, બોટિંગ, મેળા વગેરે જેવી પ્રવૃત્તિઓ અંગે જરુરી પ્રમાણપત્રો અને મંજુરીઓની ચકાસણી કરવા જરુરી સંકલન અને સુપરવિઝન કરવા જિલ્લાના વડા તરીકે કલેકટશ્રીઓને અનુરોધ કર્યો હતો. તેમજ બ્રીજના ફાઉન્ડેશન એરિયામાં ગેરકાયદે માઈનિંગ અટકાવવા કડકમાં કડક પગલાં લેવા પણ સુચનાઓ આપવામાં આવી હતી.

કલેકટર કોન્ફરન્સમાં iORA પોર્ટલ ઉપરની વિવિધ અરજીઓની પેડેન્સીનો રીવ્યુ કરીને તેનો સમયમર્યાદામાં નિકાલ, ખેડૂત ખરાઈના નિકાલ થયેલ કેસો, નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવેલ સર્વે નંબરના કેસો વગેરે અંગે થયેલ કામગીરી, iRCMS – રેવન્યુ કેસના પોર્ટલ ઉપર પડતર કેસો અને ઠરાવ પર લીધેલા કેસો, વગેરેની ચર્ચા કરવામાં આવી હતી. આ તમામ કામગીરી ઝડપથી પૂર્ણ કરવા મહેસૂલી તપાસણી કમિશનર શ્રી રાજેશ માંજુએ પણ સૂચના આપી હતી. કોન્ફરન્સમાં, જમીન સુધારણા કમિશનર શ્રી ભાવિન પંડયાએ વિભાગીય કામગીરીનો રીવ્યુ કરીને પડતર વિજિલન્સ રેફરન્સીસ, એમ.એલ.એ/ એમ.પી. કેસો, પી.જી. પોર્ટલ કેસોની સમીક્ષા કરીને આ કામગીરી અંગે ટાઈમ લાઈન નક્કી કરીને તેનો ઝડપથી નિકાલ કરવા સૂચના આપી હતી. આ ઉપરાંત મહેસૂલી ભવનો, સરકારી જમીન ફાળવણી અને બજેટના કામોની પણ સમીક્ષા કરી કામગીરીમાં ઝડપ લાવવા સૂચના આપી હતી.

નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવાના કેસોમાં પટની રકમ ભરવાની બાકી હોય એવા કેસો, શરતભંગના કેસો, એરિયા ડેવલપમેંટ અને SEZ જેવી ઓથોરિટી બાબતે સ્પષ્ટતા કરીને આ અંગે કલેકટરશ્રીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જીઓલોજી અને માઈનિંગ કમિશનરશ્રી ધવલ પટેલ દ્વારા જાહેર હરાજીથી મિનરલ્સ બ્લોકની ફાળવણી બાદની કાર્યવાહી ઝડપી કરવા જરુરી સહયોગ આપ વા કલેકટરશ્રીઓને સુચના આપવામાં આવી હતી.

આયોજન પ્રભાગ સચિવ શ્રીમતી આદ્રા અગ્રવાલ દ્વારા MPLADS હેઠળ સુચવેલ કામોને ઝડપી મંજુરીઓ આપવા અને મંજુર થયેલ કામોમાં ઝડપ કરીને ચુકવણું કરવા માટે જરુરી સુચનાઓ કલેકટરશ્રીઓને આપવામાં આવી હતી.

રોડ સેફટી કમિશનર શ્રી સતીશ પટેલે પણ રોડ સેફટી અંગે જરુરી તકેદારી રાખવા કલેકટરશ્રીઓને જરુરી સુચનો કર્યા હતા. વિકાસ કમિશનર શ્રી કચેરી દ્વારા ગૌચર પરના દબાણો અંગે તેમજ જૂના ગામતળ દબાણો દૂર કરવા સંબંધે તેમજ નવા ગામતળ નીમ કરવાની ઝૂંબેશ અંગેની કામગીરી અંગે કલેકટરશ્રીઓને સુચના આપવામાં આવી હતી.

### ૨૮ ડેમ સંપૂર્ણ ભરાયા

# ગુજરાતમાં અત્યાર સુધીમાં મોસમનો ૫૫ ટકાથી વધુ વરસાદ નોંધાયો

## આ ઉપરાંત ૪૮ ડેમને હાઈ એલર્ટ, ૧૯ ડેમને એલર્ટ તથા ૨૩ ડેમને વોર્નીંગ આપવામાં આવી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

રાજ્યમાં પ્રવર્તમાન ચોમાસાની સિઝનમાં વરસી રહેલા વરસાદના પરિણામે અત્યાર સુધીમાં મોસમનો કુલ સરેરાશ ૫૫.૨૬ ટકા વરસાદ નોંધાયો છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરે આપેલી માહિતી પ્રમાણે, કચ્છ રીઝીયનમાં સૌથી વધુ ૬૪ ટકા વરસાદ વરસ્યો છે. આ સિવાય દક્ષિણ ગુજરાતમાં ૫૯.૧૧ ટકા, ઉત્તર ગુજરાતમાં ૫૪.૦૪ ટકા, સૌરાષ્ટ્રમાં ૫૪.૦૨ ટકા અને પૂર્વ મધ્યમાં ૫૧.૬૪ ટકા સરેરાશ વરસાદ નોંધાયો છે. રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં હાલ ૫૯.૪૨ ટકા જેટલો જળસંગ્રહ થયો છે. જેમાં હાલ પાણીનો સંગ્રહ ૧,૯૮,૫૦૩ એમ.સી.એફ.ટી. નોંધાયો છે. રાજ્યના અન્ય ૨૦૬ જળાશયોમાં ૩,૪૦, ૮૧૭ એમ.સી.એફ. ટીપાણી સંગ્રહાયું છે. જે કુલ સંગ્રહ ક્ષમતાના ૬૧.૦૬ ટકા જેટલું છે. રાજ્યમાં સાર્વત્રિક વરસાદના પરીણામે ૨૦૬ ડેમો પૈકી કુલ ૨૮ ડેમ સંપૂર્ણ ભરાયા છે. આ ઉપરાંત ૪૮ ડેમને હાઈ એલર્ટ, ૧૯ ડેમને એલર્ટ તથા ૨૩ ડેમને વોર્નીંગ આપવામાં આવી છે. રાજ્યમાં કુલ ૨૦૬ ડેમો પૈકી ૬૨ ડેમ ૭૦ ટકાથી ૧૦૦ ટકા, ૪૧ ડેમ ૫૦ ટકાથી ૭૦ ટકા તથા ૩૮ ડેમ ૨૫ ટકાથી ૫૦ ટકા જેટલા ભરાયા છે. ગુરૂવારે તાપી, વલસાડ અને નવસારી જિલ્લામાં સૌથી વધુ વરસાદ વરસ્યો છે. ચાલુ ચોમાસું સિઝનમાં સાર્વત્રિક વરસાદના પરિણામે તા. ૨૫ જુલાઈ ૨૦૨૫ની સ્થિતિએ ખેડૂતો દ્વારા અત્યાર સુધીમાં કુલ ૫૮.૩૮ લાખ હેક્ટર વિસ્તારમાં એટલે કે, ૬૮.૨૩ ટકા વિસ્તારમાં ખરીફ –ચોમાસું પાકનું વાવેતર પૂર્ણ કરી દેવામાં આવ્યું છે.

# શ્રાવણ મહિનાની શરુઆત સાથે મેઘરાજા ગુજરાત પર પ્રસન્ન થશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

ગુજરાતના હવામાનની ૭ દિવસની આગાહી કરવામાં આવી છે જેમાં વરસાદ યથાવત રહેવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે. આગામી ૫ દિવસ દરમિયાન ભારે વરસાદ રહેવાની શક્યતાઓ પણ કેટલાક ભાગો માટે વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના ડિરેક્ટર એકે દાસ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, ગુજરાત રિજન (સૌરાષ્ટ્ર કચ્છ સિવાયના ભાગ)માં ૫ દિવસ ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે, જેમાં ૨૭ અને ૨૮મી જુલાઈએ અતિભારે વરસાદની સંભાવનાઓ છે. આજના દિવસે એટલે કે ૨૫મી જુલાઈએ વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દમણ અને દાદરા નગર હવેલીમાં ભારે વરસાદની સંભાવનાઓ છે. ભારે પવન ફૂંકાવાની અને વીજળીના કડાકા-ભડાકા થવાની શક્યતાઓ પણ વ્યક્ત કરવામાં આવી છે. રાજ્યના માછીમારોને ૫ દિવસ દરિયો ન ખેડવાની સૂચના અપાઈ છે.

ગુજરાતના હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે, તેમાં ૨૬મી તારીખે દક્ષિણ ગુજરાત અને દક્ષિણ સૌરાષ્ટ્રમાં છૂટાછવાયા સ્થળો પર ભારે વરસાદની સંભાવનાઓ વ્યક્ત કરી છે. જેમાં પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દાદરા અને નગર હવેલી તથા અમરેલી અને ભાવનગરનો સમાવેશ થાય છે.

૨૭ અને ૨૮ જુલાઈ દરમિયાન રાજ્યના પૂર્વના ભાગોમાં છૂટાછવાયા સ્થળો પર ભારેથી અતિભારે વરસાદની સંભાવનાઓ વ્યક્ત કરાઈ છે. જેમાં ૨૭મી જુન માટે દાહોદ, છોટાઉદેપુર અને નર્મદા તથા ૨૮મી જુલાઈ માટે સાબરકાંઠા, અરવલ્લી અને મહીસાગર માટે ઓરેન્જ એલર્ટ આપ્યું છે. અમદાવાદ તથા આસપાસના ભાગોમાં હળવા વરસાદની શક્યતાઓ છે.

હાલ દેશમાં ચોમાસાની સ્થિતિ અંગે વાત કરીને એકે દાસે જણાવ્યું કે, એક વરસાદી સિસ્ટમ પશ્ચિમ બંગાળથી બંગાળની ખાડી તરફ બનેલી છે, જે આગામી સમયમાં પશ્ચિમ-ઉત્તર પશ્ચિમ તરફ ગતિ કરશે. આ સિવાય એક ટ્રફ લાઈન ઉત્તર-પૂર્વ અરબી સમુદ્રથી પસાર થઈ રહી છે જ્યારે ઉત્તર છત્તિસગઢ પર સાઈક્લોનિક સર્ક્યુલેશન છે. ઓફશોર ટ્રફ મહારાષ્ટ્ર અને કેરળની દરિયાઈ પટ્ટી પરથી પસાર થઈ રહ્યો છે.

હવામાન વિભાગે રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની સંભાવનાઓ સાથે માછીમારોને પણ ચેતવણી આપી છે. જેમાં એકે દાસે જણાવ્યું છે કે, આગામી ૫ દિવસ, ૨૫થી ૨૯ જુલાઈ સુધી દરિયો ન ખેડવાની ચેતવણી છે, આ દરમિયાન દરિયો તોફાની રહેશે, જે દરમિયાન પવનની ગતિ ૪૫-૫૦ કિલોમીટર પ્રતિકલાકની રહી શકે છે, આ સાથે ઝાટકાના પવનની ગતિ ૬૫ કિલોમીટર પ્રતિકલાક સુધી જઈ શકે છે.

### હર્ષ સંઘવીએ નાગરિકતા કરી એનાયત

# ૧૮૫ શરણાર્થીઓને ભારતીય નાગરિકતા આપવામાં આવી

## આત્મિય કોલેજ ઓડિટોરીયમ હોલમાં પાકિસ્તાનથી આવેલા નાગરિકોને ગૃહ રાજ્યમંત્રી દ્વારા નાગરિકતા આપી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

આજે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી રાજકોટના અલગ-અલગ કાર્યક્રમોમાં હાજરી આપી છે. ત્યારે હર્ષ સંઘવીએ પાકિસ્તાની હિન્દુ શરણાર્થીઓને ભારતીય નાગરિકતા આપી છે. આત્મિય કોલેજ ઓડિટોરીયમ હોલમાં પાકિસ્તાનથી આવેલા નાગરિકોને નાગરિકતા આપી છે. ૧૮૫ શરણાર્થીઓને ભારતીય નાગરિકતા આપવામાં આવી છે. હર્ષ સંઘવીએ શરણાર્થીઓને ભારતીય નાગરિકતા એનાયત કરી છે. રાજકોટ, કચ્છ અને મોરબીમાં રહેતા શરણાર્થીઓ હવે ભારતીય નાગરિક બન્યા છે. અનેક પરિવારો પોતાનો જીવ બચાવી ભારત આવ્યા છે.

પાકિસ્તાનમાં હિન્દુઓ પર અત્યાચાર થઈ રહ્યાં છે. માનવ અધિકારીની વાતો કરતા લોકોએ પાકિસ્તાનમાં જોવું જોઈએ છે. ઉલ્લેખનીય છે કે રાજકોટમાં ૧૮૫ પાકિસ્તાની હિન્દુ શરણાર્થીઓને ભારતીય નાગરિકતા આપવામાં આવી છે. ગુજરાતના મંત્રી હર્ષ સંઘવીએ આ શરણાર્થી પરિવારોને નાગરિકતા પ્રદાન કરી. આ શરણાર્થીઓ રાજકોટ, કચ્છ અને મોરબીમાં રહેતા હતા અને પાકિસ્તાનમાં ધાર્મિક અત્યાચારોનો ભોગ બન્યા બાદ ભારત આવ્યા હતા. હર્ષ સંઘવીના જણાવ્યા અનુસાર, આ પરિવારોએ પોતાના ઘર, કારોબાર અને મિલકતો છોડીને પોતાના જીવનનું રક્ષણ કરવા માટે ભારતમાં શરણ લીધું હતું. આ નિર્ણયથી આ શરણાર્થીઓને ભારતમાં નવા જીવનની શરૂઆત કરવાનો માર્ગ મળશે. આ ઘટના ગુજરાતમાં માનવતા અને શરણાર્થીઓ પ્રત્યે સહાનુભૂતિનું ઉત્તમ ઉદાહરણ છે.

## દારૂ પીવા પૈસા ન આપનારની હત્યા કરનાર બે ભાઇઓને આજીવન કેદ

। રાજપીપળા, તા.૨૫ ।

નર્મદા જિલ્લાની મુખ્ય સેશન કોર્ટમાં આજે એક મહત્વપૂર્ણ ચુકાદો આવ્યો છે. જેમાં દારૂ પીવા ૧૦૦ ન આપતાં જીવલેણ હુમલામાં એક વ્યક્તિનું મોત થતાં બે આરોપીઓને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે.કેસની વિગતો મુજબ, ૨૭જૂન, ૨૦૨૩ના રોજ સવારે ૧૦:૪૫ વાગ્યાની આસપાસ પ્રિતેશ અને અંકિત લક્ષ્મણ પારસિંગ વસાવાના ઘરે ગયા હતા. ત્યાં તેમણે પારસિંગ ટેડીયા વસાવા પાસે દારૂ પીવા માટે ૧૦૦ માંગ્યા હતા.

### અમદાવાદમાં સ્કૂલમાં ચોથા માળેથી ઝંપલાવી

# આપઘાતનો પ્રયાસ કરનાર વિદ્યાર્થિનીનું મોત, કારણ અકબંધ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

અમદાવાદના નવરંગ પુરામાં આવેલી સોમ-લલીત સ્કૂલમાં ગુરૂવારે ધોરણ ૧૦માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીએ ચોથા માળેથી કૂદીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જેમાં ગંભીર ઈજા થતા સારવાર માટે ખાનગી હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. પરંતુ શુક્રવારે સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું છે. નોંધનીય છે કે, વિદ્યાર્થિનીએ ક્યા કારણસર આ પગલુ ભર્યું? તે અંગે નવરંગપુરા પોલીસે તપાસ શરૂ કરી છે.મળતી માહિતી અનુસાર, નવરંગ પુરા સરદાર પટેલ સ્ટેડિયમ રોડ પાસે આવેલી સોમ-લલીત સ્કૂલમાં ધોરણ ૧૦માં અભ્યાસ કરતી ૧૫ વર્ષીય વિદ્યાર્થિનીએ ગુરૂવારે (૨૪મી જુલાઈ) બપોરે રિસેસે દરમિયાન સ્કૂલના ચોથા માળેથી અચાનક કૂદકો મારીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. વિદ્યાર્થિનીને માથાભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. જ્યાં તેને સારવાર માટે આઈસીયુમાં દાખલ કરવામાં આવી હતી. પરંતુ સારવાર દરમિયાન શુક્રવારે તેમનું મોત નીપજ્યું હતું. બીજી તરફ બનાવને પગલે સ્કૂલમાં દોડધામ મચી ગઈ હતી. સમગ્ર ઘટના અંગે નવરંગપુરા પોલીસને જાણ થતા પોલીસ ઈન્સ્પેક્ટર તેમજ અન્ય અધિકારીઓ સ્થળ પર પહોંચ્યા હતા અને પ્રાથમિક તપાસ શરૂ કરી હતી.

### ચકુડિયા મહાદેવમાં શ્રાવણ માસ મહોત્સવ નિમિતે

# અમદાવાદમાં ૨૬૬ વર્ષ જુનું મંદિરમાં શ્રાવણના છેલ્લા સોમવારે સાંજે બરફના મહાદેવના દર્શન ખુલ્લા મુકાશે

। અમદાવાદ, તા.૨૫ ।

અમદાવાદમાં રખિયાલના સુપ્રસિદ્ધ જાણીતા ભગવાન શંકરનું પૌરાણિક મંદિર આવેલું છે. જે મંદિર પહેલા ચોટિયા મહાદેવના નામથી પ્રચલિત હતું. હાલ તે ચકુડિયા મહાદેવ મંદિર તરીકે ઓળખાય છે. આ મંદિર આશરે ૨૬૬ વર્ષ જુનું છે. ચકુડિયા મહાદેવમાં શ્રાવણ માસ મહોત્સવ નિમિતે સવારના મહાઆરતી અને સવામણ દૂધનો અભિષેક અને સવાલાખ બીલીપત્ર ચઢાવવામાં આવશે. શ્રાવણ માસના છેલ્લા સોમવારે સાંજે ૪.૩૦ વાગે બરફના મહાદેવના દર્શન ખુલ્લા મુકવામાં આવશે. શ્રાવણ વદ અમાસના દિવસે લઘુરુદ્ર હવન થશે તથા શ્રાવણ વદ અમાસની રાત્રે ૧૨.૦૦ વાગે મહાપૂજા પ્રારંભ થશે અને સવારે ૪.૦૦ વાગે પુરી થશે આ સમય દરમ્યાન દાદાને સવામણ દૂધનો અભિષેક કરવામાં આવશે. શ્રાવણ માસના પર્વ નિમિતે દાદાના સાનિધ્યમાં ચાર સોમવાર, જન્માષ્ટમી, રક્ષાબંધન અને શ્રાવણ અમાસે મેળો ભરાશે. મહાદેવના પટાંગણમાં ભાવિક ભક્તોને દર્શનાથે મહાકાળી માતા, બળિયાદેવ, સાંઈનાથ બાબા, હનુમાનજી, પહાડેશ્વર દાદાના દર્શન થશે, રાધાકૃષ્ણ ભગવાન અને રામ દરબાર, કેવટ પ્રસંગ તેમજ બાર જ્યોતિલિંગ, ઋષિકેશ દાદાના દર્શન થશે. હરિભક્તોને શનિદેવના દર્શન થાય એ હેતુથી અમદાવાદના રખિયાલ વિસ્તારમાં જય ચકુડિયા મહાદેવમાં શનિદેવના દર્શન માટે શનિદેવની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવેલી છે. જય ચકુડિયા મહાદેવ દાળરોટી સદાવ્રત ટ્રસ્ટ તરફથી કોઈપણ જાતના ભેદભાવ વગર સાંધુ સંત તેમજ ગરીબોને દરરોજના સવાર સાંજ એક હજાર અભ્યાગતો ભોજન પીરસવામાં આવે છે. મહારાજશ્રી તેમજ તેમનો પરિવાર પ્રેમથી જમાડે છે. આ સંસ્થા ગૌશાળા પણ ચલાવે છે. તેમાં લગભગ ૧૫૦ ગાયોની સેવા થાય છે. આ સંસ્થા આકાશ વૃત્તિ ઉપર ચાલે છે. શ્રાવણ માસના પવિત્ર મહોત્સવમાં બળેવ (રક્ષાબંધન) ના દિવસે ઘી માંથી બનાવેલ શિવ પરિવારના દર્શન સવારથી ખુલ્લા મુકવામાં આવશે અને ગોકુલ અષ્ટમી (જન્માષ્ટમી) ના દિવસે કૃષ્ણ જન્મોત્સવ રાત્રે ૧૨.૦૦ વાગે ધામધૂમથી ઉજવવામાં આવશે.

